# સનાતની ક્રાંતિરત્ન



## સનાતન ધર્મના જીવંત જ્યોતિર્ધર
## શ્રી રતનશી ખીમજી ખેતાણીનું
## જીવન અને કાર્ય

પ્રકાશક
શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ
વિરાણી મોટી, નખત્રાણા-કચ્છ

સંકલન
CA પટેલ ચંદ્રકાન્ત કાંતિલાલ છાભૈયા
મુંબઇ

# સનાતની ક્રાંતિરત્ન



## સનાતન ધર્મના જીવંત જ્યોતિર્ધર
## શ્રી રતનશી ખીમજી ખેતાણીનું
## જીવન અને કાર્ય

પ્રકાશક
શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ
વિરાણી મોટી, નખત્રાણા-કચ્છ

સંકલન
CA પટેલ ચંદ્રકાન્ત કાંતિલાલ છાભૈયા
મુંબઇ

## TITLE VERSO


| | |
|---|---|
| **પુસ્તકનું નામ** | : સનાતન ક્રાંતિરત્ન |
| **સંકલન** | : CA પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા |
| **પ્રકાશન દિનાંક** | : 14-May-2023; વિક્રમ સંવત 2079 વૈશાખ વદ 10 રવિવાર |
| **આવૃત્તિ** | : પહેલી |
| **નકલ** | : 3000 |
| **ભાષા** | : ગુજરાતી |
| **પ્રકાશક** | : શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ |

| | |
|---|---|
| **Title** | : Sanatan Krantiratna |
| **Compiled by** | : CA Patel Chandrakant Kantilal Chhabhaiya |
| **Date of Publication** | : 14-May-2023; V.S. 2079 Vaisakh Vad 10 Sunday |
| **Edition** | : 1st |
| **No. of copies** | : 3000 |
| **Language of Book** | : Gujarati |
| **Paperback/hardback** | : Paperback |
| **Published by** | : Shri Virani Moti Kadva Patidar Sanatan Samaj |


**Short Description of Book:**

Biography of revolutionary Ratanshi Khimji Khetani. His life and works on how he successfully was able to convert the Kutch Kadva Patidar community to Sanatan Hindu Religion.


Copyright © 2023. All rights reserved. No part of this publication may be reproduced, distributed, or transmitted in any form or by any means, including photocopying, recording, or other electronic or mechanical methods, without the prior written permission of the publisher, except in the case of brief quotations embodied in critical reviews and certain other non-commercial uses permitted by copyright law.

**NOT FOR SALE FOR PRIVATE CIRCULATION AND MEMBERS USE ONLY**



સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ



## કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયા



# બ્રહ્મલીન સંત
# શ્રી ઓધવરામજી મહારાજ

# જ્ઞાતિ સુધારક સંતો અને વડીલો



સંત લાલરામજી



સંત દયાલરામજી



કેસરા પરમેશ્વરા



નારાયણજી રામજી લીંબાણી

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

દિનાંક: 22-Apr-2023 (અક્ષય તૃતીયા)

# સંદેશ

પૃથ્વી પર જન્મ ધારણ કરનાર પ્રત્યેક વ્યક્તિ કેટલાક લક્ષણો સાથે લઈને આવે છે. તેમાંથી કેટલીક વ્યક્તિઓ આ પૃથ્વી પરથી વિદાય લે ત્યારે આ લક્ષણોને લાક્ષણિકતામાં પલટાવી જાય છે. તેવી વ્યક્તિઓ ગયા પછી પણ તેમની લાક્ષણિકતાઓ સૌના સ્મૃતિ પટ પર અંકિત રહે છે. વ્યક્તિ લક્ષણ લઈને આવે પણ જે વ્યક્તિ લક્ષણને લાક્ષણિકતામાં પરિવર્તિત કરી જાય એ 'વ્યક્તિવિશેષ' કહેવાય. આપણી જ્ઞાતિના ધર્મ અને આધ્યાત્મિકતા પોતાનું સમગ્ર આયખું અર્પણ કરનાર મુઠ્ઠી ઊંચેરૂ વ્યક્તિ વિશેષ એટલે વિરાણીના વીરપુરુષ રતનશી ખીમજી ખેતાણી.

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જે માણસોએ પોતાનામાં રહેલી વિશિષ્ટ શક્તિને સેવાના મધ્યમથી સમાજના ચરણે ધરી સમાજ સંઘર્ષના સમયે પથદર્શક બન્યા છે તે જ આગળ જતા સમાજ માટે આદરણીય વ્યક્તિ બની શક્યા છે.

"સનાતન ક્રાંતિરત્ન" પુસ્તક એ તેમના સમાજ માટેના અર્પણ, તર્પણ અને સમર્પણના સંઘર્ષમય જિંદગીના પડકારોની જીવનકથાનું દર્પણ છે.

સનાતન સમાજના શિલ્પી શ્રી રતનશીબાપાએ ઓધવરામ મહારાજ પાસેથી પ્રેરણા તથા આશીર્વાદ મેળવી સમાજ સુધારણાના માટે તત્કાલીન ધાર્મિક માંગ પ્રમાણે ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને સ્વીકારી લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ કાર્યના અનેક અંતરાયોનો સામનો કરીને રતનશીબાપા ખેતાણી આધાર સ્તંભ બન્યા. જ્ઞાતિના ધર્મભ્રષ્ટ ગેઢેરાઓ સામે મોરચો માંડીને પડકારોની પરવાહ કર્યા વિના પોતાના ધ્યેયસિદ્ધિ તરફ આગળ વધતા રહ્યા.

અકેલે ચલે થે જાને કો મંઝિલ,
લોગ આતે રહે ઓર કારવા બન ગયા.

**SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ**
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
**શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ**
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
**Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049**
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org



જ્ઞાતિજનો અને તત્કાલીન જ્ઞાતિના આગેવાનોના વરવા અનુભવ પછી પણ નિરાશ થયા વગર મક્કમતાથી આગળ વધી સમાજમાં સનાતનની કેડી કંડારી એ માર્ગ પર આજે મોટાભાગનો સમાજ ગૌરવભેર ઉન્નત મસ્તકે ચાલી રહ્યો છે.. ..

આ પુસ્તકમાં એક મહાન સમાજભક્તના સારા માઠા અનુભવો અને અંતરની લાગણીઓ દર્શાવી છે. જેમણે જ્ઞાતિમાં સનાતન ધર્મના વિકાસમાં વિરાટ પ્રદાન કર્યું છે, જે આ પુસ્તક દ્વારા દીર્ઘકાળ સુધી જ્ઞાતિજનોના માનસપટ પર છવાયેલું રહેશે અને સનાતનની જ્ઞાતિને પ્રેરણા આપતું રહેશે તેવી અમને શ્રદ્ધા છે.



પ્રમુખ શ્રી
**અબજીભાઈ વિશ્રામ કાનાણી**



મહામંત્રી શ્રી
**પુરષોત્તમ રવજી ભગત**

શ્રી લક્ષ્મીનારાયણે નમઃ　　Trust Reg.No. A-1028 (Kutch)　　શ્રી ઉમિયાયે નમઃ

**Shree Virani Moti Kadva Patidar Sanatan Samaj**

**શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ**

મુ. પો. વિરાણી મોટી, તા. નખત્રાણા-કચ્છ., પીન : ૩૭૦૬૬૫

■ At. Po. Virani Moti, Ta. Nakhatrana-Kutch. 370665, Mo. 94284 70772 ■

# સંદેશ

વિરાણી મોટી ગામની ધરતી રસાળ છે, ફળદ્રુપ છે. એની માટીમાં સમાજ સેવાની સોડમ છે. આ ભૂમિએ આપણી સમાજમાં ધાર્મિક ક્ષેત્રે સનાતની જાગૃતિનો શંખનાદ ફૂંકાયો, ત્યારથી સમયાંતરે આજદિન સુધી શ્રેષ્ઠ સમાજસેવકોની હારમાળા કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના ચરણેધરી છે. અમારા નાનકડા ગામને સમગ્ર ભારત ભરના આપણા સામાજિક નકશા પર આ નરવીરોએ ઉજળું અને ઝળહળતું કર્યું છે.

સામાજિક વિકાસની સાથે આધ્યાત્મિક ક્ષેત્રે સમાજમાં ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણને પ્રસ્થાપિત કરી અને તેના પ્રચાર પ્રસાર માટે શ્રી રતનશી ખીમજી ખેતાણીનું શિરમોર મોખરાનું યોગદાન રહ્યું છે. આપણો સમગ્ર સમાજ, જાગૃતિના સમયે અસમંજસભરી પરિસ્થિતિમાં પસાર થઈ રહ્યો હતો ત્યારે રતનશીબાપાએ પૂજ્ય સંત ઓધવરામજી મહારાજ પાસેથી પ્રેરણા મેળવી જાગૃતીના પંથ તરફ પ્રસ્થાન કરતી જ્ઞાતિને આરાધ્યદેવની દિશાનિર્દેશ કર્યો અને જેને ચિંધેલા સનાતની માર્ગે આજે આપણો બૃહદ સમાજ નિર્ભય પણે ઉન્નત મસ્તકે ચાલી રહ્યો છે. તેનું ગૌરવ મારી સાથે સૌ મોટી વિરાણી ગ્રામજનોને પણ હોય તે સ્વાભાવિક છે.

પ્રસ્તુત પુસ્તકમાં રતનશીબાપાનું જીવન ઝરમર તથા સમાજમાં શુદ્ધ હિન્દુત્વના પુનઃસ્થાપના માટે કરેલ સમર્પણની સંઘર્ષ ગાથા આલેખવામાં આવી છે, જે નવી પેઢી અને જિજ્ઞાસુઓને નિરંતર પ્રેરણા અને માર્ગદર્શન આપતી રહેશે, તેવી ખાતરી છે.



લખમશીભાઈ વી. તેજાણી..

પ્રમુખશ્રી લખમશીભાઈ વિશ્રામભાઈ તેજાણી (દિવાણી)
દિનાંક: 22-Apr-2023 (અક્ષય તૃતીયા)

## શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી

# સંદેશ

નખત્રાણા તાલુકાના વિરાણી મોટી ગામના કડવા પાટીદાર સમાજનું સામાજિક વાઇબ્રેશન કંઈક વિશિષ્ટ પ્રકારનું છે. ગામના સૌ બાંધવોના રગરગના પ્રતિસ્પંદનોમાં સેવાના સંસ્કારો ઘુમી રહયા છે. આપણી જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે સુધારાની સંક્રાંતિની શરૂઆત થઈ ત્યારથીજ આ ગામે વીરરત્નો, સામાજિક સુધારકો અને સામાજિક સેવકોની અણમોલ ભેટ સમાજ સેવામાં સમર્પિત કરી છે. મારા વ્યક્તિગત જીવનમાં ઉત્તમ સામાજિક ભાવનાના સંસ્કરણનું શ્રેય વિરાણી મોટી ગામની માટીના સંસ્કારને ફાળે જાય છે. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ સેવક સુધીના મૂલ્યવાન પદ પર મને પ્રતિષ્ઠિત કરવામાં વતનના સમાજ સેવાના ઉત્કૃષ્ટ વારસાએ મને દિશા આપી બળ પૂરું પાડ્યું છે.

પ્રસ્તુત "સનાતની ક્રાંતિરત્ન" પુસ્તકમાં જ્ઞાતિના યુગપુરુષ, દીર્ઘદ્રષ્ટા સમાજમાં આધ્યાત્મિક ક્રાંતિના પ્રણેતા અને સનાતની ચેતનાના ધરોહર એવા વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીના સમાજના ઉત્કર્ષ માટે આજીવન સંઘર્ષોના ઇતિહાસની ઝાંખી રજૂ કરવામાં આવી છે. સામાજિક ક્ષેત્રે સંકુચિત અને ધર્મના ક્ષેત્રે સ્વધર્મથી વિમુખ થયેલી દિશાહીન સમાજને સાચી દિશા આપવા અને ધર્મભ્રષ્ટ આગેવાનોની ચુંગાલમાંથી જ્ઞાતિજનોને મુક્ત કરવા અસામાન્ય સંજોગોમાં અનેકવિધ પડકારોનો સામનો કરી સતત ઝઝુમ્યા છે. Murti puja is perfect science એ સમજણ દ્વારા સમાજમાં લક્ષ્મીનારાયણની ઉપાસનાની પ્રેરણા પૂ. સંત ઓધવરામજી મહારાજ પાસેથી મેળવી આપણા શ્રદ્ધા કેન્દ્રમાં ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પ્રસ્થાપિત કર્યા. તેમજ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની સ્થાપના પણ કરી. આજે સમાજનો બહોળો વર્ગ રતનશીબાપાએ આધ્યાત્મિક ક્ષેત્રે કંડારેલી કેડી પર નિર્ભય પણે ગૌરવભેર આગળ વધી રહ્યો છે. રતનશીબાપાએ નાનકડા ખોબા જેવા વિરાણી મોટી ગામને ભારતવર્ષના જ્ઞાતિજનોના હૃદય કમળમાં ઉજળું કર્યું છે, જેનું વિરાણી મોટી ગામના સેવક તરીકે મને ભારોભાર ગૌરવ હોય તે સ્વાભાવિક છે. સનાતની યોદ્ધા તરીકે અને ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણના પ્રસ્થાપક તરીકેના બહુમૂલ્ય યોગદાન માટે પૂ. રતનશીબાપાની સમગ્ર જ્ઞાતિ કાયમી ઋણી રહેશે.

સનાતની કર્મયોગીઓને આ પુસ્તક આત્મબળ પૂરું પાડશે અને સમાજ માટે પોતાનું શ્રેષ્ઠ સમર્પણ કરવા પ્રેરણા આપતું રહેશે, તેવો મને વિશ્વાસ છે.



રામજી કરમશી નાકરાણી

શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
પૂર્વ પ્રમુખશ્રી - અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પૂર્વ પ્રમુખશ્રી - વિરાણી મોટી કડવા પાટીદાર સમાજ

# પ્રસ્તાવના

ક્રાંતિકારીઓનો ઇતિહાસ લોકોને હંમેશા આકર્ષિત કરે છે. ક્રાંતિકારીઓની શોર્યતા, નીડરતા, સાહસ અને બલિદાનોએ લોકોમાં પ્રવર્તમાન વિચારધારામાં આમૂલ પરિવર્તન કરવાની પ્રેરણાની સાથે શ્રદ્ધા અને આત્મવિશ્વાસના ઈરાદાને બુલંદ કરે છે. પ્રસ્તુત પુસ્તકમાં આપણે આવા જ એક ક્રાંતિકારી કે જેમને પોતાના અંતરઆત્માના સત્યના અવાજને જાણી-પીછાણી નિર્ભયતાથી મક્કમતાપૂર્વક અનેકવિધ પડકારોનો સામનો કરીને પોતાના ઉન્નત વિચારો અને કાર્ય થકી શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક બાબતમાં થયેલ ચળવળના ઉપક્રમ 'વિશે જાણીશું.

આ પુસ્તકમાં રતનશી ખીમજી ખેતાણીના જીવન યાત્રાના પ્રારંભક કાળના પડકારરૂપ સંઘર્ષમય દિવસોથી લઈને પરમ પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજનું સાનિધ્ય અને સામાજિક કાર્યમાં મળેલ સહયોગની સાથે અંગત જીવનમાં મળેલ વિશેષ આશીર્વાદથી ધન્ય થયાની વાતો અને પ્રસંગો આપણે જાણીશું. જ્ઞાતિ સુધારણા માટે કરેલ પરિણામલક્ષી પરિશ્રમથી જ્ઞાતિજનો ધીરેધીરે કેવી રીતે સુધારણાના આ યજ્ઞકાર્યમાં જોડાતા ગયા, તેના વિશે પણ માહિતી મેળવીશું.

પોતાનું બાળપણ વિધર્મમાં નબળી આર્થિક પરિસ્થિતિમાં ગુજર્યું અને યુવાનીમાં કાળી મજૂરી કરી સનાતન ધર્મમાં જ્ઞાતિની પુન: ઘરવાપસી થાય તે માટે સતત ઝઝુંમતા રહ્યા. જ્ઞાતિમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો નિર્માણ થાય તે માટે પોતાની અંગત માલિકીની કીમતી સ્થાવર મિલકત વેચીને પણ સનાતની મોહિમને જરૂરી આર્થિક યોગદાન પૂરું પડ્યું.

કર્મવીર નારાયણજી રામજી લીંબાણી સાથે જ્ઞાતિ સુધારણા કાર્યમાં જોડાઈ એમને ઇસ્લામ ધર્મની એક શાખા ગણાતા પીરાણા સતપંથ ધર્મનું ઊંડું જ્ઞાન મેળવ્યું. જ્ઞાતિના સતપંથના ધર્મગુરુ સૈયદો, ખાનાના મુખીઓ અને પીરાણાના કાકાઓના યોજનાબદ્ધ અત્યાચારોની ઘટનાઓનું સભા સામે જ્યારે વર્ણન કરે ત્યારે હાજર દરેકના આંખમાં આંસુ આવી જતાં અને એમના હૃદય સતપંથ છોડવા માટે સંકલ્પબધ્ધ થઈ જતા.

જેમ-જેમ એમનો પ્રભાવ વધતો ગયો અને લોકો જોડતા ગયા એમ હવે સનતાનીઓનો વર્ગ મોટો થવા લાગ્યો. સતપંથથી જુદા પડેલા સનાતનીઓના પોતાના હિત રક્ષણ માટે અલગ સમાજ વ્યવસ્થા ઊભી કરીને જ્ઞાતિમાં કેન્દ્રીય સનાતની સમાજની સ્થાપના કરી. જેમાં કોઈ એક કહેવાતા ધર્મગુરુની બેરોકટોક સત્તાના બદલે લોકતાંત્રિક પદ્ધતિસર જન-ભાગીદારીવાળો ઉચ્ચ સમાજનો પાયો

નાખવામાં આવ્યો. જેનાથી ગેઢેરાઓની જુલ્મી સત્તાની કમર તૂટી, મુખીઓને ઘર ભેગા થવું પડ્યું અને કાકાને મોટે ભાગે તિલાંજલિ આપી દેવામાં આવી.

સનતાનીઓને જ્ઞાતિ બહાર કરવામાં આવ્યા, એમના સગપણો તોડવામાં આવ્યા, માવતરે મળવા ગયેલ બહેનોના ઈચ્છા વિરુદ્ધ જબરદસ્તી છૂટાછેડા કરવાના કાવતરાઓ ઘડવામાં આવ્યા. ગામ બહાર કરીને ગામના તળાવ કે કૂવાથી પાણી ભરવા ઉપર મનાઈ કરવામાં આવતી. ઘરમાં કોઈનો સ્વર્ગવાસ થયો હોય તો લાશ ઉપાડવા કોઈ આગળ ના આવે. આવ્યા અનેકો ત્રાસ આપવામાં આવ્યા. ભલભલેરા ચમરબંદીને પણ ઝૂલ્મીઓના શરણે ઝુકાવી દે એવા અત્યાચારો સામે ઝઝૂમવા લોકોને તૈયાર કરી દીધા અને વિધર્મને કોઈ કાળે મંજૂર નહીં કરવા લોકોને કટિબદ્ધ કરી દીધા, એ રતનશીભાઈના મોહિમના સફળતાનું સૂત્ર બન્યું.

એમના બતાવેલ રસ્તા પર આજે પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પૂરી મક્કમતાથી આગળ વધી રહી છે. એમનો વારસો એટલો જબરદસ્ત છે કે પીરાણા સતપંથ ધર્મના પ્રચારકો દ્વારા એડીચોટીનું જોર લગાડ્યા હોવા છતાં, આજે પણ લોકો સતપંથ છોડી સનાતન ધર્મમાં જોડતા જાય છે.

આ પુસ્તક એક ક્રાંતિકારીનું જીવનચરિત્ર પૂરતું નથી, પણ એ સાક્ષ્ય છે ઇતિહાસને આકાર આપનાર વિચારોમાં રહેલી અજબ શક્તિઓ અને વ્યક્તિઓમાં છૂપી ક્ષમતાઓનું. સનાતન ધર્મના નામે ચલાવનાર અધર્મ કે વિધર્મને સામે પડકાર આપવા લોકોને આહવાન કરતું આ પુસ્તક છે.

મહાન ક્રાંતિકારી વડીલ શ્રી રતનશીબાપાના જીવન અને કાર્યોથી લોકોને જરૂર પ્રેરણા મળશે. આ પુસ્તક, સનાતન ધર્મમાં ઘરવાપસીની લડાઈ અને મજબૂત તેમજ ચોખ્ખા સનાતન સમાજના નિર્માણ માટે હિંમત પૂરી પાડનારું અને આશાનું પ્રકાશસ્થંભ રૂપ બનશે, એમાં બે મત નથી.





CA પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
મુંબઈ
દિનાંક: 22-Apr-2023 (અક્ષય તૃતીયા)



રતનશી ખીમજી ખેતાણી



મેઘા મા



## રતનશી ખીમજી ખેતાણી અને પાર્વતી મા




ડાબેથી જમણે : ભક્તિ, દમયંતીબેન, હિંમતભાઈ, મિતાલી.



સુપુત્ર - કનુભાઈનો પરિવાર

ડાબેથી જમણે ઊભા: કનુભાઈ, હેમાંગ, પરમ, ચિંતન
ડાબેથી જમણે બેઠા : નંદિનીબેન, સિદ્ધિ, પહેલ, નમ્રતા, જતન



સુપુત્રી - હેમલતાબેનનો પરિવાર

ડાબેથી જમણે : જીજ્ઞેશ, કમલેશભાઈ, હેમલતાબેન, પ્રિયંક, મયૂર.



સુપુત્ર - ચંદ્રકાંતભાઈનો પરિવાર

ડાબેથી જમણે :ઊભા : રેણુકાબેન, હેતલ, વિધી, રિયા
બેઠા : ચંદ્રકાંતભાઈ

# અનુક્રમણીકા


| સોપાન | વિગત | પેજ નં |
|---|---|---|
| 1 | પહેલો પડાવ | 21 |
| 2 | વિરલ ભાર્યા ! | 25 |
| 3 | સમાજને સથવારે | 29 |
| 4 | કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અને તેના ઇસ્લામીકરણનો સંક્ષિપ્ત ઇતિહાસ | 31 |
| 5 | સુધારાનો બીજો યુગ ( નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી: જ્ઞાતિ-સુધારણાના ક્રાન્તદૃષ્ટા! ) | 36 |
| 6 | સમાજ ઉત્થાનના જ્યોતિર્ધરો નારાયણ બાપા અને રતનશીભાઈ | 48 |
| 7 | ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈ નવી દિશા, નવી શૈલી | 50 |
| 8 | નવો મારગ ! | 58 |
| 9 | સંઘર્ષના સાથીઓ | 62 |

| સોપાન | વિગત | પેજ નં |
|---|---|---|
| 10 | લક્ષ્મીનારાયણ મંદિરોની આલબેલ | 65 |
| 11 | એક ડગલું પીછેહઠ | 69 |
| 12 | સંઘર્ષના શૂરવીરો ! | 75 |
| 13 | કર્મના પૂજારી | 78 |
| 14 | પૂર્વજોએ કરેલી ભૂલો દૂર કરીએ ! | 80 |
| 15 | કેન્દ્રીય સમાજની કાર્યશૈલી | 83 |
| 16 | સમાજ શિલ્પીનું સર્વસ્વ સમર્પણ ... | 86 |
| 17 | વાંઢાયમાં ઉમિયા માતાજી મંદિરની પ્રતિષ્ઠા | 89 |
| 18 | હે સનાતનીઓ ! હવે તમે સિંહ થાઓ ! | 92 |
| 19 | ત્રણ ઠરાવો | 99 |
| 20 | સ્વયંસેવકદળના શ્રી ગણેશ... | 101 |
| 21 | નવી પેઢી માટે શિક્ષણ વિકાસની ગંગોત્રી | 103 |
| 22 | સનાતન સુધારક મંડળની સફળતાના સિદ્ધાંતો | 107 |
| 23 | પ્રબળ પુરુષાર્થનાં પરિણામો | 114 |
| 24 | શિરછત્ર ગયું... | 116 |
| 25 | એ રતનની ચમકથી આજેય અજવાળાં ફેલાય છે.... | 118 |

# સોપાન 1

# પહેલો પડાવ

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ!

કોને ખબર કેમ, પણ કચ્છની ધરતીનું આકર્ષણ અદ્ભુત, અનન્ય, સ્વાસ્થ્યપ્રદ અને દિવ્ય રહ્યું છે, એ દિવ્ય ધરતીનો સ્પર્શ કર્યા વિના અને એ ભીની વનરાઈઓની હવા શ્વાસમાં લીધા વિના તે દિવ્ય અનુભવની વાછંટ સમજી શકાય તેમ નથી.

બાળપણમાં આપણને જ્યારે જ્યારે કચ્છ વિશે ભણાવવામાં આવ્યું, ત્યારે એટલું જ સાંભળ્યું હતું કે આ ધરતી માત્ર અને માત્ર રણની સૂકી રેતી, ગરમ હવાઓ, થોરની વાડ અને ઊંટનાં પગલાંઓને સાચવતી ધરતી છે.

પરંતુ 2001માં આવેલા ભૂકંપે એ ધરતીને નજીકથી જોવાનો અવસર આપ્યો. એ ધરતીના ઐતિહાસિક પાત્રોની આગોશમાં બેસવા માટે તક આપી. અને સાથે જ એ ધરતીનાં લોકલાડીલાં સંતાનોની દિલાવરી, હિંમત, આત્મવિશ્વાસ, ખુમારી અને જિંદગીનો જંગ લડીને સફળતાનાં શિખરો સર કરવાની લલક નજરે જોઈ, ત્યારે એ પંક્તિનો અર્થ પૂરેપૂરો સમજાઈ ગયો કે કચ્છડો બારે માસ!

હા, એક સમય જરૂર એવો હતો, જ્યારે કચ્છની ધરતી વરસાદના એક એક બુંદ માટે તરસતી. અહીંની પ્રજા આંખે નેજવાં ભરીને કાળઝાળ સૂરજની ગરમીની પેલે પાર મંડાતી, અને એકાદ કાળી

વાદળીની આશામાં ને આશામાં કાળી મજૂરી કરીને રોટલા-મરચાંના સહારે જીવનયાપન કરતી હતી. આવી જ એક ખમીરવંતી, ઉત્સાહી, પરિશ્રમી અને જીવન પ્રત્યે આર્ષદૃષ્ટિ રાખનાર પ્રજા એટલે અહીંના કડવા પાટીદારો.

આજે જેમની વાત માંડવાની છે, તે ગામ નખત્રાણાથી માત્ર 4 કિલોમીટરના અંતરે વસેલું છે. એ શૂરવીરોનું ગામ એટલે વિરાણી, અથવા મોટી વિરાણી.

મોટી વિરાણી ગામ અત્યારે તો કુદરતની મહારાણીની ગોદમાં બેઠું હોય, તેવું સુંદર હરિયાળું અને રળિયામણું લાગે છે. પરંતુ 100 વર્ષ પહેલાંનો સમયગાળો એવો હતો કે અહીંથી મોટાભાગના પાટીદાર પરિવારો વતનની ધરતી છોડીને આર્થિક ઉપાર્જન માટે ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશના ખૂણે ખૂણે જઈને વસતા ગયા. આવું જ એક ખોરડું હતું પાટીદાર ખીમજી લખમશી ખેતાણીનું.

વિક્રમ સંવત્ 1944, સન 1888માં તેમના ખોરડે રતનશી નામે પુત્ર રત્નનો જન્મ થયો, ત્યારે સાધારણ પરિવારમાં થાય તેવો જ આનંદ વ્યાપી રહ્યો હતો. ગામડા ગામમાં ભણતરની સુવિધા અંગે તો વિચાર જ થાય તેમ જ ન હતું. બે ઓરડાની ધૂળી નિશાળમાં માસ્તર સોટી લઈને ભણાવવા બેસે, ત્યારે આસપાસ પહેલા ધોરણથી માંડીને પાંચમા ધોરણ સુધીનાં બાળકો 11 થી 18 વર્ષ સુધીના જોવા મળતા.

આવા સમયમાં ભણતરની વિદ્યા ચડે પણ કેવી રીતે? રતનશી પણ ધોરણ ત્રણ સુધી ભણી શક્યા. બીજા દોસ્ત-યારોની સાથે ગામની આસપાસના ખેતરોમાં ગાય-ભેંસ ચરાવ્યાં. બાને ઘરકામમાં નાની-મોટી મદદ પણ કરી. પરંતુ નિશાળનું વાતાવરણ જરા પણ સદે તેમ ન હતું. એમણે ભણતાં ભણતાં જ માત્ર દસ-બાર વર્ષની ઉંમરે વેલજી વંકા કોઠારી નામે લોહાણા વેપારીને ત્યાં મજૂર તરીકેની નોકરી સ્વીકારી લીધી!!

રમવા-ખેલવાની ઉંમરે, લાડ-પ્યાર અને પ્રોત્સાહન પામવાની ઉંમરે તેમણે પરિવાર સહારો બનવા માટે જાણે કમર કસી લીધી. કદાચ એ જ સમય હતો જ્યારે પાટીદારો વતનની ધરતીને અલવિદા કરીને નવી જિંદગીનો આરંભ કરવા ગુજરાત કે ગુજરાતના બહારના પ્રદેશોમાં પોતાનું ભાગ્ય અજમાવવા નીકળી રહ્યા હતા.

સન 1901 ની આસપાસ એટલે કે ૧૩ વર્ષની ઉંમરે રતનશીએ પણ મુંબઈ આવીને મજૂરી કામમાં ઝંપલાવી દીધું...

ક્યાં વતનના ગામની શાંત એકાંત શેરીઓ! ક્યાં વન-વગડામાં ઘૂમતા રહેવાની વિશાળતા ! અને ક્યાં અહીં મસ્જિદ બંદરની નજીક દાણાબંદરનાં ગીચ ગોડાઉનોની ગંદકી વચ્ચે રહીને દિવસ-રાત પરસેવા અને દુર્ગંધની વચ્ચે સંઘર્ષના કાદવમાંથી ખીલી રહેલું કમળપુષ્પ!

બસ, આ નાનકડા તરુણને એ એક જ લગન હતી કે બંને મોટા જોડીયા ભાઈઓ વેલજીભાઈ અને જીવરાજભાઈને અહીં બેઠા બેઠા થોડા ઘણા પૈસા મોકલી શકાય... મોટાં બહેન કેસરબહેનનાં લાડ-પ્યારનાં ઋણ કેમ કરીને ચૂકવવાં, એ જ હતી નાનકડા રતનશીના મનમાં રમતી સંકલ્પની ફુહારો !

પણ પગારના રૂપિયાય મહિને કેટલા મળતા? માત્ર રોકડા 11! એટલા પગારમાંથી વીસી વાળાને જ મહિને 10 રૂપિયા આપી દેવા પડતા. બાકી બચેલો એક રૂપિયો ઘરગથ્થુ ઉપયોગની ચીજોમાં વપરાઈ જતો.

પરંતુ હા, જલ્દીથી કમાઈ લેવા માટે આ કિશોરે અપ્રામાણિકતાનો માર્ગ ક્યારેય પસંદ નહોતો કર્યો. સતત અને સખ્ત પરિશ્રમ સાથે ઊંચી નીતિમત્તાના સંસ્કારો જાણે માતા-પિતાના ખોળેથી જ લઈને આવેલો આ તરુણ જોતજોતામાં શેઠિયાઓની આંખનું રતન બની ગયો!

એકવાર શેઠે બોલાવીને કહ્યું, 'રતનશી, દેશાવરનું કામ કરીશ?"

સોળેક વર્ષના રતનશીની આંખમાં ચમક આવી ગઈ. કશીક નવી જવાબદારીની વાત થઇ રહી છે, એટલું તો એને સમજાઈ ગયું. છતાં શાંતિથી પૂછ્યું, "કામ તો બધું કરીશ. મને વિગત સમજાવશો?"

"સાંભળ ભાઈ," શેઠે પ્રેમથી સમજાવ્યું, "આપણે દૂર દેશથી કાચો માલ (કરિયાણું અને મસાલા) મગાવીએ છીએ. તારે માલ તપાસવો, અને ખરીદી કરવા જેવો લાગે તો મોલભાવ નક્કી કરીને અમને જણાવી દેવું."

નાની ઉંમરે જ નિરીક્ષણ, અવલોકન અને નિર્ણયશક્તિના જોરે રતનશી માલની ગુણવત્તા પારખીને તેના મોલભાવ નક્કી કરે, તેવા સક્ષમ બની ચૂક્યા હતા. તેમણે વિનમ્રતાથી કહ્યું, "શેઠ, આપ જે સોંપો, તે કામ જરૂર પાર પાડીશ."

હસીને શેઠે કહ્યું, "અમને ભરોસો છે." અને તેમણે પગાર અંગે એક શબ્દ પણ પૂછ્યો નહીં! બસ, કામ એમનું ધ્યેય હતું. કર્મનિષ્ઠા પાછળ પ્રતિષ્ઠા અને સમૃદ્ધિની પરંપરા અવશ્ય ચાલતી આવે છે, તેવી કોઈ સમજ એ વખતે પણ એમના અંતરના ખૂણામાં ખીલી રહી હતી કે શું?

કેટલોય માલ ગુણવત્તા વગરનો આવતો, ત્યારે કાચો માલ મોકલનાર શેઠિયાઓ રતનશીને લાલચ આપીને 'પાસ' કરી દેવા માટે પણ વિનવતા. પરંતુ અનાજ-કરિયાણાના એ માલમાં જરા પણ ઓછી ગુણવત્તા રતનશીને મંજૂર ન હતી. થોડા જ સમયમાં આ ઈમાનદારી બજારમાં ચર્ચાનો વિષય બની ગયો. યુવા અવસ્થામાં હજુ તો હમણાં જ કદમ માંડનાર રતનશી પર તેના શેઠિયાઓ વારી ગયા. પગાર સાથે ટ્રાવેલિંગ એલાઉન્સ વધારીને એમણે રતનશીની ઘણી ચિંતા દૂર કરી હતી. હવે તેમણે ઘાટકોપરની લીમડાવાળી ચાલમાં રહેવાની શરૂઆત કરી... હાલ ઘાટકોપર (પૂર્વ) રેલવે સ્ટેશન સામે નીલયોગ સિનેમા છે, તે સ્થળે જ આ લીમડાવાળી ચાલ આવેલ હતી.

અને અચાનક એમણે એક દિવસ ઊઠતાંની સાથે જ નિર્ણય લીધો: આજથી નોકરી બંધ! એ સમયે એમની ઉંમર હતી માત્ર 21 વર્ષ! એમણે નોકરીને એ જ પળે અલવિદા કરી વિભિન્ન વ્યવસાયોમાં પોતાનો પરિશ્રમ રેડવાનો શરૂ કરી દીધો...સાથે સાથે ગુણવત્તા સભર મોટાં મોટાં બિલ્ડીંગ બાંધનાર મોટા ગજાના કોન્ટ્રાક્ટર તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરવા માંડી. ઘાટકોપર, ચેમ્બુર અને અન્ય વિસ્તારોમાં ઘણાં બિલ્ડીંગોનાં કામ કરીને સારો એવો નફો મેળવતા. આમ પોતાનું આર્થિક પાસું એમણે ઘણું મજબૂત કરી લીધું.

# સોપાન 2

# વિરલ ભાર્યા !

એ દરમિયાન ઘટના બની મેઘા મા સાથેનાં તેમનાં લગ્નની...

દંપતીએ સતત અને સખત પરિશ્રમની એ શૃંખલા શરૂ કરી, જેમાં રતનશીભાઈ ઘાટકોપરની ચાલવાળી ખોલીમાંથી (ઓરડીમાંથી) થોડે દૂર આવીને વખાર જેવી નાનકડી દુકાનમાં બેસતા, અને સવારથી સાંજ સુધી કોલસાનો વેપાર કરતા રહેતા.

ધંધાની બરકત માપે આવી, ત્યાં તો તેમણે લાકડાંના ખરીદ-વેચાણ સાથેના અંબિકા સો મિલના વ્યવસાયમાં નસીબ અજમાવ્યું. થોડા સમય પછી તેમાં હાર્ડવેર, પેઈન્ટ અને અન્ય સાધનો સાથેનો વ્યવસાય સફળતાપૂર્વક ચલાવવાનું શરૂ કરી દીધું તેમજ સાથે સાથે બિલ્ડીંગ બાંધનાર કોન્ટ્રાકટર તરીકે પણ ખ્યાતી મેળવી. ઘાટકોપર, ચેમ્બુર અને અન્ય વિસ્તારોમાં અનેક બિલ્ડીંગોનાં કામો કરીને એમને સારો નફો મેળવી આર્થિક પાસું પણ મજબૂત કર્યું હતું .

સન 1925 આવતાં એમને એક તરફ ધીરે ધીરે લક્ષ્મીજીની કૃપા વરસવા માંડી, તો બીજી તરફ એ ચિંતા મન-હૃદયને સતત કોરી રહી હતી, અને તે હતી, પરિવારને ઉજાળનાર કુલદીપકની...

વાત એમ હતી કે મેઘા મા કોટડા ગામથી પોતાનો છાભૈયા પરિવાર છોડીને રતનશીભાઈની ભક્તિમતી ભાર્યા બનીને તો આવ્યાં હતાં, પરંતુ સ્વાસ્થ્ય સુવિધાના અભાવે કહો, કે પછી કુદરતની બલિહારી કહો, તેઓના એક પછી એક નવ સંતાનો પ્રભુને પ્યારા થઈ ગયાં...

રતનશીભાઈ અને મેઘામાનો ખોળો ખાલી અને ખાલી રહ્યો. હવે તો રતનશીભાઈએ પણ એ બાબતે મન વાળી જ લીધું હતું, કે ઈશ્વરની જેવી ઈચ્છા! હવે પછીની જિંદગી પરિવાર જ નહીં, પૂરા સમાજની સેવામાં વિતાવી દેવી! પરંતુ મેઘામાને વારસદાર વિનાનો પરિવાર બહુ ખટકતો.

એ બહાદુર અને દૂરંદેશી મા નું મન માત્ર વિચારે જ નહીં, પરંતુ આયોજનની ઊંચાઈ ઉપર પણ વિહરવા લાગતું. એકવાર તેમણે રતનશીભાઈને કહ્યું: "સાંભળ્યું? આપણા ઘરમાં બાળકની કિલકારી તો ગુંજવી જોઈએ. શું કહો છો તમે?"

વેદનાભર્યા વિસ્મયથી રતનશીભાઈ પોતાની નિર્દોષ પત્નીને તાકી રહ્યા. ધીરેથી કહ્યું, "મેં તો બધું ઈશ્વરના હાથમાં મૂકી દીધું છે. જેમણે નવ નવ વાર શેર શેર માટી આપીને પાછી બોલાવી લીધી, તેમને આપણા ઘરે બાલગોપાલ ખેલે તેવી ઈચ્છા નહીં જ હોય ને...!"

મેઘામાની આંખોમાં જાણે ઝાંકળ બાઝ્યાં. ભરાયેલા સ્વરે એમણે એક ડગલું નજીક આવીને કહ્યું, "એમ કેમ માની લીધું? મારી ઈચ્છા છે કે ખોળાનો ખૂંદનાર તો લાવવો જ!"

"પણ....એ કેવી રીતે? આપણે ત્યાં કોઈ જીવતું જ ..."

"એ વાત છોડો. મને એક બીજો જ વિચાર આવે છે..."

"એ કયો?"

"પણ તમે ના નહીં કહો....બોલો, વચન દ્યો..."

"અરે, પણ જાણ્યા વિના?"

"મારા પર ભરોસો રાખો. ને હા કહો.."

"ઠીક છે કહો..."

અને મેઘામાની આંખોમાંથી જગત્ જનનીનું તેજ ખરવા લાગ્યું. પૂરા દૃઢ સ્વરે એમણે કહ્યું: 'તમે વંશવેલા માટે બીજું ઘર માંડો, બસ, બીજું કાઈ માંગતી નથી..."

રતનશીભાઈ આઘાત અને આશ્ચર્યથી જાણે બેસૂધ થઇ ગયા: "આ શું બોલે છે? તને ખબર છે? આખો સમાજ આપણને ફટ કહેશે, ગાંડી..."

"એ હું કાંઈ ન જાણું..."

રતનશીભાઈએ પૂરી મક્કમતા સાથે કહી દીધું કે "મારે કોઈપણ ભોગે બીજું ઘર માંડવું નથી. હું ઈશ્વરની ઈચ્છામાં ખુશ છું, અને સમાજની સેવા માટે સમર્પિત છું." પછી તો મેઘા માએ પણ ગાંઠ વાળી લીધી. અને આખરે સન ૧૯૪૭-૪૮ના એ સમયગાળામાં એમણે સંત શ્રી ઓધવરામજી મહારાજને આ વાત કરી. એમની સમજાવટથી અને મહિનાઓના પ્રયાસને અંતે રતનશીભાઈ સંમત થયા, અને બીજાં લગ્નમાં જેઓ એમનાં જીવનસંગિની બન્યાં, એ કન્યાનું પુનિત નામ હતું, પાર્વતી...

આ એ સમય હતો જ્યારે રતનશીભાઈની પ્રગતિ જોઈ ન શકતા લોકોએ અદેખાઈને મૂળ મંત્ર બનાવ્યો હતો, અને વિરોધને પોતાની મુખ્ય પ્રવૃત્તિ બનાવી દીધી હતી. તેમણે તેમના આખા પરિવારને ધમકીઓ આપવાની શરૂઆત કરી દીધી.

વિરોધીઓ અંદર અંદર તો એવા શબ્દો પણ બોલતા કે "એક પત્ની છે, ને બીજી કરી, તો આની પર કેસ કરીને જરૂર જેલ ભેગો કરવો છે!"

બજારમાંથી ઊડતી ઊડતી આ વાત રતનશીભાઈના કાને આવી, અને એમની ઊંઘ ઊડી ગઈ. મેઘા માને એકાંતમાં બોલાવીને તેમણે કહ્યું, "તને કાંઈ ખ્યાલ છે? આપણા વિશેની શું વાતો થાય છે?"

મેઘા માને આ બાબતે ખરેખર કોઈ અણસાર ન હતો. તેમણે કહ્યું પણ ખરું કે "હું છેલ્લા 15 દિવસથી જોતી આવું છું, કે તમે ઉદાસ રહ્યા કરો છો... મને ફોડ પાડીને કહો, કારણ શું છે?"

રતનશીભાઈએ ધીરેથી જણાવ્યું: "સાંભળ, મને ફરીથી પરણાવવાનો તારો જ આગ્રહ હતો ને, પણ મને લાગે છે કે વિરોધીઓ કોઈકને કોઈક પેંતરા જરૂર કરશે, ને મને જરૂર જેલ કરાવશે..."

મેઘા મા આ સાંભળી નિ:શબ્દ થઈ ગયાં. લોકોની આ કેવી હીન માનસિકતા, કે બીજાના પરિવારમાં દખલ કરતા રહેવું, અને તે પણ આ હદે! તેઓ એ જ પળે ઘરમંદિરમાં પહોંચ્યાં. માથે ઓઢીને મા ઉમિયાને હાથ જોડ્યા: "મા, અત્યારે મને તારી જ સહાયની જરૂર છે.. મને હવે જે રસ્તો સૂઝે છે, તે માર્ગે ચાલવાની મને હિંમત આપજે, બસ..."

રતનશીભાઈ પણ સમજી શકતા ન હતા કે પત્નીનાં મનમાં શું ચાલે છે. તેમણે પોતાના કામમાં મન પરોવ્યું, અને આ તરફ મેઘામાએ જાતે જ અદાલતના એક લહિયાને (writerને) પોતાની પાસે બોલાવી લીધો ! પોતાને તો લખતા આવડતું નહીં, તેથી બોલતા ગયા, કે "હું કહું તેમ લખતો જા."

માની સાથે સાથે કોર્ટના લહિયાની આંખો પણ ભીંજાઈ રહી હતી. અને મેઘા મા પૂરી દૃઢતા સાથે લખાવી રહ્યા હતા કે “આથી હું મેઘબાઈ રતનશી ખેતાણી, આજથી જાહેર કરું છું, કે મેં મારા પોતાના કારણસર મારા ધણી સાથે કાયદેસર રીતે ફારગતી લઈ લીધી છે...”

કાગળ હાથમાં લઈ એમણે કહ્યું, “જા,લઈ જા. એમની સહી કરાવતો આવજે.”

અને કોર્ટનો એ કારકુન રતનશીભાઈ પાસે સહી કરાવવા અને અંગૂઠાની છાપ માટે પહોંચ્યો, ત્યારે કાગળ વાંચતાં એમના પગ નીચેથી જાણે ધરતી સરકી ગઈ.. તેમની આંખો આશ્ચર્યથી ફાટી રહી. પરિવારનો વંશ રાખવા માટેનું મેઘા માનું આ તે કેવું અપ્રતિમ સમર્પણ!

રતનશીભાઈની સાથે સાથે મા પાર્વતીબાની આંખો પણ કૃતજ્ઞતાની ધારાઓ વરસાવવા લાગી.. આત્મીય પરિવારજનો વિચારી રહ્યા આ તે કેવી મહાનતા! આખો વિરોધી બેડો એક જ ચોટમાં અસહાય કરી મૂક્યો, મેઘામાના આ સાહસભર્યા નિર્ણયે!

હા, મેઘા મા એ જ ઘરમાં સાથે રહેતાં. પોતાનાથી નાની ઉંમરના પાર્વતી બાને પરિવાર ચલાવવાની તાલીમ આપતાં. એ સમયગાળામાં કચ્છ કડવા પાટીદાર સમાજના ગુરુપદે રહેલા સ્થાન શોભાવી રહ્યા હતા: ઓધવરામજી મહારાજ. પર્વતીમાં ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ દેશલપર (વાંઢાયની) શાળામાં બે ચોપડી અભ્યાસ પૂર્ણ કરેલ, તેથી તેઓ વાંચી અને લખી શકતા.

મેઘા માના સમર્પણની આ ગાથા જાણીને ઓધવરામજી મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું હતું કે ભગવાનના આશીર્વાદથી તમારો ખોળો જરૂર ભરાશે. અને ઈશ્વરની ઈચ્છાથી ખોળાના ખૂંદનારાઓ જરૂર આવી મળશે...

બસ, સમય પસાર થવા લાગ્યો અને પાર્વતી માના ખોળે હિંમતભાઈ, કનુભાઈ અને ચંદ્રકાંતભાઈ આમ ત્રણ ત્રણ દીકરાઓ અને એક પુત્રી હેમલતાનો જન્મ થઈ ગયો.

પરિવારમાં જાણે ખુશીના ઓઘ વળ્યા. પાર્વતી માને પ્રથમ સંતાન હિંમતના જન્મ સાથે જ જાણે મન-હૃદયમાં નિરાંત વળી ગઈ. બે વર્ષ પછી બીજા પુત્ર કનુભાઈનો જન્મ થયો. પરંતુ અચાનક સને 1956માં મેઘામાનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું. તપાસ કરાવતાં ખ્યાલ આવ્યો કે કમળો તો થયો જ હતો, પરંતુ હવે કમળી થઈ હોવાથી સારવાર પછી પણ કોઈ આશા રહી ન હતી. બીજા ધોરણમાં ભણતા હિંમતને માથે હાથ મૂકીને આશીર્વાદ આપતાં આપતાં તેમણે પરમ તૃપ્તિ સાથે પરમાત્માના ચરણોમાં રહેવા ચિર પ્રસ્થાન કરી લીધું.

આજે પણ પરિવારજનો મેઘા માના આ સમર્પણની દાસ્તાન સાંભળીને મન-હૃદય સાથે આંસુ છલકાવી તેમનાં ચરણોમાં નતમસ્તક બને છે...

# સોપાન 3

# સમાજને સથવારે

નારાયણ રામજી લીંબાણી! કચ્છ કડવા પાટીદાર સમાજમાં આ નામથી કોણ અજાણ્યું હશે? મુંબઈમાં તેમણે કચ્છ છોડીને સને 1902માં નોકરી-ધંધાના ક્ષેત્રમાં પગરણ (step-in) માંડ્યાં, ને તેના આગલા વર્ષે જ સન 1901માં રતનશીભાઈનો મુંબઈમાં પ્રવેશ થઈ ચૂક્યો હતો. બસ, જ્ઞાતિબંધુના સંબંધથી, નોકરી-વ્યવસાયના કાર્યથી, સમાજ માટે કશુંક કરવાની એમની આંતરિક ઝંખનાથી આ બંને યુવાનો ધીરે-ધીરે મિત્રતાનાં તાંતણે બંધાતા ગયા.

નારાયણભાઈએ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાયના કોન્ટ્રાક્ટર તરીકે ઊંચી શાન પ્રાપ્ત કરી હતી, તેમના પગલે પગલે રતનશીભાઈએ પણ સો મિલની સાથે સાથે કન્સ્ટ્રક્શનના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું જ. .

ઘાટકોપરની કાચાં મકાનો વાળી લાંબી ચાલ 'લીમડાવાળી ચાલ' તરીકે પ્રસિદ્ધ હતી. પરિવાર પ્રત્યેનું કર્તવ્ય નિભાવતાં નિભાવતાં રતનશીભાઈએ ઘાટકોપર અને ચેમ્બુરમાં સુંદર અને પાકાં મકાનો બાંધવાના કોન્ટ્રાક્ટ લેવાનું શરૂ કર્યું. આજે પણ ચેમ્બુરમાં ઊભેલી ક્રિશ્ચન કોલોનીના 50% મકાન એ વાતની સાક્ષી પૂરી રહ્યાં છે, કે અમારું નિર્માણ કરનાર ઈમાનદાર કોન્ટ્રાકટર હતા: રતનશી મિસ્ત્રી! વ્યવસાયના ક્ષેત્રમાં હવે તેઓની એટલી સ્થિરતા આવી ચૂકી હતી, કે તેઓ ગણમાન્ય કોન્ટ્રાક્ટર તરીકે સન્માનિત પદ શોભાવી રહ્યા હતા.

મજબૂત બાંધો અને અડગ મનોબળથી ચમકતી એમની આંખો, વળી કપડાના શોખીન રતનશીભાઈ ક્યારેક બ્રિચિસ સાથે ગોળ હેટ પહેરતા, ત્યારે અંગ્રેજ અમલદાર જેવો તેમનો કડપ અલગ પ્રભાવ ઊભો કરતો. બીજી બાજુ નારાયણભાઈ લીંબાણી સાથેનો સહવાસ તેમને “સતપંથના અંધારા ઉલેચવા માટે કટિબદ્ધ થવા” આહ્વાન આપતો.

નારાયણભાઈની સંગત સાથે તેમની પોતાની પણ ગ્રંથ-અધ્યયન તથા અધ્યાત્મના અધ્યયનની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ એટલી તીવ્ર હતી કે તેમણે ‘કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ’ના અનેક પરિવારોને સનાતનધર્મના માર્ગે લઈ જવા માટે ધીમું પણ નક્કર અભિયાન હાથ ધરવાનો નિર્ધાર કરી લીધો હતો.. નારાયણભાઈની સાથે થતી ચર્ચાઓ અને ધર્મ અંગેની મંત્રણાઓએ અજાણતામાં જ તેમના હૃદયમાં જાણે એક વિશાળ સંગઠનનો પાયો નાખ્યો.

આ દરમિયાન રતનશીભાઈએ યુવાવર્ગને આ મહાન કાર્યમાં જોડીને ક્યાં, કેવી રીતે, કયા પ્રકારની જાગૃતિ લાવવી તેનું આયોજન સફળતાપૂર્વક કરવા માંડ્યું.

અહીં આપણે એ પણ જાણી લઈએ કે નારાયણભાઈ અને રતનશીભાઈ જેવા પ્રતિભાશાળી યુવાનોને“કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ”માં એવી કઈ ખામી લાગી કે એમણે ધર્મ અને અધ્યાત્મ ક્ષેત્ર અંગે જ્ઞાતિમાં જાગૃતિ લાવવા એક પ્રભાવક અભિયાન છેડવાનો નિર્ણય કરી લીધો?

આવો, તેનો ઉત્તર જાણવા જ્ઞાતિનો મહત્ત્વપૂર્ણ ઇતિહાસ ટૂંકમાં જોઈ લઈએ...

# સોપાન 4

# કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અને તેના ઇસ્લામીકરણનો સંક્ષિપ્ત ઇતિહાસ

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈસ્લામી કરણના ઇતિહાસમાં પ્રવેશીએ તે પહેલાં ટૂંકમાં એ જોઈ લઈએ કે પાટીદારોનો પ્રાચીન ઇતિહાસ શું કહે છે?

બ્રહ્માજીના દસ પુત્રોમાં એક ઋષિ થઈ ગયા: મરીચિ. તેમના પુત્ર કશ્યપથી તમામ પ્રજા ઉત્પન્ન થઈ. જેમાં કુર્મ અને કશ્યપ એક જ શક્તિ અને વ્યક્તિ ગણાય છે.

કૂર્મીની વ્યાખ્યા કરતાં વેદોના વિખ્યાત ભાષ્યકાર સાયણે કહ્યું હતું કે કૂર્મીનો અર્થ છે: પરમ વીર પુરુષ, જે યુદ્ધમાં દુર્લભથીયે દુર્લભ કુશળતા દર્શાવી શકે.

સંસ્કૃતમાં આ શબ્દ “કુમ્બ” તરીકે પણ જોવા મળે છે. ડો. જ્હોન વિલિયમ કુંબ, કુરમી, કુનબી, કણબી વગેરેને એક જ મૂળમાંથી ઉત્પન્ન થયેલા શબ્દો માને છે. અને તેને આધારિત પ્રજા કૃષિ સાથે જોડાયેલી હોવાનાં અનેક ઉદાહરણો મહાભારતકાલીન ઇતિહાસથી માંડી ભારતના વિભિન્ન રાજ્યોના જુદા જુદા ઇતિહાસકારોના ગ્રંથોમાં જોવા મળે છે.

કૂર્મ પુરાણમાં ઉલ્લેખ થયા મુજબ પ્રાચીન કૂર્મીઓ શિવપૂજકો હતા. મા ઉમા અને શિવભક્ત હોવાથી તેઓ મા ઉમિયાને કુળદેવી તરીકે સ્વીકારીને ભક્તિ-ભાવપૂર્વક તેમનું પૂજન કરતા. આજે પણ આ આરાધના પરંપરાગત રીતે જોવા મળે છે.

ભારતમાં પંજાબ અને તે પછી ગુજરાત, કૂર્મી જમીનદારોનો મોટો પ્રદેશ હોવાનાં પ્રમાણો પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસમાં જોવા મળે છે. મોટાભાગે કૂર્મીઓ જમીનદાર, જાગીરદાર, તાલુકાદાર, અમીન, મુખી વગેરે વિશેષણ ધારણ કરતા હતા.

જેમને સન્ 1906માં આયોજિત થયેલા કૂર્મી જ્ઞાતિના વિશાળ સંમેલનમાં અનેક સંશોધનો રજૂ કરીને ક્ષત્રિય તરીકે પ્રસ્થાપિત થવાનો નિર્ણય જાહેર થયો હતો. તત્કાલીન શંકરાચાર્યજી દ્વારા વાંસવાડામાં 50થી વધુ પંડિતોની ઉપસ્થિતિમાં કૂર્મી ક્ષત્રિય એટલે કે કડવા પાટીદારોને યજ્ઞોપવીત સંસ્કાર કરીને આ જાહેરાત કરવામાં આવી હતી કે કૂર્મીઓ, મૂલત: ક્ષત્રિય જ છે.

મુસ્લિમ શાસકોના સમયમાં આ કૂર્મીઓને પટ્ટા પર ખેતી કરવા માટે જમીન ફાળવવામાં આવી. મહંમદ બેગડાએ “વાંટા” પદ્ધતિ દાખલ કરી. જમીનના આ નવા માલિકોને પટ્ટેદાર કહેવાતા. તેમાંથી પાટીદાર શબ્દ પ્રચલિત થવા લાગ્યો.

ઈ.સ. પૂર્વે 600 થી સન 200 સુધીમાં કૂર્મીઓ પંજાબ છોડીને સમગ્ર ભારતમાં ફેલાતા ગયા. જેમાં ઈ.સ. પૂર્વે 300ના અરસામાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયે પંજાબમાંથી કૂર્મી ક્ષત્રિયોના ખૂબ મોટા સમૂહ ગુજરાતમાં પ્રવેશ્યા હોય, તેવું અનુમાન છે.

ડૉ. મંગુભાઈ પટેલે કૂર્મીઓ એટલે કે કચ્છી પાટીદારો માટે જે નિરીક્ષણ નોંધ્યું છે, તે સચોટ અને ગૌરવપ્રેરક છે. તેમણે લખ્યું કે “કચ્છ કડવા પાટીદારો પોતાની ભાતીગળ સંસ્કૃતિને કારણે અનેક સદગુણોથી અલંકૃત છે. એમનું હૃદય સાગર જેવું ગંભીર અને વિશાળ છે. અંતઃકરણ ઉદાર અને નિર્મળ છે. મન શુદ્ધ અને સરળ છે. તેમનામાં વટ અને વિવેક છે. જીવન રસિક અને સંસ્કારી છે. સ્વભાવે સ્વતંત્ર અને અભિમાની છે. તેનામાં વીરતા અને સ્થિરતા છે. તે નીડર અને સાહસિક છે. તેનું શરીર પહાડ જેવું છે, એમાં સિંહનું બળ છે, અને એ બળનો ઉપયોગ હંમેશાં સમાજની સુરક્ષા કરવામાં જ કરે છે.”

ગુજરાતમાં ઊંઝા, મહેસાણા વગેરે પ્રદેશોમાં રહેતા જ્ઞાતિના તત્કાલીન વડવાઓને ખ્યાલ આવ્યો કે અમારામાંથી અનેક પરિવારો ઇમામશાના પ્રભાવ હેઠળ “સતપંથ” સ્વીકારી મુસલમાન થયા છે, ત્યારે તેમણે સનાતન ધર્મ અપનાવવા માટે હાલના કચ્છ કડવા પાટીદારોના પૂર્વજોને ખૂબ જ સમજાવ્યા હતા. પરંતુ તેમણે “સતપંથ” કોઈપણ ભોગે ન છોડવાનું વલણ અપનાવ્યું હતું, આથી જ ઊંઝા વગેરે તરફ રહેતા તત્કાલીન વડવાઓએ તેમને નાત બહાર અને ગામ બહાર કર્યા. માત્ર ખેતીકામ જાણતા એ લોકોને હવે ક્યાં જવું તેની દિશા સૂઝતી ન હતી. તેમણે ઇમામશાને જણાવ્યું કે અમારી આ તકલીફ છે. સતપંથને અપનાવ્યા પછી અમારો બહિષ્કાર થયો છે. ઇમામશાને તે

સમયે કચ્છના રાજા સાથે સારા વ્યવહાર હતા, અને રાજાને પણ કચ્છની વિશાળ ધરતી પર ખેતી કરે તેવી પ્રજાની જરૂર હતી. તેથી કચ્છના રાજાએ "સતપંથી" હોવા છતાં તત્કાલીન કડવા પાટીદારોના પૂર્વજોને અનેક ગામોમાં વસવાટ આપ્યો, અને ખેતીની જમીન પણ આપી. આમ સતપંથી કડવા પાટીદારો ધીરે ધીરે કચ્છમાં આવીને વસતા ગયા. જેમાં કચ્છમાં માનકૂવા, વિરાણી, અંગિયા, શિકરા, કોટડા, નખત્રાણા, નેત્રા, વિથોણ, કરબોઈ, મથલ, ઘડાણી, ખોંભડી, દરશડી વગેરે સ્થળોએ આવતા ગયા, અને ગામ વસાવતા ગયા અથવા જે ગામ વસ્યાં હતાં તે ગામોનો વિસ્તાર કરતા ગયા.

સદીઓ સુધી આ કૂર્મીઓની એટલે કે પાટીદારોની આધ્યાત્મિક-ધાર્મિક માન્યતા, મા ઉમિયાની ભક્તિ અને આરાધના સાથે જ વણાયેલી હતી. એ સમયે આશરે સને 1449માં હેતુપૂર્વક પાટીદારો તથા અન્ય હિન્દુઓનું ધર્મ પરિવર્તન કરવાની જ મહત્ત્વાકાંક્ષા સાથે ચૌદમી સદીમાં ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈયદનાં પૂર્વજો ઈરાનથી ભારત આવ્યા હતા. થોડા જ સમયમાં એ ઇસ્લામના પ્રચારકોએ સ્થાનિક અને સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું. સનાતન ધર્મની રચના અનુસાર નકલી સાહિત્ય તૈયાર કરવા માંડ્યું. ઇમામુદ્દીન અબ્દુર રહીમ સૈયદ ઉચ, પાકિસ્તાનમાં જન્મ્યો. તેના પિતા પીર કબીરુદ્દીન હતા, અને દાદા પીર સદ્દ્દીન (સદરુદીન) હતા. ગુજરાત આવીને અમદાવાદ પાસેના ગીરમથા ગામની સીમમાં "પીરાણા" (પીર કા આના )આવીને સ્થાયી થયો હતો.

ધીરે ધીરે તેના કથિત પરચાઓ ફેલાવા લાગ્યા, અને તે તરફના પાટીદારોએ તેની માનતા કરવાની શરૂઆત કરી. પટેલોની તે માનતા ધીરે ધીરે આસ્થામાં ફેરવાઈ અને પીર ઈમામશાહના હુકમથી સંવત્ 1580માં વેલા પટેલ વગેરે એ શિકરા ગામ વસાવ્યું. ધીરે ધીરે તેમના વંશ-વારસો અને તેમના સગા-સ્વજનો પણ પીર ઈમામશાહને સ્વીકારીને સનાતન ધર્મની પરંપરા છોડવા લાગ્યા.

તે ૬૩ વર્ષે ગુજરી ગયો, પછી તેના પુત્ર નૂર મહમ્મદને ગાદીનો ઉત્તરાધિકારી જાહેર કરાયો. જેમાં હાલનું ચરોતર, આણંદ, અમદાવાદ, મહેસાણા વગેરે ગામો-શહેરોમાં તે સમયે વસેલા કૂર્મી ક્ષત્રિયોએ ધીરે ધીરે પીરનો ધર્મ કબૂલ કરવાની શરૂઆત કરી દીધી હતી. આમ 500 વર્ષ સુધીમાં મોટાભાગનો 'કચ્છ કડવા પાટીદાર સમાજ' સન 1524 પછી તો મોટા પ્રમાણમાં પીરાણા ગાદીપતિઓના પેઢીગત સંપર્કને કારણે પ્રચ્છન્ન ઈસ્લામી પરંપરાના આરાધકો બની ગયા!

આ જ કારણે પટેલોની સામાજિક જીવનશૈલી, આધ્યાત્મિક અને ધાર્મિક માન્યતાઓ, મૃત્યુ પછી અગ્નિસંસ્કાર વગેરેની પરંપરા, પ્રાતઃકાળ અને દિવસ દરમિયાન થતી આરતી વગેરે આરાધનાઓ બધું જ ધીરે ધીરે બદલાવવાની શરૂઆત થઈ.

મોડી રાતની બંદગી સહિત અગ્નિસંસ્કારને બદલે મૃતદેહને દફનાવવાની પદ્ધતિ પણ શરૂ કરવામાં આવી. પીરાણાના સંચાલક ઇમામશાહ અને તેની ગાદી પર ત્યાર પછી આવનાર તમામ સૈયદો, ગુપ્તપણે ઇસ્લામની પરંપરા રાખીને હિન્દુઓનું ધર્મ પરિવર્તન કરવાનો જ મેલો આશય રાખતા. પરંતુ ઉપરનો અંચળો માત્ર સનાતન ધર્મનો છે, તેવો દેખાવ કરતા ગયા.

તેના ભાગરૂપે જ તેમણે પીરાણા પંથને "સતપંથ" નામ આપીને ભોળી પ્રજાને ભરમાવવાની શરૂઆત કરી.

## કેસરા પરમેશ્વરા (કેસરા મુખી)

ખરેખર તો ધર્મ તેમજ ભારતીય પરંપરાઓથી ભોળપણ અને અજ્ઞાનવશ ભટકી ગયેલી જ્ઞાતિને એક તેજસ્વી જ્યોતિર્ધર અને પથદર્શકની જરૂર હતી. તેવા સમયમાં નેત્રા ગામે જન્મેલા તેજસ્વી સમાજસુધારક કેસરા મુખી ભગવાન સ્વામિનારાયણના સંતોના સંપર્કમાં આવ્યા. આ બે વરિષ્ઠ સંતો હતા: સ્વામી મુક્તાનંદજી અને સ્વામી સ્વરૂપાનંદજી.

આ બંને સાથે કેસરા મુખી તથા તેમના કુટુંબી ભાઈ નાથા મુખીની ઘણી ગહન ચર્ચા થઇ. જ્ઞાનગોષ્ઠિ અને સત્સંગ બાદ, સંતોના આચરણ અને વિદ્વત્તાનો અનુભવ થયા બાદ તેમને દીવા જેટલું સ્પષ્ટ થઈ ગયું, કે ઇમામ શાહના પીરાણા પંથ દ્વારા આખી જ્ઞાતિને ખોટા ચમત્કારો બતાવી, મૂર્ખ બનાવીને હિન્દુ ધર્મથી વિપરીત માર્ગ પર દોરી જવામાં આવ્યો છે. તેમણે આ જાણતાં જ લોકજાગૃતિની મશાલ પ્રગટાવવાની શરૂઆત કરી. અને માત્ર પોતાના પરિવાર સુધી જ નહીં, પરંતુ સગા-સ્વજનો-મિત્રો અને આસપાસના ગામો સુધી જઈ જઈને એમણે સ્વામિનારાયણ સંપ્રદાયનાં સનાતન ધાર્મિક મૂલ્યોનો ઉત્સાહપૂર્વક પ્રચાર કર્યો.

આજે પણ એમના પ્રયાસોને કારણે નેત્રા અને તેની આસપાસનાં ગામોના સેંકડો પરિવારો સનાતન ધર્મની મૂળ પરંપરા સાથે જોડાયેલા મળી આવે છે, તેના મૂળમાં સમાજસુધારક અને ધર્મજાગરણ કરનાર કેસરા મુખીનું પ્રદાન અનન્ય છે.

તેઓએ એ સમયે જ સનાતન ધર્મ પરંપરાના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ મંદિર, નેત્રાનું નિર્માણ કર્યું. આમ 110 વર્ષના લાંબા જીવનકાળ દરમિયાન કેસરા પરમેશ્વરાએ કડવા પાટીદાર જ્ઞાતિના માર્ગ ભૂલેલા અનેક પરિવારોના ભાઈ-બહેનોને શુદ્ધ સનાતન ધર્મના સાચા રાહ પર લાવવામાં જબરદસ્ત કામિયાબી હાંસિલ કરી.

જો કે આ બધું કાર્ય તો માત્ર શરૂઆત જ હતી. હજુયે ઘણું મોટું કામ બાકી રહી જતું હતું. કેમ કે જ્ઞાતિના હજારો પરિવારો દેશભરમાં દૂર દૂર સુધી આર્થિક કારણોસર વહેંચાઈ ચૂક્યા હતા, અને તેઓ ધાર્મિક માન્યતાઓનાં ભાગરૂપે એ જ પાખંડમય પીરાણા પંથને અનુસરી રહ્યા હતા.

જ્ઞાતિજનો પર તે સમયના 'ગેઢેરા' એટલે કે આગેવાનો તેમજ મુખીઓ એક સરમુખત્યારની કાર્યશૈલી અનુસરતા. કેસરા પરમેશ્વરાએ આથી જ તેમને બહુ સ્પષ્ટપણે અને જાહેરમાં કહ્યું હતું કે "તમે સર્વસત્તાધીશ બનીને આખી જ્ઞાતિ અને સમાજ પર ઔરંગઝેબ જેવી જોહુકમી ચલાવો છો, તે તમારો નર્યો સિતમ છે. આવા ભયંકર અન્યાય સામે અમે મરતા સુધી પણ અમારાં માથાં ઝૂકાવવાના નથી."

કડવા પાટીદાર જ્ઞાતિ સાચે જ યુગો સુધી કેસરા પરમેશ્વરાના મહાન સુધારક-કાર્યની ઋણી રહેશે.

# સોપાન 5

# સુધારાનો બીજો યુગ ( નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી: જ્ઞાતિ-સુધારણાના ક્રાન્તદૃષ્ટા! )

કેસરા મુખીના દેહવિલય પછીના પાંચ જ વર્ષ પછી મોટી વિરાણી, તા. નખત્રાણા ખાતે રામજીભાઈ લીંબાણીના ખોરડે તા. 22-05-1883, સં.૧૯૩૯ ની વૈશાખી પૂનમે એક અન્ય સમાજ સુધારક ક્રાંતિવીરનો જન્મ થયો. એ હતા, નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી.

બાળપણથી જ પિતાની આંતરિક વૃત્તિના ઉચ્ચ સંસ્કારનો વારસો પ્રાપ્ત કરનાર નારાયણભાઈએ શાળાના અભ્યાસની સાથે જ પિતા પાસેથી શિલ્પકળા શીખવાની શરૂઆત કરી દીધી. નાની ઉંમરે જ આ વિદ્યામાં પારંગત થવા અને આર્થિક ઉત્કર્ષ માટે પિતાની આજ્ઞાથી મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી.

તરુણ વયે જ એમણે માયાનગરી મુંબઈને કર્મભૂમિ બનાવી. બાંધકામ માટેના કોન્ટ્રાક્ટ લેવાની શરૂઆત તેમણે 1902ના વર્ષમાં માત્ર 19 વર્ષની વયે કરી દીધી હતી. વ્યવસાયિક પ્રતિષ્ઠા જામતી જતી હતી. તેમનો પુરુષાર્થ રંગ લાવી રહ્યો હતો. પરંતુ એક દિવસ તેમની સાથે એક એવી ઘટના બની, કે તે ઘટનાથી તેમનું જીવનધ્યેય સંપૂર્ણ બદલાઈ ગયું ...

એ ઘટના હતી, મુંબઈ-વડગાદીમાં શેઠ કેશવજી દામજીના મકાનનિર્માણનો કોન્ટ્રાક્ટ લેવા સમયની. આ કોન્ટ્રાક્ટ નારાયણભાઈને પ્રાપ્ત થાય, તે માટે કચ્છી મિત્ર શ્રીયુત ગોપાલભાઈએ

નારાયણભાઈના નામની ભલામણ કરી. સાથે સાથે તેમણે જરા મજાકના સ્વરમાં શેઠ કેશવજી દામજી સામે નારાયણભાઈનો પરિચય આપતાં કચ્છી બોલીમાં જ કહ્યું: “ઈ ડીસાજેંતા હિન્દુ જેડા, પણ ધરમમેં તાં ઈ વડા કાફર આઈ! ન ઈ હિંદુ, ને ન ઈ મુસલમાન. ઈનીજેમેં મરે તડેં દટજે, અને પઈણે તડેં ધુવા પોન!"

અર્થાત્ "શેઠજી, નારાયણભાઈ દેખાય છે, હિન્દુ જેવા, પણ ધાર્મિક રીતે મુસ્લિમ કાફર છે. ન તો તેને હિન્દુ કહેવાય, ન તો મુસલમાન. આ લોકોમાં માણસ મરે ત્યારે દફનાવે ને માણસ પરણે ત્યારે દુઆ પઢે!"

નારાયણભાઈને આ ઓળખાણ હાડોહાડ લાગી ગઈ. મનોમન તે એક એવા ઝંઝાવાતમાં ફેંકાઈ ગયા કે સતત માનસિક ઘમસાણ મચી રહ્યું, શું હું ખરેખર મુસલમાન છું? અરે, અમે તો કડવા પાટીદાર કણબીઓ! શ્રીરામચંદ્રજીના પ્રતાપી વંશના ક્ષત્રિય! તે છતાં આ લોકો દર વખતે આટલી નિંદા, ઘૃણા ને ઉપેક્ષા શા માટે કરતા હશે? તેમનું મન હંમેશાં ખિન્ન રહેતું કે મારો જ્ઞાતિ સમુદાય પીરાણાના સતપંથ નામે ઇસ્લામી વિચારધારા સાથે સંકળાયેલો છે, તે મારા મહાન વૈદિક ધર્મનું અપમાન છે.

બસ, આ એક જ ઘટનાએ તેમના જીવનનું લક્ષ્ય બદલી નાખ્યું. તેમણે એ જ ક્ષણથી પોતાની વિમાસણનો સચોટ ઉકેલ મેળવવા અનેકવિધ માર્ગદર્શકોની શોધ કરવાની શરૂઆત કરી દીધી...

પોતાની વિચક્ષણ તર્કશક્તિ અને અધ્યયન સાથે એમણે પીરાણા સતપંથના મૂળ સુધી પહોંચવા, તેનાં તમામ ષડયંત્રોને સમજવા, તેનું કથિત સાહિત્ય એમણે તીક્ષ્ણ વિવેકબુદ્ધિથી વાંચવાનું અને ઊંડાણપૂર્વકનું અધ્યયન કરવાનું શરૂ કર્યું.

વિદ્વાનોની સંગત, વિશાળ વાંચન, નામાંકિત સુધારકો સાથેની ચર્ચા વિચારણા, અને ગુજરાતમાંથી "કડવા વિજય" નામે નીકળતા માસિકપત્રનો અભ્યાસ આ બધું જ એકત્ર કર્યું, તેમાં વૈદિકધર્મથી વિરુદ્ધ જતી, વાક્ચાતુરીથી ભરેલી, ભ્રમજાળ સર્જતી અને સાધારણ લોકોની શ્રદ્ધાનો દુરુપયોગ કરતી અનેક પ્રકારની વિપરીત બાબતો નિહાળી.

હા, મુંબઈ રહીને એમણે કમાણી તો સારી જ કરી, પરંતુ જ્ઞાતિજનોને આધ્યાત્મિક અધોગતિ તરફ જતા બચાવી લેવાની, અને શુદ્ધ સનાતન વૈદિકધર્મનો સ્વીકાર કરાવવાની પ્રતિજ્ઞા જ એમની સાચી તાકાત બની ગઈ.

તેઓ હજુ પણ વધુ યોગ્ય માર્ગદર્શન માટે પહોંચ્યા, રાજકોટ નજીક ઢોલરા ગામે. અહીંનાં મૂળ વતની રામેશ્વર મોરારજી વૈદિક વિરાસતના આરાધક હતા. નારાયણભાઈએ તેમના સહવાસથી સતપંથના ગુપ્ત ભેદ-ભરમોની ઊંડી માહિતી મેળવી લીધી. અનેક પ્રકારે પ્રશ્નોત્તરી કરી તેઓ વૈદિક સંસ્કારો આત્મસાત્ કરવા લાગ્યા. બસ, આ જ સ્થળે એમણે સતપંથ પીરાણાનો કાયમ માટે ત્યાગ કરી, સનાતન ધર્મ અંગીકાર કરી યજ્ઞોપવીત ધારણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી...

દેહશુદ્ધિ માટે એમણે નાસિકની બાજુમાં ગોદાવરી નદીના કિનારે આવેલા તીર્થરાજ ત્રંબકેશ્વરનું સ્થાન પસંદ કર્યું. પોતે અને અન્ય છ મિત્રોએ અહીં વિદ્વાન બ્રાહ્મણોના હસ્તે પોતાની દેહશુદ્ધિ કરાવી. વૈદિક ધર્મને સંપૂર્ણ રીતે અપનાવી લીધો. એ શુભ દિવસ હતો, તા. 4-6-1908, સંવત 1964 જેઠ સુદ પાંચમનો.

"નારાયણભાઈ એ છ મિત્રો સાથે સનાતન ધર્મમાં વિધિવત્ પ્રવેશ કર્યો!" આ સમાચાર સમાજના ગેઢેરાઓ સુધી પહોંચ્યા, કે એ બધાએ સતપંથ, પીરાણા છોડીને સનાતન વૈદિક ધર્મ અપનાવ્યો છે, ત્યાં તો જાણે સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં જાણે વીજળી જેવો આંચકો આવી ગયો.. સર્વત્ર આઘાતનું એક જબરદસ્ત વાવાઝોડું આવી ગયું. ભય અને ચિંતાનાં વાદળો માત્ર એમના પરિવાર સુધી જ નહીં, પરંતુ પીરાણા સુધી વિસ્તરી ગયાં.

જ્ઞાતિના ગેઢેરાઓએ સૈયદો અને કાકાઓના કહેવાથી નારાયણભાઈ અને તેમના સગા સંબંધીઓના ઘરે ફરમાનો મોકલ્યાં કે આ તમામને માતૃપક્ષ, પિતૃપક્ષ, બંધુવર્ગ, સ્નેહીઓ તમામથી બહિષ્કૃત કરો!! દરેક નિકટ સ્વજનોથી તેમનો સંબંધ અને સંસર્ગ છોડાવી દો!

અને આ હુકમનો તાત્કાલિક ધોરણે અમલ કરાવવામાં આવ્યો. જેને કારણે નારાયણભાઈ અને મિત્રો ઉપર અણધારી આફતનો પહાડ તૂટી પડ્યો. અજ્ઞાની લોકોએ પણ તેમને પરેશાન કરવામાં કોઈ કમી ન રાખી. માંદે-સાજે, મરણ-પરણમાં, સારા કે નરસા પ્રસંગોમાં તેમના ઘરે કોઈપણ જ્ઞાતિબંધુ, સગા કે કુટુંબીઓ પગ મૂકી શકતા નહીં. એટલું જ નહીં, તેમને પોતાના ઘરે આવનારા કોઈ પણ પ્રસંગમાં આમંત્રણ પણ આપી શકતા નહીં. એટલે સુધી કે બંને પક્ષે એકબીજાના પાણીનો છાંટો પણ હરામ થઈ ગયો.

ગેઢેરાઓએ સતપંથ સાથે ભળીને એ હદ સુધી કડકાઈ વાપરી હતી, કે વૈદિક ધર્મ અપનાવનાર કોઈપણ સાથે તેના સગા માતા-પિતા પણ સંબંધ ન રાખી શકે, પત્ની પોતાના પતિ સાથે ન રહી શકે, કાકા, મામા, સાળા કે બહેન-બનેવીઓ સાથે પણ તમામ સંબંધો ઉપર પૂર્ણવિરામ લાદી દેવાયું. જે જે જ્ઞાતિજનો સતપંથ છોડતા અને સનાતન અપનાવતા થયા, તે દરેકની આવી જ અવદશા

કરવામાં આવતી. આખરે જ્ઞાતિ સાથેના બધા જ સંબંધો તોડાવીને તેમને અલગ કરી દેવાતા. સગપણ કે વિવાહ જેવા જીવનભરના ગહન સંબંધો તૂટી જવાના ભયાનક પ્રસંગો પણ બનવા લાગ્યા.

આવા સંઘર્ષના સમયે નારાયણજીભાઈ અને રતનશીભાઈએ સનાતન ધર્મના વિસ્તાર, પ્રચાર અને પ્રસારમાં સહયોગી થનાર યુવામિત્રો માટે યુવક મંડળની સ્થાપના કરી, જેના સ્થાપક મંત્રી હતા સિંહ સમાન વ્યક્તિત્વ ધરાવતા : રતનશી ખીમજી ખેતાણી!!

શરૂઆતમાં સૌની દલીલ એ જ હતી કે સૈકાઓથી ચાલી રહેલા પીરાણા સતપંથની હિમાલય જેવી સત્તા આપણા સાહસમાં બહુ જ વિઘ્નરૂપ થઈ પડશે. નારાયણજીભાઈ તે સમયે કહેતા કે વિઘ્નના ડરથી આપણા આત્મા પર સહી ન શકાય, તેવું કલંક રહીને જીવતા રહેવું તે ધિક્કારને પાત્ર છે. આપણા જ્ઞાતિભાઈઓ આજે મહાન વૈદિક ધર્મના ખોળે જવાને બદલે ઇસ્લામમાં પ્રવેશીને મરણતુલ્ય દુર્દશા ભોગવી રહ્યા છે. જો આપણે સાહસિક પગલાં નહીં લઈએ, તો પાખંડીઓ આપણને જ નહીં, આપણી આવનારી પેઢીઓને પણ પીંખી નાખશે.

સુધારક મંડળે શા માટે આટલી જોરશોરથી 'ઘર વાપસી'ની અર્થાત્ "સનાતનમાં પરત ફરો"ની પ્રવૃત્તિ આદરી હતી, તે જાણવા માટે એટલું જ જાણવું પૂરતું છે કે-

-પીરાણા પંથ સાથે જોડાયેલા પાટીદારો ચોરી-મંડપમાં લગ્ન કરવાને બદલે દુઆ અથવા કલમા પઢીને લગ્ન કરતા થયા હતા.

-મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાને બદલે દફનાવવાની વિધિ કરતા હતા.

-સનાતન ધર્મનું મુખ્ય અંગ દેવો અને ભગવાનની મૂર્તિપૂજાના કેન્દ્રમાં મંદિર છોડીને અથવા છોડાવીને જમાતખાનાનું નિર્માણ કરીને તેમાં માત્ર એક પાટ સ્થાપવા લાગ્યા હતા.

-ત્યાં મધ્યરાત્રીએ નાની મોટી કહેવાતી ધાર્મિક વિધિઓ કરાવતા થયા હતા.

-'દશાવતાર'ની કથાનું કથિત પુસ્તક તૈયાર કરી તેમાં દસમા અવતાર તરીકે હજરત મૌલા અલીને દર્શાવવાનું અને તેમાં માન્યતા રાખવાનું શરૂ કરી દીધું હતું. જેને તેઓએ છેતરપિંડી ધરાવતું નામ "નિષ્કલંકી નારાયણ" આપ્યું હતું...

-પીરાણાનો ધર્મગુરુ પ્રાગજી કાકો છેક સંવત્ 1832માં સૈયદ વલીમિંયા સાથે કચ્છમાં આવ્યો હતો, આ બંને મહાકાબેલ અને કપટી હતા. તેથી જ પાટીદારોને હિન્દુ ધર્મથી અળગા કરવા અને પીરના

શુદ્ધ અનુયાયી બનાવવા એક નવી જ યોજના બનાવી હતી, અને તે એ હતી કે ભાવિપેઢીને ક્યારેય તેમના પૂર્વજો મૂળ હિંદુધર્મના જ હતા, તેનો ખ્યાલ ન આવવો જોઈએ.

આ માટે નખત્રાણામાં આવેલા જમાતખાનામાં મળીને તત્કાલીન જ્ઞાતિના ગેઢેરાઓને સાથે રાખીને બે ઠરાવો કર્યા હતા :

1. પરિવારની કોઈ પણ શુભ કે અશુભ વિધિમાં ગોર એટલે કે બ્રાહ્મણને બોલાવવા નહીં. પરંતુ કાકા એટલે કે જમાતખાનાના ઈસ્લામી સંચાલકને બોલાવવા.

2. જે બારોટો અથવા વહીવંચાઓ પેઢી દર પેઢીની વિગતો નોંધી રાખતા, તેનો સંપૂર્ણ બહિષ્કાર કરવો.

આ બંને નિર્ણયો પાછળના ભયંકર હેતુઓ એ હતા કે જ્ઞાતિમાં ધર્મકાર્ય અંગે ગંભીર પરિસ્થિતિ ઊભી થાય. ચોરીમાં થતાં લગ્ન અને અગ્નિસંસ્કાર જેવા મુખ્ય સંસ્કારો બંધ થાય. બ્રાહ્મણોનું ગોરપણું સંપૂર્ણ પ્રતિબંધિત હોવાને કારણે તેના બદલામાં પીરાણાથી મોકલાયેલા સૈયદને ગુરુ કરવામાં આવે, અને તેથી જ્ઞાતિનાં સંતાનોને ભવિષ્યમાં ફરજિયાત મુસલમાન થવું પડે !

વળી બારોટો અથવા વહીવંચાઓ પેઢી દર પેઢીની વિગતો નોંધી રાખતા, તેનો સંપૂર્ણ બહિષ્કાર કરવાથી જ્ઞાતિના તમામ પરિવારો જોતજોતામાં પોતાના પરિવારના ઇતિહાસથી વંચિત બની જાય, અને લોકોની મૂળ ઓળખ વિસરાતાં ભાવિ પેઢી ક્યારેય હિંદુ ધર્મને પોતાના મૂળ તરીકે કદી ન સ્વીકારે!

આવા ભયંકર હેતુઓ ઉપરાંત પીરાણા-પંથીઓએ એક મંત્ર જેવી પંક્તિ ઘડી હતી, જેમાં સનાતન ધર્મના કેટલાક શબ્દોને ઉમેરીને દુઆ બનાવવામાં આવી હતી:

*"ફરમાનજી બિસ્મિલ્લાહ હરરહેમાન નર રહીમ*
*સતગોર પાત્ર બ્રહ્મા ઇન્દ્ર ઈમામશાહા આદ*
*વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહા તમારી દુઆ"*

-આવા કોકટેઈલ મંત્ર બોલાવીને પાટીદાર અનુયાયી પર છાંટ નાખવામાં આવતી, અને નૂર અથવા 'અમીની ગોળી' જમાતખાનાના મુખી દ્વારા એક વાટકીમાં રાખેલા પાણીમાં રાખવામાં આવી હોય, તે ગોળી ઓગળે તે પાણી મોંમાં મૂકાવીને આદેશ અપાતો કે આવનાર વ્યક્તિએ તે પાણી પી જવું! તેને **પાવળ** કહેવામાં આવતું. પાવળ પીનાર વ્યક્તિએ "પીરશાહ" એટલું બોલવું પડે. આ વિધિ

"છાંટ નાખવાની પ્રક્રિયા" કહેવાતી. છાંટ લેનાર તે જ ઘડીથી હિંદુ મટીને મુસલમાની બની ગયો, કહેવાતો. કચ્છ તથા અન્ય સ્થળો પરથી એકત્ર થતાં જ્ઞાતિ ભાઈઓના પૈસાનો ઉપયોગ સૈયદો પોતાના માટે કરતા.

-કડવા પાટીદાર જ્ઞાતિને ઇસ્લામના કુટિલ પ્રચારકો દ્વારા લોભ, લાલચ, અંધશ્રદ્ધા કે અંધવિશ્વાસના શિકાર પણ બનાવવામાં આવ્યા. જેમાં એક **દુઆ અને કલમા** પણ રચવામાં આવી કે તેનાથી તમારી દરેક દુઆ પૂરી થાય! જેમ કે-

સતગોર ઈમામશાહા નરઅલી *મહંમદશાહા*
*હક લાએલાહા ઈલ્લલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે*

-વળી ઇસ્લામનું એક હથિયાર જ્ઞાતિના ઈસ્લામીકરણ માટે અત્યંત પ્રભાવક રહ્યું. તે હથિયાર એટલે **'અલ-તાકિયા' અથવા 'તાકિયા'**.

ઇસ્લામના પ્રચાર માટે તલવાર સિવાયનો બીજો માર્ગ એટલે યુક્તિ-પ્રયુક્તિ દ્વારા થતા ધર્મપરિવર્તન માટેની આ પ્રક્રિયાને 'તાકિયા' કહેવામાં આવે છે.

-શિયા ઇસ્લામના પ્રચારકો હિન્દુ ધર્મના ઉચ્ચ આદર્શો અને મૂલ્યો ઉપરાંત વર્ણ આધારિત સમાજના મજબૂત રક્ષાકવચને ભેદી શકે તેમ ન હતા, તેથી જ તેમણે છળ, કપટ અને યુક્તિ -પ્રયુક્તિઓનો આશરો લઈને હિન્દુ દેવી-દેવતાઓના નામનો દુરુપયોગ કરીને ઇસ્લામને **'સતપંથ' જેવા નામના વાઘા** પહેરાવ્યા.

-હજરત મૌલા અલી તાલિબ એ ઇસ્લામના સ્થાપક મહંમદ પયગંબરના કાકાના દીકરા ભાઈ ઉપરાંત તેના જમાઈ પણ હતા. તેને જ વિષ્ણુ ભગવાનના અંતિમ અને દસમા અવતાર 'કલ્કિ' તરીકે ગોઠવીને નામ આપી દેવામાં આવ્યું: નિષ્કલંકી નારાયણ !આમ **અવતારવાદને પણ દૂષિત કરવાનો કારસો** રચાયો.

-પીરાણામાં માનનાર પાટીદાર પરિવારોને એ આદેશ પણ કડક રૂપે આપવામાં આવ્યો હતો, કે "સતપંથને એટલે કે પીરાણા પંથને તમારે ગુપ્ત રીતે પાળવો. આ અંગે પરિવારજનો સાથે પણ ચર્ચા ન કરવી. કેમ કે કળિયુગમાં હવે ખૂબ ઓછા દિવસો બાકી છે, અને કળિયુગના અંતે કેટલાક લોકો જ અમરાપુરીમાં જશે, જો તમે સતપંથનું પાલન કરો છો, તે છુપાવી રાખવામાં સફળ રહેશો, તો તમને 'અમરાપુરી' એટલે એવું 'બહિશ્ત' મળશે, જ્યાં ૭૨ હુરા મળવી...." **વગેરે લોભામણી કે ડરામણી બાબતો** પણ જણાવવામાં આવી છે.

-જેમ કડવા પાટીદારોને પીરાણાપંથીઓએ તેમના પોતાના પરિવારના ઈતિહાસથી એટલે કે ભૂતકાળથી વંચિત કર્યા, તેમ જ ભવિષ્યમાં તેમનો માનસિક કે બૌદ્ધિક વિકાસ ન થાય તે માટે તેમણે ક્યારેય એકતા અથવા વિકાસની વાત ન કરી. માત્ર અને માત્ર જ્ઞાતિજનોની **આર્થિક રીતે શોષણ** જ કરતા. જેમાં દશોંદ, લાગાઓ વગેરે અનેક કુરિવાજ પણ કાયમી ધોરણે જ્ઞાતિજનોને પરેશાન કરી રહ્યા હતા.

આવી અનેક પ્રકારની પદ્ધતિઓ હિન્દુ ધર્મથી વિપરીત તો હતી જ, પરંતુ ઇસ્લામ તરફ ઝુકાવ આપનારી હતી. તે સમયે જ્ઞાતિ ઉપર પીરાણાના સૈયદો સાથે જ તત્કાલીન સ્વાર્થી ગેઢેરાઓની પણ લોખંડી પકડ હતી. આવા અનેક પ્રકારના પાખંડમાંથી આખી જ્ઞાતિને છોડાવવાની ટેક લેવી એ કેટલી હદે જોખમકારક હતી, તેનો ખ્યાલ તો ત્યારે આવતો કે જ્યારે સતપંથના સૈયદો અને સ્વાર્થી ગેઢેરાઓ મારફત પોતાના જ ભાઈઓ ઉપર અત્યાચાર અને ત્રાસ વરસાવવામાં આવતા, મારવામાં આવતા કે પછી ગુનેગાર ઠેરવીને આખા કુટુંબ તેમજ સગા સંબંધી સહિત સજા કરવામાં આવતી.

એટલું જ નહીં, પાટીદારોમાં પણ પીરાણાપંથને માનનાર લોકોને સુધારાવાદીઓની સાથે બેસીને જમવા માટેની પણ મનાઈ ફરમાવવામાં આવી હતી. સ્પષ્ટપણે પીરાણા ખાતે ઇમામશાહ અને તેના સૈયદો દ્વારા કહેવામાં આવતું કે આપણો પંથ સતપંથ છે, અમે તમારા હિંદુધર્મને સ્વીકારતા નથી...

આવી અનેક બાબતોને નારાયણભાઈએ "પીરાણા સતપંથની પોલ" ગ્રંથમાં પ્રકાશિત કરી છે. જેમાં સતપંથના પીરાણાસ્થિત સૈયદો દ્વારા કેટલાં ગપ્પાં હાંકવામાં આવ્યાં છે, તથા ચમત્કારોના નામે કેટલું જૂઠ ફેલાવવામાં આવ્યું છે, તે સમાજ સમક્ષ ખુલ્લું મૂકવામાં નારાયણભાઈની હિંમત, મહેનત અને ખર્ચ કરવાની ઉદારતા અદ્ભુત અને અનન્ય હતી.

આમ નારાયણભાઈની સાથે અન્ય સુધારક મંડળના સહયોગીઓએ તેમના વિચારોને સાકાર કરવા હિંમતપૂર્વક કમર કસી હતી. આ માટે અજ્ઞાનવશ કે પરંપરાગત રીતે સતપંથમાં પ્રવેશી ગયેલા પરિવારજનોને સમજાવવા, તેમને દેહશુદ્ધિ માટે તૈયાર કરવા આખી જ્ઞાતિના તમામ પાટીદાર પરિવારોમાં એવો ખળભળાટ ચાલી રહ્યો હતો, કે સતપંથ છોડવો કે ન છોડવો? આ કશ્મકશની બીજી તરફ સનાતનધર્મી બનીને દેહશુદ્ધિ કર્યા પછી પોતાના જ પીરાણાપંથી સગા-વહાલાઓ સાથેના તમામ નાતા સંબંધો, સ્નેહ, વાત્સલ્યને સદા માટે છોડી દેવાના થતા હતા..

સતપંથના અનેક પરિવારો સાથે એમના ઊઠવા-બેસવાના તથા ચર્ચા કરવાના સંબંધો કેળવાઈ ચૂક્યા હતા. આ કાર્યને વધુ ગતિ મળે તે હેતુથી અને “પીરાણાનો સતપંથ મુસ્લિમ મજહબનો જ એક મહત્ત્વનો કટ્ટરપંથી ભાગ છે,” તે બાબતે જાગૃતિ લાવવા એમણે દાણાબંદર ખાતે જાહેર સભાનું

આયોજન કર્યું. જેમાં સનાતન ધર્મની પરંપરાઓને અપનાવવા તથા સતપંથનો ત્યાગ કરવા માટે તમામ જ્ઞાતિજનોને જોશભેર આહ્વાન કરવામાં આવ્યું.આ કડવા પાટીદાર જ્ઞાતિની પહેલી જાહેર સભા થઈ, તેના નેતા અને પ્રમુખ પદે ઉપસ્થિત હતા રતનશીભાઈ ખેતાણી.

## "વીર જ્ઞાતિસેવક"

તે પછી ટૂંક સમયમાં જ "કચ્છ કડવા પાટીદાર યુવકમંડળ"ની રચના ઘાટકોપર ખાતે 1918માં કરવામાં આવી. તેના પ્રથમ સ્થાપક મહામંત્રી હતા: રતનશીભાઈ ખેતાણી. મંડળની વિશેષતા એ હતી કે ભલે કોઈ જ્ઞાતિબંધુએ દેહશુદ્ધિ ન કરાવી હોય, તો પણ તે "કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ"નો સદસ્ય બની શકતો હતો.

આ દિવસોમાં થયેલા આયોજનોમાં જ રતનશીભાઈ ખીમજીભાઈ ખેતાણીનું નીડર અને તેજસ્વી નેતૃત્વ સહુ જ્ઞાતિજનોની નજરે ચડવા લાગ્યું. નારાયણભાઈની સાથે રહી યુવક મંડળના આરંભકાળથી રતનશીભાઈની સંગીન સેવાઓ તથા સતપંથના ભાઈઓને ધીરે ધીરે સુધારાના માર્ગ પર લાવવાની સમજાવટ અનન્ય હતી. આથી જ સ્વયં નારાયણભાઈએ તેઓને "વીર જ્ઞાતિસેવક" તરીકે બિરદાવ્યા હતા, અને તે સમયથી જ જ્ઞાતિજનોમાં તેઓની વિલક્ષણ પ્રતિભા પ્રસિદ્ધ થવા લાગી. નારાયણભાઈના નેતૃત્વ હેઠળ મોટી વિરાણી, કરાંચી કે ઘાટકોપર ખાતે જેટલી જ્ઞાતિ પરિષદો થઈ, તે તમામ પરિષદોના સંકલનકર્તા તરીકે આ યુવાન સહુની આંખે ચડી જતો. આમ નારાયણભાઈ માટે રતનશી ખીમજી ખેતાણી જાણે જમણો હાથ બની રહ્યા હતા.

મુંબઈમાં સ્થપાયેલા યુવક મંડળનાં સકારાત્મક પરિણામોની હવા હવે તો કરાંચીથી કચ્છનાં ગામડાંઓ સુધી વહેતી થઈ ચૂકી હતી. વિરાણી મોટી અને નખત્રાણામાં પણ એ અરસામાં જ યુવક મંડળોની સ્થાપના કરવામાં આવી.

આ યુવક મંડળોએ નારાયણભાઈ અને રતનશીભાઈના નેતૃત્વ હેઠળ જ્ઞાતિ સુધારણા માટે જબરદસ્ત અભિયાન ચલાવ્યું, જોત જોતામાં આખી જ્ઞાતિમાં જાગૃતિ આવવા લાગી કે સતપંથ એક મોટું ષડયંત્ર છે, અને આપણે મૂળ સનાતન ધર્મી જ હતા! અને માટે જ સતપંથનો ત્યાગ આપણા અસ્તિત્વ માટે અનિવાર્ય છે...

તા. 8 થી 11 ઓગસ્ટ, 1920ના રોજ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની પ્રથમ પરિષદનું આયોજન કરાંચી ખાતે કરવામાં આવ્યું. જેમાં સતપંથમાંથી જ્ઞાતિને છોડાવવા માટે ખાસ ઠરાવો કરવામાં

આવ્યા. બીજા જ વર્ષે સન્ 1921માં ઈસ્લામી દુઆઓને બદલે વૈદિક વિધિથી સમગ્ર જ્ઞાતિમાં 1200 લગ્નોનું મહાન ક્રાંતિકાર્ય સંપન્ન થયું. તે પછીથી જ્ઞાતિમાં મોટા પાયે હિન્દુ વિધિપૂર્વક લગ્નો થવાની શરૂઆત થઈ ચૂકી હતી.

છેક સંવત્ 1832માં થયેલા જ્ઞાતિના ઠરાવ બાદ પરિવર્તન દર્શાવતું આ પગલું આખી જ્ઞાતિ માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તરીકે પ્રમાણિત થયું, સૌનો અંતરાત્મા કબૂલ કરતો હતો કે આ પરિવર્તન નારાયણભાઈ અને રતનશીભાઈના સુદૃઢ પરિશ્રમનું જ અદ્ભુત પરિણામ છે.

બીજા વર્ષે પણ કરાંચી ખાતે તા. 7 થી 9 ઓક્ટોબર, 1922ના દિવસોમાં બીજી જ્ઞાતિ પરિષદનું આયોજન થયું. જેમાં પીરાણા સતપંથનું કાળું કલંક ધોઈ નાખવા, ગેઢેરાઓની ગુલામીમાંથી જ્ઞાતિજનોને મુક્ત કરવા નારાયણભાઈ અને રતનશીભાઈએ હૃદયવેધક અને ગંભીર ઘોષણાઓ કરી. જ્ઞાતિજનોની મોટી હાજરીમાં સૌએ મજબૂત ઠરાવો કર્યા.

નારાયણભાઈએ પરિષદમાં સતપંથના "દશાવતાર" ગ્રંથમાં લખવામાં આવેલા ગપગોળા અને છેતરપિંડી વિષયક અત્યંત અસરકારક પ્રવચન કર્યું. સમગ્ર જ્ઞાતિજનો પર તેનો કાયમી અને ઊંડો પ્રભાવ પડ્યો. હજારો જ્ઞાતિજનોને ખાતરી થઈ કે સતપંથ મુસ્લિમ મજહબનો જ ભાગ છે, અને તે આપણને હિન્દુઓને ધર્માંતરિત કરવા માટે જ યોજવામાં આવેલું ષડયંત્ર છે.

આ પછી નારાયણભાઈના માર્ગદર્શન હેઠળ તા. 18 થી 21 એપ્રિલ 1924ના રોજ ઘાટકોપર, મુંબઈ ખાતે ત્રીજી જ્ઞાતિ પરિષદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પરિષદમાં સનાતની વિચારધારા વાળા જ્ઞાતિજનોની સાથે જ કેટલાક મવાળ આગેવાનો પણ ઉપસ્થિત હતા. જેમણે "આપણી જ્ઞાતિ સતપંથથી મુક્ત થાય" તેના મુખ્ય ઠરાવને નિષ્ફળ બનાવવા માટે ગંભીર પ્રયત્નો કર્યા. પરંતુ નારાયણભાઈ, રતનશીભાઈ વગેરે ક્રાન્તદર્શી યુવાનો અને જ્ઞાતિના અન્ય પ્રભાવશાળી મહેમાનોના અસરકારક પ્રવચનોને કારણે તેઓના પ્રયત્નો નિષ્ફળ ગયા. આમ ત્રણેય પરિષદો જ્ઞાતિને સફળતાના નવા મુકામ તરફ ગતિશીલ બનાવી ચૂકી હતી.

થોડા સમય બાદ જ કચ્છના દયાપરના અનેક જ્ઞાતિ પરિવારોએ દેહશુદ્ધિ કરાવી. સાથે પાનેલી ગામની બહેનો દ્વારા પણ આ બાબતે આગેવાની લેવામાં આવી. મુંબઈ, રવાપર અને કરાંચીના પણ પરિવારોએ દેહશુદ્ધિ કરાવી. સૌ જ્ઞાતિ સુધારણાના અભિયાનમાં મજબૂત ટેકો બનીને ઊભા રહી ગયા હતા.

ઇસ્લામમાં ધર્માંતરિત થઈ ગયેલી પોતાની માતા સમાન જ્ઞાતિને અનેક દુઃખ અને પીડાઓથી મુક્ત કરી સનાતન ધર્મનું ગૌરવ અપાવવા, પીરાણા સતપંથ સામે નારાયણભાઈ અને યુવક મંડળે ક્રાંતિનો જબરદસ્ત શંખનાદ કર્યો. ભલે નારાયણભાઈનો શાળાકીય અભ્યાસ માત્ર ધોરણ પાંચ સુધીનો હોય, પરંતુ સતત અધ્યયન, વાંચન, નિરીક્ષણ, વિશ્લેષણ અને સનાતન ધર્મનું અનન્ય ગૌરવ આ બધાં પરિબળો એટલાં પ્રબળ હતાં, કે જ્ઞાતિમાં ઘર કરી ગયેલાં અનેક નકારાત્મક તત્ત્વોને જડમૂળથી ઉખાડી નાખવામાં તેઓ સફળ થયા.

તેમના વ્યક્તિત્વમાં એક વિશેષ તેજસ્વિતા હતી, મુશ્કેલીઓ સામે કદી પણ ન ઝૂકવાની નીડરતા હતી, તેમના નેતૃત્વની આ વિલક્ષણતા એવી હતી કે સતપંથના પ્રચારકોએ ચલાવેલું સનાતન ધર્મના વિરોધનું અભિયાન ધીરે ધીરે કમજોર થવા લાગ્યું. તે સમયની જ્ઞાતિ પરિષદોના અહેવાલો, જાહેર મીટીંગોના રિપોર્ટ્સ, અને નાનાં મોટાં પુસ્તકો- પેમ્પલેટ વગેરે પ્રકાશનોમાં નારાયણભાઈનાં અનેકવિધ કાર્યોની વિલક્ષણતા અને પરિણામોનાં દર્શન સ્પષ્ટ થાય છે. તેમના યોગદાન અંગે ત્રણ પુસ્તકોનો આધાર આજે પણ તેમના કર્તવ્ય-કર્મની સાક્ષી પૂરી રહ્યાં છે.

- "પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ",
- "કર્તવ્ય પંથે",
-"કચ્છના કડવા પાટીદારો ઇતિહાસ" (પૃષ્ઠ 85 થી 100)

તેઓએ 20 -20 વર્ષ સુધી સતત સતપંથના ગુપ્ત અને હસ્તલેખિત સાહિત્યનું અધ્યયન કર્યું. તેમના પ્રિન્ટ થઈ ચૂકેલા સાહિત્યને પાણીની જેમ પૈસા વેરીને હસ્તગત કર્યાં. છ-છ વર્ષ સતત અધ્યયન કરીને તેમણે "પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ" પુસ્તક પ્રકાશિત કર્યું. જેને સમાજ "પીરાણાની પોલ" તરીકે ઓળખે છે. આ ઉપરાંત 20થી વધુ નાનાં મોટાં પેમ્પલેટ, પુસ્તિકાઓ કે પ્રકાશનો પોતાની આગવી શૈલીમાં લખીને તૈયાર કરાવ્યાં.

જેમાં "પીરાણા સતપંથ પાટીદાર ભાઈઓને વિનંતી પત્ર", "સતપંથીઓના સધિયારાને સપાટો", "સૈયદ અહમદ અલી ખાકીને જવાબ", "કુટિલોની કુટિલતા ઉપર સર્ચલાઈટ", "શું સોદાગર નહીં જાગે?", "કાકા રવજી લક્ષ્મણને ખાસ ચેતવણી" વગેરે પ્રકાશનો એટલાં પ્રભાવક, સક્ષમ અને બળકટ હતાં કે વાંચનાર અવશ્યપણે સતપંથને તજીને સનાતન ધર્મને અપનાવવા તત્પર બની જતો. જો કે મોટાં પ્રકાશનો માટે આર્થિક આવશ્યકતા પણ ઊભી થઈ. અને તેમણે પોતાના સમર્પણ દ્વારા જ તેની પહેલ કરી.

જેમાં તેઓએ ભોળા હિન્દુ જ્ઞાતિજનોને વટલાવવાની સતપંથની પદ્ધતિઓ, સનાતન ધર્મને વૈદિક ક્રિયા-કર્મથી ભ્રષ્ટ કરવાની તેમની મેલી મુરાદો, વેદો, શાસ્ત્રો તેમજ પુરાણો ઉપરથી વિશ્વાસ ઉઠાડી મૂકવા માટે કરવામાં આવતી બેબુનિયાદ દલીલો, તેમજ ગાય-બ્રાહ્મણ તથા જોગી સંન્યાસીઓને ન માનવા માટેના સતપંથના દુરાગ્રહો વિશે ખૂલીને, તર્કબદ્ધ રીતે, તેમજ પ્રમાણિત સંદર્ભો સાથે નીડરતાપૂર્વક ચર્ચા કરી છે. આ ગ્રંથ વાંચનારને નારાયણભાઈની સનાતન ધર્મ પ્રત્યેની અસ્મિતા તથા તેમના અધ્યયનની નિપુણતા વિશે ગર્વ થયા વિના રહેતો નથી.

રતનશીભાઈ પણ નારાયણભાઈના આદેશથી જ્ઞાતિજનો જ્યાં જ્યાં વસતા તેવાં અનેક ગામોમાં ઘૂમી વળ્યા હતા. સનાતનના પ્રચાર અભિયાનમાં તેમના નેતૃત્વનું તેજ હરહંમેશ અસરકારક રહેતું. જાગૃતિની આ મંદ અને શાંત હવાઓ મુંબઈથી કચ્છ-ભુજનાં ગામોથી માંડી દૂર કરાંચી સુધી વહેવા લાગી હતી. જ્ઞાતિ સુધારક મંડળની સ્થાપના બાદ કરાંચી અને મુંબઈમાં સનાતન ધર્મની જાગૃતિ માટે પરિષદો યોજવામાં પણ રતનશીભાઈનું અમૂલ્ય યોગદાન હતું. પરંતુ ક્યારેક તેઓ એ વિચારમાં ચડી જતા કે અમારા અભિયાનમાં એવી કઈ બાબત છે, જેને કારણે અમને જોઈએ તેટલી સફળતા નથી મળતી...

જો કે તેઓ આ વિચારને ગૌણ સમજીને નિરંતર ધ્યેય તરફનો પુરુષાર્થ કરવામાં જ માનતા. એક તરફ સતપંથ તરફથી જ્ઞાતિના ગેઢેરાઓ જ સમસ્યારૂપ હતા, કે જેઓ એ જ પ્રવૃત્તિઓ કરતા કે કોઈપણ પરિવારે જો દેહશુદ્ધિ કરાવી અને તે જો સનાતનધર્મી જાહેર થયા, તો-

-તે લોકોને તે જ દિવસથી જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરી દેવાનું ફરમાન બહાર પાડી દેતા.

-એ લોકોનાં તમામ સગપણો સંબંધો તોડાવી નાખવામાં આવતાં.

-પતિ-પત્નીને બનતું હોવા છતાં ફરજિયાતપણે તેમના છૂટાછેડા કરાવી દેવામાં આવતા.

-ગામનો કોઈપણ પરિવાર કે વ્યક્તિ તેમને સાથ આપે તો તેને પણ જ્ઞાતિ બહાર મૂકી દેવામાં આવતો.

આવી તકલીફો ભોગવતા જ્ઞાતિજનો મનથી સનાતની હોવા છતાં દેહશુદ્ધિ નહોતા કરાવતા. પણ નારાયણજીભાઈનું માનવું હતું કે નિશ્ચિત નિયમો બાબતે કોઈપણ બાંધછોડ ન જ કરવી, તેથી છેવટે જ્ઞાતિની સાથે રહેવા, પોતાના સંબંધો સાચવવા અનેક પરિવારો કંટાળીને નારાયણભાઈ દ્વારા કરાવેલી દેહશુદ્ધિ હોવા છતાં ફરીથી સતપંથમાં જોડાવા લાગતા. ઇતિહાસ તો ત્યાં સુધી કહે છે કે નારાયણભાઈની સાથેના તમામ આર્યસમાજી વિચારક જ્ઞાતિબંધુઓએ નારાયણભાઈનો સંગાથ

છોડી દીધો હતો. તેઓના અભિયાન સાથે જોડાયેલા અનેક લોકોને તેઓ કાયમ માટે પોતાની સાથે જોડીને રાખી શક્યા નહીં.

આ સમસ્યાનું સમાધાન કયું હોઈ શકે? તે વિચાર તો રતનશીભાઈના મનમાં પણ ઘોળાતો હતો.

અને આખરે તે સમસ્યાના ઉકેલનો પવિત્ર દિવસ આવી ગયો...

જાણે અણીના સમયે કોઈ તારણહાર મળ્યા...

એક જુદી અને વ્યાપક વિચારધારા સાથે સુધારક મંડળને નવી દિશા આપવા એ સમયે કચ્છના વરિષ્ઠ સંત પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજનું આ સમસ્યા અંતર્ગત પ્રભાવક આગમન થયું...

આ વિચારધારાની મશાલ રતનશી ખીમજી ખેતાણીના હાથમાં આપીને જ્ઞાતિસમાજને એક જુદા જ દિવ્ય પ્રકાશની સહેલ કરાવવાની શરૂઆત તેઓ પોતાની આગવી સંત પ્રતિભાથી કરી ચૂક્યા હતા...

# સોપાન 6

# સમાજ ઉત્થાનના જ્યોતિર્ધરો
# નારાયણ બાપા અને રતનશીભાઇ

જ્યારે "કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ"ની ઘાટકોપર મુંબઈ ખાતે સ્થાપના થઈ, અને ત્યારે તેમાં બંધારણ અંગેની કાયદેસર વિધિ થઈ ન હતી. પરંતુ નારાયણ બાપાની પ્રેરણાથી રતનશીભાઈએ તેમાં સ્થાપક મંત્રી તરીકેની જવાબદારી સહર્ષ ઉપાડી લીધી હતી.

બંને મિત્રોની એક રુચિ, એક વિચાર અને એક સંગઠનની આર્ષદૃષ્ટિ એટલી સ્પષ્ટ હતી કે ધીરે ધીરે જ્ઞાતિમાં ક્યાં અને કેવી રીતે જાગૃતિ લાવવી, તેનું આયોજન પૂરા ખંત અને જુસ્સા સાથે કરી રહ્યા હતા. માત્ર કાગળ પર નહીં, પરંતુ વ્યક્તિગત મુલાકાતો અને નાની-મોટી મીટીંગો દ્વારા આ ઝુંબેશને બંને એ સાકાર અને સાર્થક સ્વરૂપ આપવાનું શરુ કરી દીધું હતું.

નારાયણ બાપા અને રતનશીભાઈએ સતપંથની ઈસ્લામી માનસિકતામાંથી સમગ્ર જ્ઞાતિને ફરીથી મૂળ સનાતન ધર્મ તરફ પાછા વાળવાનો જે શંખનાદ ફૂંક્યો હતો, તેમાં સૈદ્ધાંતિક સ્પષ્ટતા હતી, ધર્મની ખુમારી હતી, અને માન-અપમાનથી પર રહીને સત્યની દિશા તરફ જ્ઞાતિને સ્થિરતા આપવા માટેની સ્થિતપ્રજ્ઞતા હતી.

એ સમયે યુવકમંડળ દ્વારા જ ચોપાનિયા છાપવાનો આરંભ થયો હતો. જેનો હેતુ એ હતો, કે સમાજના ઘરે ઘરે સતપંથની કુટિલ નીતિઓનો ખ્યાલ આવતો જાય, સનાતન ધર્મની વિશેષતાઓ સાથે તેમાં પુનઃ આગમન માટેના દરવાજા ખુલ્લા છે, તે સૌ જાણી શકે, અને એ બાબતે કોઈ જ પરિવારને કોઈ જ સંકોચ ન રહે.

સતપંથ છોડીને સનાતન અપનાવનાર પાટીદારો માટે નારાયણભાઈએ શુદ્ધીકરણની ખાસ પ્રક્રિયા તૈયાર કરી હતી. તેઓ, સનાતનમાં આવનાર પરિવારને બ્રાહ્મણો દ્વારા યજ્ઞોપવીતની વિધિ કરાવી પ્રતિજ્ઞા-સંકલ્પ બોલાવતા. યજ્ઞોપવીતધારી પાટીદારનું શુદ્ધીકરણ થયાનું જાહેર કરવામાં આવતું.

જો કે ટૂંક સમયમાં જ એ સમસ્યા વિશાળરૂપ લેવા લાગી, કે સતપંથમાંથી સનાતનધર્મી બનેલા પરિવારો ફરીથી જનોઈ ઉતારીને સતપંથ તરફ વળવા લાગ્યા !!

નારાયણ બાપા માટે આ એક વજ્રાઘાત હતો.

આટઆટલી મહેનત, સમજાવટ, દલીલો અને સત્ય સાથેના આધાર હોવા છતાં આપણા ભાઈઓ ફરીથી ઈસ્લામીકરણના હથકંડાનો શિકાર શા માટે બની રહ્યા છે? આ વ્યથા રતનશીભાઈ નારાયણબાપા પાસે ઠાલવતા, અંતે નિરીક્ષણ અને લોકસંપર્કથી રતનશીભાઈને ખ્યાલ આવ્યો કે સુધારાવાદી સનાતનધર્મી પરિવારને 'ગેઢેરા'ઓ જુલમ કરીને સમાજની તમામ ગતિવિધિઓથી એકલા પાડી દેતા.

ન તો તેમના દીકરા-દીકરીઓના સગપણ કે સંબંધો થવા દે, કે ન તો તેમના કોઈપણ સામાજિક કે ધાર્મિક મેળાવડાઓમાં ઉપસ્થિત રહેવા દે. આર્થિક અને સામાજિક સ્તરે એટલી હદે લાચાર બનાવી મૂકે કે તેમના માટે આવો સામાજિક અલગાવ તેમને અસહ્ય બની જાય, જીવતર દુષ્કર બને, આખરે શપથ લીધા હોવા છતાં, તે જનોઈ ઉતારીને ફરી સતપંથના ખોળે જવા મજબૂર બની જાય.....

તે સમયે જ્ઞાતિના વડીલોનું અક્ષરજ્ઞાન પણ ઓછું. સાથે જ સતપંથ તરફથી મળતી આર્થિક-સામાજિક લાલચને 'સાચા અર્થમાં મળી રહેલો સહયોગ' સમજતા. પરંતુ તેમને એ ખ્યાલ ક્યારેય ન આવ્યો કે આ 'અલ-તાકિયા' નો જ એક ક્રિયાકલાપ છે. અને કોઈપણ ભોગે છેતરપિંડી દ્વારા ધર્મપરિવર્તનનો જ હીણપત ભર્યો પ્રયાસ છે...

આવા 'ગેઢેરા'ઓની સત્તા નિર્મૂળ કરવા નારાયણબાપા સાથે રતનશીભાઈએ હિંમત હાર્યા વગર કામ કરવાની નેમ લીધી હતી. બંને નરબંકાઓનો પ્રચાર અને પ્રસાર એ હદે ગાજવા લાગ્યો કે સંત શ્રી ઓધવરામજી મહારાજના કાને પણ આ વાત આવી પડી...

# સોપાન 7

# ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈ નવી દિશા, નવી શૈલી

કેટલાય પાટીદાર પરિવારો આ યુવાનોની પ્રશંસા કરતા થાકતા નહીં, કે આપણા સમાજના ઉદ્ધારનું કામ, ઇસ્લામી માનસિકતામાંથી પાછા વાળવાનું કામ, અને સનાતન ધર્મ તરફ દોરવાનું કામ કરનાર આ યુવાનોએ આપણા સમાજનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઉદ્ધાર કરવાનું પ્રણ લીધું છે...

આવા પ્રતિભાવો સાંભળી મહારાજ શ્રી મનોમન પ્રસન્ન થતા. સંતપ્રકૃતિના છતાં વિચક્ષણ, અને માનવ મનોવિજ્ઞાનના જ્ઞાતા, વળી સામાજિક સમસ્યાઓના હલ માટેના અનુભવી ઓધવરામજી મહારાજના દિલમાં પણ એ વાત હતી જ, કે સનાતન ધર્મની પુષ્ટિ માટે આ આ જ્ઞાતિ માટે સક્રિય થવું. પોતાના ગુરુના દેહાવસાન સમયે એમણે તેઓને વચન આપ્યું હતું કે 'કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મની રાહ પર લાવવાનું કે આપનું જે સ્વપ્ન છે, તે પૂર્ણ કરવા હું આજીવન, પૂર્ણ સમર્પણ સાથે પ્રયત્ન કરતો રહીશ...'

અચાનક એક દિવસ સહજ જ એમની મુલાકાત રતનશી ખીમજી ખેતાણી સાથે થઈ ગઈ....

કોને ખબર હતી કે આ એક ઐતિહાસિક મુલાકાતનો દિવસ છે?

કોને ખબર હતી કે રતનશીભાઈની કાર્યશૈલી આ એક જ મુલાકાતથી સમન્વયનો રાહ લેશે ?

અને કોને ખબર હતી કે આ એક જ વાર્તાલાપ રતનશીભાઈને અંતઃકરણના ઊંડાણમાં ડૂબકી મારવા માટે મજબૂર બનાવશે...

સંત-સંગતની એ જ તો વિશેષતા હોય છે, પરંતુ તે દિવસનો રતનશીભાઈનો મિજાજ કંઈક જુદો હતો.

સન 1920-21, વિ.સં. 1977માં એમણે ગુરુગાદી સંભાળી, તે પછીના થોડા જ સમયની આ વાત છે...

મુંબઈમાં અચાનક રતનશીભાઈને ભેગા થઇ ગયા. મહારાજશ્રીને જોતાં જ રતનશીભાઈએ હાથ જોડીને પ્રણામ કર્યા. કહ્યું: "હરિહર, મહારાજશ્રી..."

"હરિહર, હરિહર, રતનશીભાઈ." ઓધવરામજી મહારાજે કહ્યું: "કેટલાક સમયથી આપ સૌ વિરાણીના યુવાનોની ઘણી વાતો સાંભળી છે, કે તમે સનાતન ધર્મની જાગૃતિ માટે જ્ઞાતિમાં બહુ જ સારું કાર્ય કરી રહ્યા છો... આ બાબતે થોડી વિગતે વાત કરો."

રતનશીભાઈને પોતાના કાર્યને મળેલી સફળતાનું ગુમાન હતું. એમણે વિગતવાર માહિતી આપવાની શરુ કરી. દરેક સમયે તેમનું ગુમાન એ વાતોમાં છલકાઈ રહ્યું હતું. જરા ઘમંડ છલકાતી વાણીમાં એમણે કહ્યું: "જુઓ મહારાજ, અમે બધા નારાયણભાઈની સાથે રહીને આખી જ્ઞાતિમાં સનાતન ધર્મની જાગૃતિ માટેનું કામ કરી રહ્યા છીએ. દરેકને સમજાવીએ છીએ કે પીરાણા પંથ છોડે, દેહશુદ્ધિ કરે અને ફરીથી સનાતન ધર્મ અંગીકાર કરે..."

"બહુ સરસ." ઓધવરામજી મહારાજે પ્રોત્સાહન આપતાં કહ્યું: "મને ખરેખર ખૂબ આનંદ થાય છે કે તમે જ્ઞાતિ-સુધારક મંડળ રચીને આવું સુંદર કાર્ય કરો છો. ભગવાન જરૂર તમને પૂરો યશ આપશે."

રતનશીભાઈ પોરસાયા. ત્યાં જ ઓધવરામજી મહારાજે કહ્યું: " તમે જ્ઞાતિને સનાતનમાં પાછી વાળવાનું કામ કરી રહ્યા છો, તે કેવી રીતે થાય છે, એ વિસ્તારથી જણાવો."

રતનશીભાઈના અવાજમાં હજુ એ જ વટ ને એ જ ગુમાન છલકાતું હતું. તેમણે કહ્યું કે "સીધી જ વાત છે, મહારાજ, જ્યાં સુધી જ્ઞાતિના લોકો પોતાની દેહશુદ્ધિ ન કરાવે, અને યજ્ઞોપવીત ધારણ ન કરે, ત્યાં સુધી અમે તેમની સાથે ખાવા-પીવા જેવા વ્યવહાર પણ રાખતા નથી, શું સમજ્યા?"

ઓધવરામજી મહારાજ આ સાંભળતાં જ વિચારમાં પડી ગયા. અને ધીરેથી બોલ્યા: "ઓહો એમ છે..." પછી મંદ સ્વરે પૂછ્યું: "રતનશીભાઈ, એ જણાવશો, કે તમારા ઘરે પરિવારમાં કોણ કોણ છે? અને એ બધા કુશળ-મંગળ તો છે ને?"

રતનશીભાઈએ તરત કહ્યું: : "એ બધાની વાત છોડો, હું તો મારી વાત કરું છું. હું અને મારા ઘરવાળાં દેહશુદ્ધિ કરાવીને સુખેથી સનાતન ધર્મમાં જોડાઈને સારી રીતે રહીએ છીએ."

"બીજા બધાની વાત છોડો, એટલે?" મહારાજશ્રીને આશ્ચર્ય લાગ્યું. એમણે કહ્યું: "કોને છોડવાની વાત છે, રતનશીભાઈ?"

"કોની વાત તે? અરે, અમારા ભાઈ-ભાંડુઓનાં પરિવારની વાત છે." રતનશીભાઈએ ફરીથી એ જ ખુમારીમાં કહ્યું.

"તો કહો, એ બધાના પરિવારમાં કોણ કોણ છે?" મહારાજશ્રીએ આગળ પૂછ્યું.

રતનશીભાઈ હવે જરા ભારપૂર્વક કહેવા લાગ્યા: "જે હોય તે! અમે અમારા ભાઈઓની સાથે વાત જ કરતા નથી. અરે, કોઈ વહેવાર પણ નથી. સમજ્યા? અને એક વાત કહી દઉં કે એ સનાતની તો થઈ જ ગયા છે, પણ એમણે દેહશુદ્ધિ કરાવી નથી, એટલે અમારા ને એમના ખાવા-પીવાના વ્યવહારો સાથે થાય જ કેવી રીતે ?" અને સાંભળો મારી વાત." એમની વેગભરી વાણીમાં ક્યાંક આક્રોશની છાંટ ભળેલી દેખાઈ આવતી હતી: "સાચું કહું તો મારા બેય ભાઈઓ અને બેય ભાભીઓ સાવ ચોપાં (એટલે કે ચાર પગ વાળા- જાનવર) છે. કેટલી વાર સતપંથની હકીકત સમજાવી. પણ સમજવું છે જ કોને? એટલે જ એ બધાયથી અમે બેય અલગ રહીએ છીએ. એ ઘરનું પાણી પણ પીતા નથી. સંબંધો પૂરા એટલે પૂરેપૂરા! દેહશુદ્ધિ ન કરાવી હોય, તેવા લોકોનો પડછાયો પણ અમે અમારા ઘરમાં નહીં પડવા દઈએ!" રતનશીભાઈ જુસ્સાથી ધ્રુજી રહ્યા હતા.

રતનશીભાઈનાં શબ્દોમાં જે જોશ હતું તેમાં અહંકારની ખનક હતી. પણ મહારાજશ્રી બહુ શાંતિથી એ ગુમાન ગળી ગયા ને ધીરેથી પૂછ્યું, "પણ ભાઈ, એ લોકો દેહશુદ્ધિ કેમ કરાવતા નથી? જરા તેમને પણ સમજાવીને દેહશુદ્ધિ કરાવીને તમારી સાથે રાખો ને!"

"એ બનવાનું જ નથી!" રતનશીભાઈ જરા અકળાઈને બોલી ઊઠ્યા, "તમે શું માનો છો? અમે એમને સમજાવ્યા નહીં હોય ? પણ એ લોકો સમજવા તૈયાર જ નથી. થાકી ગયા એ બધાને સમજાવતા સમજાવતા ! એવું નથી કે એ લોકોને સમજણ નથી. પણ સાચું કહું તો એમને દેહશુદ્ધિ કરાવવાની હિંમત નથી."

હવે ઓધવરામજી મહારાજ ધીરે ધીરે મુખ્ય વિચારધારા તરફ વાતનો વળાંક લઈ રહ્યા હતા. એમણે બહુ વિનમ્રતાથી પૂછી લીધું: "કેમ? શા માટે એમને આવી હિંમત થતી નથી રતનશીભાઈ?"

ઓધવરામજી મહારાજ વાતો કરતાં કરતાં સમસ્યાનાં મૂળ સુધી પહોંચવા મથી રહ્યા છે, તેનો ખ્યાલ હવે રતનશીભાઈને પણ આવી રહ્યો હતો.

તેમણે તરત જ કહ્યું: "મહારાજ, જે લોકો નારાયણભાઈની વાત માનીને દેહશુદ્ધિ કરાવે છે, એ લોકોની જ્ઞાતિના ગેઢેરાઓ શી દશા કરે છે, તેની તમને શી ખબર? અરે, એમને જ્ઞાતિ બહાર મૂકી દેવામાં આવે છે! એમની સાથેના બધા જ સંબંધ અને સગપણ તોડી નાખવામાં આવે છે! એવાં એવાં ફરમાન આપવામાં આવે છે, કે બહેન કે દીકરીના સંબંધ હોય, પતિ કે પત્ની હોય, સગા બે ભાઈઓ હોય, કે પછી બાપ-દીકરાના પણ સંબંધ હોય... આ બધા જ તોડી નાખો! એટલું જ નહીં રોજબરોજના જીવનમાં પણ તે લોકો ડગલે ને પગલે દેહશુદ્ધિ કરાવનાર ઉપર, કે પછી તેમના આખા પરિવાર ઉપર જુલમ અને ત્રાસ ગુજારવાનો એક પણ મોકો છોડતા નથી..."

ઓધવરામજી મહારાજ કોઈ ઊંડા ચિંતનમાં ઊતરી ગયા હતા. તેઓની આંખમાં આંખ માંડીને રતનશીભાઈએ આગળ કહ્યું: "ભલે એ લોકો ગેઢેરાઓના જુલમથી ડરતા હોય પણ હું ડરતો નથી. એટલે જ તો જુઓને, હું અને મારી પત્ની અલગ રહીએ છીએ. છોડી દીધા છે, એ બધાને એમના કરમ પર...!"

રતનશીભાઈના શબ્દોમાં એટલો તીવ્ર આક્રોશ હતો કે જ્યારે તેઓની વાણી થંભી, ત્યારે વાતાવરણમાં એક પ્રકારનો દર્દભર્યો સન્નાટો છવાયેલો હતો. સંત ઓધવરામજી મહારાજ કદાચ આવી જ પળની પ્રતીક્ષા કરી રહ્યા હતા.. ચહેરા પર ચિંતાનાં વાદળો તરી રહ્યા હતા, અને મનમાં આ સમસ્યાનો સચોટ ઉકેલ આકાર લઇ રહ્યો હતો...

થોડીવાર સુધી બંને મૌન રહ્યા. છેવટે ખૂબ ધીમા સ્વરે અને પૂરી સાવધાની છતાં મક્કમતાથી બોલતા હોય તેમ ઓધવરામજી મહારાજે વાતની શરૂઆત કરી: "રતનશીભાઈ, તમે જે વાત કરી, તે મેં બરાબર સાંભળી છે. પણ જો તમે ખોટું ન લગાડો તો એક વાત કહું."

રતનશીભાઈનાં વટ અને ખુમારી ધીરે ધીરે ઓછાં થતાં જતાં હતાં. તેમણે જરા નમ્ર સ્વરે કહ્યું: "જી, કહો. મહારાજ."

મહારાજે વાતની શરૂઆત કરી: "ભાઈ, તમને લાગે છે, કે જો તમે તમારા ભાઈઓને સમજાવી શકતા નથી, તો તમે આખી જ્ઞાતિને સમજાવી શકશો?"

તેઓ પળભર અટક્યા. આ વેધક પ્રશ્નની પૂરી અસર થવા દીધી. પછી કહ્યું : "મને તો લાગે છે કે આ રીતે તો તમારો ધ્યેય છે કે આખી જ્ઞાતિને સનાતની બનાવવી, પણ તેમાં સફળતા મેળવવી બહુ

કઠિન લાગી રહ્યું છે.” રતનશીભાઈનું ગુમાન ક્યારનું ઓગળી રહ્યું હતું. પરંતુ ઓધવરામજી મહારાજના આ એક જ પ્રશ્નથી તેઓ સંપૂર્ણ પરાસ્ત થઈ ગયા.

એક સંતના મુખેથી વહી રહેલી અમૃતવાણીનો પ્રભાવ તેમના સમગ્ર વ્યક્તિત્વ ઉપર છવાઈ રહ્યો હતો. ઊંડાણથી વિચારીને તેઓ ધીરેથી એટલું બોલી શક્યા: “તો પછી મહારાજ, ધ્યેયને પહોંચવાનો રસ્તો શું? અમારે શું કરવું જોઈએ?”

ઓધવરામજી મહારાજ રતનશીભાઈનાં પરિવર્તનથી ખૂબ પ્રસન્ન થયા. તેમણે સમન્વય અને સંબંધનો માર્ગ ઉજાગર કરતા હોય તેમ સ્પષ્ટપણે અને ધીરે-ધીરે એક અદ્ભુત અને મનોવૈજ્ઞાનિક સમાધાન આપવાની શરૂઆત કરી : “રતનશીભાઈ, આપણો સનાતન ધર્મનો માર્ગ જ સમન્વયનો છે. સદ્ભાવનો છે, અને તમે હાલ જે રસ્તો અપનાવ્યો છે, તે તો સનાતની-સનાતની વચ્ચેના ભેદભાવને જ હવા આપી રહ્યો છે. મહત્ત્વનું એ નથી કે જ્ઞાતિના લોકોએ દેહશુદ્ધિ નથી કરાવી, મહત્ત્વનું તો એ છે, કે શું તેમણે પીરાણાનો સતપંથ છોડ્યો છે? શું તેમણે ઇમામશા બાવાનો ત્યાગ કર્યો છે? શું તેમણે પાવળ પીવાનું બંધ કર્યું છે? જો તેમણે ઈમામશા બાવાને તન ને મનથી મૂકી દીધો હોય, અને એ રીતે માણસ સનાતની બની જતો હોય, તો દેહશુદ્ધિ કરવાની કોઈ જરૂર નથી! કારણ એટલું જ છે, કે જો તમે તેની સાથે છૂત-અછૂત જેવું વર્તન કરશો, તો આવનારા સમયમાં તમારી સાથે કોણ અને કેટલા લોકો જોડાશે? મને તો લાગે છે કે તેનાથી તો ઉલટા તમારી સાથે ઘૃણા રાખીને સનાતનમાં વળેલા લોકો પણ ફરીથી સતપંથીઓ સાથે ભળવા લાગશે.”

રતનશીભાઈનો આત્મા ઓધવરામજી મહારાજના એક એક શબ્દને ગ્રહણ કરી રહ્યો હતો. તેમણે ફરીથી પૂછ્યું: “તો મહારાજ, મારે કરવું શું?”

“રતનશીભાઈ,” મહારાજશ્રીએ કહ્યું: ‘”સૌથી પહેલાં તો તમે તમારા બંને મોટા ભાઈઓના ઘરે સામેથી જાઓ. બંનેની માફી માંગો. આમ પણ એ બંને સનાતની છે, તો એમની સાથે ભળી જાઓ. આજથી જ તેમની સાથે ખાવા-પીવાના વ્યવહારો શરૂ કરો. અને યાદ રાખો, મેં એવું કહ્યું જ નથી કે તમે સતપંથી ભાઈઓ સાથે આવા વ્યવહાર શરૂ કરો. માત્ર સનાતની ભાઈઓ સાથે જ એ શરૂ કરવાની વાત કરી રહ્યો છું...”

રતનશીભાઈ આટલી સ્પષ્ટતા પછી પણ દ્વિધામાં હતા. તેમણે ફરી પૂછ્યું: “મહારાજ, એકલા એવા વ્યવહારો રાખવાથી શું થશે? શું એ લોકો અમારી સાથે જોડાશે? શું એ લોકો સતપંથીઓ સાથેના વ્યવહારો બંધ કરશે?”

ઓધવરામજી મહારાજની આંખો કોઈ દિવ્ય તેજથી ચમકી ઊઠી, તેમણે પ્રસન્ન સ્મિત સાથે કહ્યું : "હા, એમ જ થશે, અને જરૂર થશે રતનશીભાઈ, જો જો, ભગવાન જરૂર ચમત્કાર કરશે..."

સંતવાણીની તાકાત એવી હતી કે રતનશીભાઈના હૃદય ઉપર અદ્ભુત પ્રભાવ પડ્યો હતો. તેઓ અંદર સુધી હચમચી ગયા હતા. ઓધવરામજી મહારાજની વાણીમાં સંત હૃદયની આર્દ્રતા હતી, માનવ માત્ર માટેની કરુણા હતી, છતાં અસરકારક ધાર પણ હતી. તેમની આંખોમાંથી સમાજ માટે આત્મીયતાની ધારા વહી રહી હતી. જો કે રતનશીભાઈ સૂનમૂન થઈ ગયા. હવે શું કરવું? પારોઠનાં પગલાં ભરવાં કે પછી જે કાર્યશૈલી પકડી છે તે જ ચાલુ રાખવી? કે પછી કાર્યશૈલીમાં કોઈ બદલાવ કરવો જોઈએ? અને કરવો, તો કયો બદલાવ કરવો? રતનશીભાઈના મનમાં જબરદસ્ત ઘમાસાણ ચાલી રહ્યું હતું.

ઓધવરામજી મહારાજ આ સિંહને ભોંઠો પડી ગયેલો જોઈ ન શક્યા. તેમણે જરા નજીક આવી રતનશીભાઈના હાથ પર હાથ મૂકતાં કહ્યું: "ભાઈ, મુંઝાઓ મા. શાંતિથી વિચાર કરજો. જે પણ કામ કરો, ને મારી જ્યાં પણ જરૂર પડે, તો જરા પણ અચકાયા વિના જણાવજો. હું સમાજનાં બધાં જ કામ કરવા તૈયાર છું. પણ આ જે વાત કરી તેમાં ખોટું લાગ્યું હોય તો માફ કરજો. આ તો મને જે લાગ્યું તે કહ્યું..."

રતનશીભાઈના સ્વરમાં હવે પૂરી વિનમ્રતા હતી. એમની આંખોની ભીનાશ એમના શુદ્ધ અંત:કરણને પ્રગટ કરી રહી હતી.

પૂરી દૃઢતા સાથે ઓધવરામજી મહારાજે ફરી યાદ કરાવ્યું કે "હમણાં તો તમે તમારા બંને ભાઈઓના પરિવાર પાસે જાઓ. તમારા ભાઈ અને ભાભીને કહો કે મને પરિવારમાં ભેળવી દો..."

રતનશીભાઈ દિગ્મૂઢ હતા. આ શૂરવીરના કપાળ પર પરસેવો બાઝી ગયો. હાથ-પગમાં ધ્રુજારી આવીને પસાર થઈ ગઈ. પરંતુ હવે પોતે વચનબદ્ધ હતા. તેમણે હાથ જોડીને કાંપતાં સ્વરે કહ્યું: "મહારાજ, આ મારી ઘનઘોર કસોટી છે. હિમાલય ઉપાડવા જેવી વાત છે. પણ તમારું વચન નીચે નહીં પડવા દઉં."

તેઓ નીચે નમ્યા, મહારાજે એમને ચરણસ્પર્શ કરતા રોકી લીધા, બંનેના હોઠો પર સ્મિત હતું. આજથી સમાજને નવી શૈલીથી સનાતની કરવાનો જાણે વિશેષ શંખનાદ થશે...

મહારાજના અંતરમાં આનંદ અને પ્રસન્નતાનો સમંદર ઘૂઘવતો હતો...

**"મને તમારામાં ભેળવી દ્યો.."**

રતનશીભાઈ અહીંથી સીધા જ ભાઈના ઘરે પહોંચ્યા. બારણાની સાંકળ ખખડાવી. ભાભીએ નજર કરી ત્યાં તો આશ્ચર્યચકિત થઈ ગયાં: અરે રતનશી?!

"ભાઈ છે?" રતનશીભાઈએ પૂછ્યું. ત્યાં તો આખો પરિવાર એકત્ર થઈ ગયો. રતનશીભાઈએ ધીરા પગલે ઘરમાં પ્રવેશ કર્યો. બંને ભાઈઓના આશ્ચર્યનો પાર ન હતો. આજે તેઓ રતનશીનું સાવ અલગ જ સ્વરૂપ જોઈ રહ્યા હતા. બધાયના મોંમાંથી સહજ નીકળી ગયું: "આવ રતનશી..."

અને રતનશીભાઈએ સીધા જ બંને ભાઈઓના પગે પડીને એ જ શબ્દો કહ્યા, જે ઓધવરામજી મહારાજે કહ્યા હતા: "મને માફ કરો, ભાઈ, બહુ દિવસોનો ભટક્યો આજે ઘરે આવ્યો છું. મને માફ કરો, ને તમારામાં ભેળવી દ્યો..!"

બંને ભાઈ-ભાભીઓની આંખોમાંથી હેત અને વાત્સલ્યની અશ્રુધારા શરૂ થઈ ગઈ હતી. ભાઈએ બાથમાં ઘાલીને રતનશીભાઈને વધાવી લીધા. આખા ઘરમાં જાણે પર્વ-ઉત્સવનું વાતાવરણ હિલ્લોળ લેવા લાગ્યું. એ દિવસે જાણે ઘરમાં બીજી દિવાળી મનાવાઈ રહી હતી. લાપસીનાં આંધણ મુકાયાં અને પરિવારના એકેએક સભ્યના અંતરમાં આનંદ અને પ્રસન્નતાનાં દીવડા ઝળહળવા લાગ્યા...

હવે શું કરવું? રતનશીભાઈનું મન આગળની વ્યૂહરચના પર અટકી ગયું હતું. એમનું હૈયું કહેતું હતું કે ઓધવરામજી મહારાજની આ વિચારધારા અપનાવીને મેં ખરેખર તેની સફળતાને નજીકથી સમજી લીધી છે.

કાપવાથી નહીં, સંબંધ તો હંમેશાં વધાવવાથી ખીલે છે. એટલું જ નહીં, મનની ગાંઠો પણ હેત ભરેલા સ્વીકાર સાથે ઓગળતી જાય છે. ધીરે ધીરે સતપંથની ઇસ્લામી માનસિકતાને દૂર કરીને સનાતન ધર્મની સીડી ચડાવવાનું કામ આ જ રીતે સરળ બનતું હોય, તો તેમ કરવામાં વાંધો શું? કારણ કે એમના ભાઈઓએ પણ થોડા જ સમયમાં સનાતની પરંપરાને દિલ અને દિમાગથી સમજવાની શરૂઆત કરી દીધી. એ પરિવારજનો દેહશુદ્ધિ કરાવવા માટે તૈયાર થઈ ગયા. તા. 16 જુલાઈ, 1923નો એ શુભ દિવસ હતો, જ્યારે સૌએ દેહશુદ્ધિ કરાવી વિધિવત્ સનાતન ધર્મ અંગીકાર કર્યો. રતનશીભાઈ માટે પરિવારજનોનું આ પરિવર્તન મહાન આશ્ચર્યથી જરા પણ ઓછું ન હતું. જે વિરોધથી ન થયું, તે વહાલથી શક્ય બની રહ્યું હતું. અને આ એમનો જાતનો અને ઘરનો જ

અનુભવ હતો...તેમને ઓધવરામજી મહારાજના સૂચનમાં જબરદસ્ત વજૂદ જણાયું. તેમણે અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આ જ વિચારોને સાથે રાખીને જ્ઞાતિ સુધારણાના કામને ગતિ આપવાનો નિર્ધાર કરી લીધો.

હવે મન-હૃદયની પૂરી સ્પષ્ટતા સાથે તેઓ નારાયણભાઈ લીંબાણીના દરવાજે પહોંચી ગયા...થોડો સમય વહી ચૂક્યો હતો, અને તેમ થવું જરૂરી પણ હતું...

# સોપાન 8

# નવો મારગ !

“આવો, આવો, રતનશીભાઈ!” નારાયણભાઈએ ઉમળકાભેર સ્વાગત કર્યું.

રતનશીભાઈએ બેઠક લીધી, લાંબી ઔપચારિક ભૂમિકા વિના સરળતાથી સીધી વાતની જ શરૂઆત કરી: “થોડા સમય પહેલાં મારે સાધુ ઓધવરામજી સાથે મળવાનું થયું હતું. તેમની તેજસ્વિતાએ મને ખરેખર પરાસ્ત કરી દીધો, નારાયણભાઈ..”

“હમમ..” નારાયણભાઈ વાતનો તાગ પામવા મથી રહ્યા હતા.

“તેમની સાથે આપણા ધર્મ સુધારક અભિયાન અંગેની વાત પણ નીકળી, ત્યારે તેમણે મને એ જ કહ્યું હતું કે સંબંધો કાપી-કાપીને મોટી જ્ઞાતિ સાથે તમે કેટલુંક વેર કરશો?”

“અચ્છા! પછી?”

પછી તો સંત ઓધવરામજી મહારાજ સાથેની મહત્ત્વની વાતો એમણે વિગતવાર સંભળાવી. એટલું જ નહીં, એમણે જે ઉપાય બતાવ્યો હતો, તે પણ જણાવ્યો. અને કહ્યું: “દેહશુદ્ધિ એટલી મહત્ત્વની નથી નારણભાઈ, મને લાગે છે કે સનાતની વિચારધારા વાળા તમામ જ્ઞાતિબંધુઓની સાથેનો વ્યવહાર શરૂ કરી દેવો જોઈએ. ભલે સતપંથી સાથેનો વ્યવહાર ન રાખીએ, તે તો બરાબર છે, પણ આ બાબત અંગે આપણે જરૂર વિચારવું જોઈએ.”

નારાયણભાઈની આંખો હવે ચમકવા લાગી. તેમણે કહ્યું: “રતનશીભાઈ, આ બધું તમે શું બોલી રહ્યા છો? અરે! આવા તો કેટલાય સાધુઓ ફરતા હોય છે. એ લોકો બોલતા ભલા અને આપણે આપણા રસ્તે ચાલતા ભલા...”

“પણ નારાયણભાઈ,” રતનશીભાઈએ ધીરેથી ફરી પ્રસ્તાવ મૂક્યો: “તમારી વાત પણ અત્યારે તો બરાબર લાગે છે. આપણી જ્ઞાતિને સનાતની બનાવવાનો આપણો ધ્યેય તો આપણે ક્યારેય છોડવાનો જ નથી, પણ એક વાત એ પણ છે, કે ઓધવરામજી મહારાજને મળ્યા પછી મને એટલી વાત નક્કી થઈ, કે એ કોઈ સાધારણ સાધુ નથી. તેમનામાં દૈવી તેજ છે. તેમની વાતોમાં વજન છે, અને આવનારા ભવિષ્યનો વરતારો પણ મને દેખાય છે.”

નારાયણભાઈ રતનશીભાઈની વાતો ઉભડક મનથી સાંભળી રહ્યા હતા, પરંતુ રતનશીભાઈની વાણી આજે સંતહૃદયનાં આશીર્વાદમાં ઝબકોળાઈને આવી રહી હતી. તેમણે જેવી હતી, તેવી જ સ્પષ્ટ વાત ઉચ્ચારી: “જુઓને નારાયણભાઈ, આ આપણી મુહિમ કેટલાય સમયથી ચાલે છે. પરંતુ હજુ સુધી આપણને ધારી સફળતા મળી શકી? અને જે પણ થોડી સફળતા મળી છે, તેમાંય રોજ કોઈકને કોઈક વડીલ તમારી પાસે આવે છે, તમારા ચરણોમાં પાઘડી ઉતારે છે, ને કહે છે, કે નારાયણભાઈ, સનાતન ધર્મની તમારી બધી જ વાતો સાચી. પણ ગેઢેરાઓનો ખોફ છે, અને “અમને જ્ઞાતિ બહાર કરી દેશે તો!” એ ડર છે...હવે કહો, લોકો તમને જ કહે છે કે ભાઈ, અમે સનાતનમાં આ જ કારણે રહી શકતા નથી, ને ન છૂટકે ફરીથી સતપંથમાં ભળવું પડે છે... તો વિચાર કરો નારાયણભાઈ, જ્યારે એવા વડીલો પોતાની પાઘડી તમારા પગ પાસે મૂકે છે, ત્યારે આપણે કંઈ કરી શકીએ છીએ?”

નારાયણભાઈનો અહં રતનશીભાઈના એક એક શબ્દે પળે પળે કપાઈ રહ્યો હતો. પરંતુ કોણ જાણે કેમ આજે રતનશીભાઈની આંખોમાં સંત દ્વારા પ્રાપ્ત થયેલી દિવ્ય તેજસ્વિતા અને સ્પષ્ટતા ઝળકતી હતી.

તેમણે પૂરી વિનમ્રતા છતાં દૃઢતા રાખીને આગળ કહ્યું: “નારાયણભાઈ, સંત ઓધવરામજી મહારાજ ખરેખર ખૂબ જ તેજસ્વી સંત છે. તેમની સલાહ મને તો એકદમ વ્યવહારુ લાગે છે. ખૂબ સંયમ અને ધીર-ગંભીર વ્યવહારથી તેઓ વાતો કરે છે. અને આ કોઈ સામાન્ય સંતની નિશાની નથી લાગતી. મને તો લાગે છે, કે એમણે આપણને ખરેખર ખૂબ જ સાચો અને સરળ રસ્તો બતાવ્યો છે. આપણે તેમના સૂચન ઉપર જરૂર ધ્યાન આપવું જોઈએ...”

હવે નારાયણભાઈની ધીરજનો બાંધ તૂટી ગયો. એ રહી ન શક્યા, તેમની આંખોમાંથી ક્રોધના તણખા ઝરવા લાગ્યા. આખી વાતને સોઈ-ઝાટકીને ઉડાડી મૂકતા હોય, તેમ તેમણે કહ્યું: "અરે ! આવી સલાહો સાંભળવાની ન હોય રતનશીભાઈ, આવી સલાહો આપવાવાળા તો ઘણા આવે છે. તમે કોની કોની વાત માનશો? ગેઢેરાઓ તો આપણી મુહિમ તોડવા જુલમ કરવાના જ છે. એ લોકોએ આવું પહેલાં પણ કર્યું હતું. એનાથી કાંઈ ડરવાનું ન હોય..."

"પણ નારાયણભાઈ..." રતનશીભાઈએ વિનમ્રતાપૂર્વક સંતશ્રીની વાત ફરીથી ઉચ્ચારી: "મને એક પ્રયત્ન તો કરવા દો! જો સફળ થઈશ, તો પણ તમારી સાથે છું અને નિષ્ફળ થઈશ, તો પણ ફરીથી દેહશુદ્ધિ કરાવીને તમારી સાથે જોડાઈ જઈશ.."

હવે નારાયણભાઈનો ગુસ્સો જાણે સાતમા આસમાને હતો, તેમણે પૂરી કડવાશથી કહ્યું: "રતનશીભાઈ, ધર્મનાં કામને તમે ખેલ સમજો છો? અરે! ધર્મનું કામ, કાંઈ રમત વાત નથી. કે આજે દેહશુદ્ધિ કરાવી, કાલે બગાડી, અને ફરીથી મજા આવે ત્યારે દેહશુદ્ધિ કરાવી લીધી! આ શું બાળપણાની રમત ભાળી ગયા છો? અરે, ધર્મનાં કામ કરવા તો અડગ મન અને દૃઢ નિશ્ચય જોઈએ.."

"પણ એ વાતની ગંભીરતા હું ક્યાં નથી સમજતો, નારાયણભાઈ?" રતનશીભાઈએ કહ્યું: "પણ મને લાગે છે કે એ જરૂર જોવું જોઈએ, કે આપણું જડ વલણ જ ક્યાંક આપણા ધ્યેયને મારી ન નાખે! હું આપને ફરીથી કહું છું, કે તમે અમારા માર્ગદર્શક છો, અને આજીવન રહેશો. પણ આપણા લોકો રોજેરોજ પોતાની પાઘડી ઉતારી ઉતારીને, આપણને છોડીને ફરી ફરી સતપંથમાં ભળી જાય છે, તે સમસ્યાનો કોઈક તો ઉપાય કરવો પડશે ને!"

અને આખરે નારાયણભાઈનો ગુસ્સો વિસ્ફોટમાં પરિણમી ગયો. તેમણે ગર્જના કરતા હોય તેમ દરવાજો દેખાડીને રતનશીભાઈને કહી દીધું: "તો તું પણ જતો રહે! છોડી જા આ મુહિમને ! કોઈ જબરજસ્તી નથી... તને જેમ ઠીક લાગે તેમ કર. પણ યાદ રાખજે, ફરીથી મારી પાસે બીજી વાર નહીં આવતો. આજ પછી આપણા બંનેના રસ્તા જુદા છે..."

અને જાણે અચાનક ધરતીકંપ થયો હોય તે રીતે રતનશીભાઈ તદ્દન હતપ્રભ થઈ ગયા. એક તરફ તેજસ્વી અને સત્યનિષ્ઠ સંત ઓધવરામજી મહારાજની ધીરગંભીર પ્રતિભા, ઊંડી સૂઝ અને સર્વહિતની સાથેની સમાવેશી ભલામણ, તો બીજી તરફ નારાયણ રામજી લીંબાણી જેવા મહાન માર્ગદર્શકની છત્રછાયા!

તેઓ અત્યારે સમયના એવા ત્રિભેટે હતા કે નિર્ણય લેવાની સાવધાની જાણે ક્યાંય ઓસરી ચૂકી હતી. તેમણે સ્વભાવથી વિરુદ્ધ જઈને નારાયણભાઈની સામે હાથ જોડ્યા, અને કહ્યું: "નારાયણભાઈ, તમે જે માર્ગ પર ચાલ્યા છો, અને જે કાર્ય કરો છો,તે બધું જ બરાબર છે, પણ હવે મને પણ મારી રીતે સંતશ્રીના સૂચન મુજબ પ્રયત્ન કરવા માટે સંમતિ આપો...હું ફરીથી કહું છું, કે તમે મારા માર્ગદર્શક છો, અને હર હંમેશ રહેશો..." આખરે નીચું મસ્તક રાખીને બેઠેલા નારાયણભાઈને વંદન કરીને રતનશીભાઈ મ્લાન વદને એ ઘરનો ઉંબરો ઊતરી ગયા..

આજથી નારાયણભાઈનો જમણો હાથ કે પછી તેમનું હૃદય, સંપૂર્ણ તૂટી ગયું...

રતનશીભાઈ પણ આટલી જૂની દોસ્તી, અને સિદ્ધાંતના પથ પર તેજગતિથી આગળ વધારનાર અનન્ય મિત્ર નારાયણભાઈથી વિખુટા પડવાનું દર્દ બહુ ઊંડે સુધી અનુભવતા હતા.

બીજી તરફ નારાયણભાઈ પણ અંદરથી એટલા ઘવાયા કે સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર કાર્યની શરૂઆત હવે ક્યાંથી અને કેવી રીતે કરવી તે માટે જાણે દિશાશૂન્ય થઇ ગયા હતા. થોડા જ દિવસોમાં રતનશીભાઈ મુંબઈ છોડીને કચ્છને જ કાર્યક્ષેત્ર બનાવવાની નેમથી પોતાને ગામ મોટી વિરાણી આવી પહોંચ્યા...

# સોપાન ૭

# સંઘર્ષના સાથીઓ

વિરાણી ગામમાં મુખ્ય સડકને અડીને જ આવેલા પોતાના નાના ઘરની ડેલીની ઉપર જ એમણે નાનકડી મેડી બંધાવી હતી. નાનું ટેબલ, પુરાણી શૈલીના બે સોફાઓ, સતપંથ અને સનાતન ધર્મનાં પુસ્તકોથી ખીચોખીચ ભરેલાં કબાટો અને સતત અધ્યયનની નિરાંત, આ હતી તેમની સાચી મૂડી.

ક્યારેક નીચે ડેલી પાસે આવે, ત્યારે જુએ કે અનેક ગરીબ-ગુરબાઓ કે પછી જરૂરતના માર્યા ભીખ માંગવા ચડી ગયેલા સારા ઘરના માણસો ડેલીની આસપાસ આંટા મારે છે. તેમણે તે બધા સાથે વાતચીત કરવા માંડી, અને પછી તો એ ક્રમ બની ગયો.

રોજ સવારે અનાજની ગુણ બાજુમાં લઈને બેસતા. જે કોઈ અભ્યાગત, ભિક્ષુક, સાધુ-સંન્યાસી કે જરૂરતવાળા આવે તેને પ્રેમથી પાલી-પાલી અનાજ આપવાનો તેમનો નિત્યક્રમ બની ગયો. પરંતુ આવી નાની સેવા માટે ભગવાને તેમનું સર્જન નહોતું કર્યું. સુધારક મંડળના મંત્રી તરીકે અને કુશળ વક્તા તરીકે સમાજમાં તેમની જે છાપ ઊભી થઈ હતી, તેથી અનેક સનાતન ધર્મીઓની આશા હતી કે રતનશી નામનું રતન ક્યાંક ચીંથરામાં વીંટાઈને પડી ન રહે...

ઓધવરામજી મહારાજને પણ આ જ દહેશત હતી કે આઘાતનો માર્યો સમાજનો આ સિંહ ક્યાંક સંપૂર્ણપણે નિષ્ક્રિય ન થઈ જાય! અને એક દિવસ તેઓ સવારના પહોરમાં મોટી વિરાણી આવી પહોંચ્યા !!

આ વખતે મહારાજશ્રીનો હેતુ સ્પષ્ટ હતો કે કચ્છના વિભિન્ન તાલુકાઓમાં વસી રહેલા નાનાં નાનાં ગામડાંઓમાં જ્યાં જ્યાં સતપંથ દ્વારા વર્ષો જૂનાં જમાતખાનાં શરૂ થયાં છે, તેને દૂર કરીને હિન્દુ-સનાતન ધર્મનો પરચમ લહેરાવવો, અને તેને માટે રતનશીભાઈ જેવું પાત્ર શાંત થઈને બેસી રહે, તે કોઈ પણ કારણસર પોષાય તેમ ન હતું.

ઓધવરામજી મહારાજને મોટી વિરાણીમાં જોઈને રતનશીભાઈનું અંતર ભાવવિભોર થઈ ગયું. મહારાજશ્રીએ સીધો જ પ્રશ્ન પૂછ્યો કે "હવે અહીં શો વિચાર છે?"

રતનશીભાઈ બોલી ઊઠ્યા: "મહારાજ, ઘણુંય કરવાનું મન છે, પણ માર્ગ જડતો નથી."

મહારાજે કહ્યું: "હવે ગામોગામ ફરવાની જરૂર છે. તમે તમારા વર્તનથી અને વાણીથી સમાજના ઇસ્લામીકરણને રોકીને, તેમનું સાચા માર્ગે પરિવર્તન કરવા લાગો, એ જ રીતે તેમને ફરીથી સાચા હિન્દુ બનાવી શકશો."

"મહારાજ, ગામડામાં ફરવામાં મને કંઈ વાંધો નથી," રતનશીભાઈએ અવરોધના પડછાયા જોતા હોય તેમ કહ્યું: "પણ સમાજના ગેઢેરાઓનું જોર કેટલું છે, તે તમે ક્યાં નથી જાણતા? તેમને કારણે જ ગામડાં ગામોમાં આવું અજ્ઞાન પથરાયેલું જોવા મળે છે."

"તો શું એ જ કારણે આવું ભગીરથ કામ અટકાવી દેવું જોઈએ?" ઓધવરામજી મહારાજે કહ્યું: "રતનશીભાઈ, જો તમારું વર્તન વિરોધને બદલે વહાલનું હશે, અપમાનની સામે તિરસ્કાર કરવાને બદલે સહનશીલતાનું હશે, તો જે કામ છ મહિનામાં થવાનું હશે, તેને બદલે તમે માત્ર બે મહિનામાં લોકોને શુદ્ધીકરણ માટે તૈયાર કરી શકશો." પછી આંખોમાં આંખો પરોવી દૃઢતા સાથે કહ્યું: "મને તમારી એ ક્ષમતા પર વિશ્વાસ છે."

બસ, આ વેણ પર જ જાણે રતનશીભાઈએ ઓધવરામજી મહારાજના આશીર્વાદનું કવચ ધારણ કરી લીધું. બે ત્રણ વર્ષના સમયગાળામાં સને 1925-26થી જ્ઞાતિજનો વચ્ચે પણ એ મતભેદ જાહેરમાં આવવા લાગ્યા, કે રતનશી ખીમજી અને નારાયણ રામજી એક જ વિચારથી જ્ઞાતિ-સુધારણાના કાર્યમાં સંમેલિત નથી. પણ ધીરે ધીરે રતનશીભાઈએ પોતાના વિચારો સાથે સહમત લોકોનું એક મોટું જૂથ તૈયાર કરવાનો આરંભ કરી દીધો.

ટૂંક સમયમાં જ તેઓને એવા જ સક્ષમ મિત્રનો ભેટો પણ થઈ ગયો, જેમણે રતનશીભાઈની સાથે રહીને આસપાસનાં અનેક ગામોમાં વિચરણ કરી કરીને, નાની મોટી મીટીંગો અને સભાઓ કરીને,

ઘરોઘર મુલાકાતોનો દોર ચાલુ રાખીને, વિરોધીઓનાં પથરાવ કે ગાળો સહન કરીને પણ સનાતન ધર્મનો પરચમ લહેરાવવામાં એક કદમ પણ પાછી પાની નહોતી કરી..

સંઘર્ષનો સમય જેમ જેમ પરવાન ચઢતો હતો, તેમ તેમ સનાતન ધર્મ તરફની સફળતાનો પ્રવાહ પણ એટલો જ ધોધમાર વહી રહ્યો હતો. ઓધવરામજી મહારાજ દૂર રહ્યા છતાં પણ આ સમર્પિત બેલડીના પરિશ્રમ અને તેના દ્વારા મળેલા પરિણામોથી જરા પણ અજ્ઞાત ન હતા.

મનોમન તેમને સંતોષની લાગણી ઊભરાઈ રહી હતી, કે ગુરુ લાલરામજી મહારાજની આજ્ઞાનું અક્ષરશ: પાલન થઈ રહ્યું છે, સતપંથના ઈસ્લામીકરણમાંથી મહદ્ અંશે કચ્છ કડવા પાટીદાર સમાજના લોકો જાગૃતિની ધરોહર દ્વારા ફરી સનાતન ધર્મના મુખ્ય પ્રવાહ તરફ આવી રહ્યા છે.

જો કે મેદાને ચડેલાને જ ખરાખરીના સંઘર્ષની ખબર હોય. રતનશીભાઈને એવા જ કંટક માર્ગનો જાતઅનુભવ હતો. ગામોગામના ગેઢેરાઓની માનસિકતાને એમણે નજીકથી નિહાળી હતી.

# સોપાન 10

## લક્ષ્મીનારાયણ મંદિરોની આલબેલ

તે દિવસો દરમિયાન ફરી એકવાર ઓધવરામજી મહારાજ સાથે રતનશીભાઈની મુલાકાત સહજ જ થઈ ગઈ. મહારાજશ્રીના મુખ પર પ્રસન્નતાની લહેર વર્તાઈ રહી હતી.

રતનશીભાઈએ પ્રણામ કરતાં કહ્યું: "મહારાજ, આપે બતાવેલા માર્ગે ચાલતા કામ તો ઘણું થઈ રહ્યું છે, પરંતુ હજુય લાગે છે કે ઘણું કરવાનું બાકી છે, અને એ મુશ્કેલ પણ છે."

જો કે મહારાજશ્રી પણ જાણતા હતા કે આપણે તલવારની ધાર ઉપર ચાલી રહ્યા છીએ. જો સનાતન તરફ વળેલા જ્ઞાતિજનોને યોગ્ય અને સરળ ઉપાય નહીં અપાય તો કરેલી બધી મહેનત પાણીમાં જશે, લોકો પુનઃ સતપંથ તરફ દોટ મૂકશે. એમણે વાતનો તાગ લેવા પૂછ્યું: "શી તકલીફ પડે છે, રતનશીભાઈ?"

રતનશીભાઈનું હૈયું જાણે ખૂલી ગયું હતું. એકશ્વાસે એમણે વાતની માંડણી કરી : "મહારાજ, એક તો અભણ પ્રજા છે. બીજું સતપંથના જમાતખાને બેસી રહેલા 'કાકા' (પીરાણા દ્વારા નિયુક્ત વડીલ સૈયદ, જે ઇસ્લામીકરણની પ્રક્રિયાને વેગ આપતા હતા) ગામ લોકોને પીરાણાપંથની વાતોમાં ભોળવતા રહે છે. એમની અનર્ગળ પ્રલાપ જેવી વાતોમાં આવી જનારા કેટલાય ગામોના વડીલો એવા છે કે જૂની બેડીઓ તોડવા તૈયાર નથી. એટલે જ ક્યારેક તો અમારે પથ્થરો ખાવા પડ્યા છે. અપમાનો સહન કરવા પડ્યા છે. અરે! અમને ગામમાંય પેસવા દેતા નથી. આવા સંજોગોમાં કામ કરવું કેવી રીતે?"

એમણે આગળ કહ્યું: "ભલે સારી એવી સંખ્યામાં જ્ઞાતિના લોકો ભલે સનાતન ધર્મી બની રહ્યા હોય, પરંતુ ગેઢેરાઓનો ત્રાસ, સંસ્કૃત વેદમંત્રો વગેરે ધાર્મિક કર્મકાંડ આદિમાં પડતી તકલીફ, સંસ્કૃતના કઠિન શ્લોકો અને તે મુજબ માટેની ક્રિયાઓ કરવા માટે ખૂબ ઓછું ભણેલા પરિવારો જલદીથી અનુકૂલન સાધી નથી શકતા, અને તે સ્વાભાવિક પણ છે. હવે સનાતન ધર્મી બની જતા પરિવારો માટે સરળ ઉપાસના પદ્ધતિ આપવી જરૂરી છે..."

ઓધવરામજી મહારાજની અમીદૃષ્ટિ આ સંઘર્ષના શૂરવીર સામે વરસી રહી. એમણે રતનશીભાઈને ફરી એકવાર વિશ્વાસ બંધાવતાં કહ્યું: "ચિંતા ન કરો રતનશીભાઈ. હું મદદમાં તમારી સાથે છું. શુદ્ધિ કરાવતા જાઓ, અને સતપંથ મુકાવતા જાઓ. બસ, એ પછી જ ખરી કામગીરીની જરૂર છે."

"એ કઈ?" રતનશીભાઈએ પૂછ્યું.

મહારાજે કહ્યું: "તેમને કાયમ માટે સનાતનમાં સાચવવાની, અને ફરીથી સતપંથમાં પ્રવેશ ન કરી લે તેને માટેની કામગીરીની વાત છે, રતનશીભાઈ. હવે તો એ વિચાર કરવાનો છે."

"જરા સ્પષ્ટ કરો તો વાતની ખબર પડે." રતનશીભાઈએ કહ્યું:

ઓધવરામજી મહારાજે કહ્યું: "તમારા પ્રયાસોથી શુદ્ધીકરણ કરીને અનેક પરિવારોએ સનાતન ધર્મનો આશરો તો લઈ લીધો, પણ હવે તેમને કોની સાધના ને કોની ઉપાસના કરવી? કયા સિદ્ધાંતને અને કયા ઇષ્ટદેવને અનુસરવું, તેની સમજ આવતી નથી. સૌ સનાતન ધર્મ સાથે જ પોતાનો જીવન-નિર્વાહ અને જીવન-સાધના કરી શકે, તે પદ્ધતિઓ સુનિશ્ચિત કરવી ખૂબ જ મહત્ત્વની બાબત છે. જેથી અન્ય કોઈ સંન્યાસીઓ, બાવાઓ કે પછી સતપંથીઓ આ ભોળી જ્ઞાતિને અવળા માર્ગ ઉપર ચડાવી ન દે. આ માટે ફરીથી સનાતન ધર્મમાં પ્રવેશ કરનાર પરિવારો માટે એ સ્પષ્ટતા કરવાની શરૂ કરો, કે તમે સનાતન ધર્મી તો થયા, પણ ભજશો કોને?"

"જી મહારાજ! એ વિચાર તો અમને આવ્યો જ નથી." રતનશીભાઈએ કહ્યું: "હવે આપ જ કહો કે શું કરવું?"

મહારાજશ્રીએ કહ્યું: "સાંભળો, રતનશીભાઈ, સનાતન ધર્મ વેદ અને ઉપનિષદોના સિદ્ધાંતોમાં જીવી રહ્યો છે. પરંતુ એ શાસ્ત્રો સરળ નથી. વળી એ પણ વિચાર કરવો જોઈએ કે જે પાટીદાર સમાજ 500-500 વર્ષથી સનાતન ધર્મની અનેકવિધ પૂજન રીતિ, ઉપાસનાવિધિ અને ભારતીય પરંપરાઓ છોડીને બેઠો હતો, તેમને જલ્દીથી સનાતન ધર્મની સરળ પરંપરામાં ઢાળવો કેવી રીતે?"

રતનશીભાઈએ કહ્યું: "હા મહારાજ, એ મોટી સમસ્યા છે."

ઓધવરામજી મહારાજે હવે બહુ ચોખ્ખી વાત કરી: " દરેક સમસ્યાને કોઈને કોઈ સમાધાન પણ હોયને ! જુઓ, સમાજની બાળબુદ્ધિ છે, તેમની પાસેથી એક બાબત જ્યારે તમે છોડાવી છે, ત્યારે તે સૌને તેના કરતા વધુ સક્ષમ વિકલ્પ આપીને સાધનાનો પંથ બતાવવો અનિવાર્ય છે."

"તો મહારાજ, એ બતાવો એ ઉપાસનાનો પંથ કયો છે? અમારે કોને ભજવા અને શુદ્ધિ કરીને આવેલા પાટીદારોને કયા માર્ગે વાળવા?"

"સાંભળો રતનશીભાઈ," ઓધવરામજી મહારાજે ધીરજપૂર્વક સ્પષ્ટતા કરવા માંડી:

"સનાતન ધર્મના મૂળ આરાધ્ય દેવો એટલે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. અને પાટીદાર સમાજ રહ્યો આખી દુનિયાનો પાલક અને પોષક ખેડૂત સમાજ. તમે વિષ્ણુનારાયણ એટલે કે લક્ષ્મીજી સહિત નારાયણની ઉપાસનાની વાત પાટીદાર સમાજમાં ફેલાવવાની શરૂ કરો. કેમ કે નથી લક્ષ્મીનારાયણના પૂજનમાં કોઈ વિશેષ વિધિની આવશ્યકતા, કે નથી આ આદ્ય દેવોને સ્થાપન કરનાર કોઈ લૌકિક વ્યક્તિ. મને લાગે છે કે એ મૂળ અવતારની ઉપાસનાનું પ્રવર્તન શરૂ કરો. આમ પણ ઉમા સહિત મહાદેવ, સીતા સહિત રામ, રાધા સહિત કૃષ્ણ, એમ ભક્તરૂપ થઈને ભગવાનની ઉપાસના કરવી એ વૈદિક રીતે પણ સ્વીકાર્ય છે. લક્ષ્મી સહિત નારાયણની ઉપાસના સરળ બને, તે માટે જ્યાં જ્યાં અનુકૂળતા હોય, ત્યાં લક્ષ્મીનારાયણ દેવના મંદિરોનું નિર્માણ કરવાનું શરૂ કરો..."

આજે મહારાજશ્રીની વાણી ગંગાની ધારાની જેમ વહી રહી હતી, " રતનશીભાઈ, ખેતી કે વેપાર કરતા કચ્છ કડવા પાટીદાર સમુદાયના લોકો માટે આ સૌથી સહેલો છતાં મજબૂત માર્ગ છે. ઇષ્ટદેવ તરીકે લક્ષ્મીનારાયણ ભગવાનને મંદિરોમાં સ્થાપીને જ્ઞાતિજનોને તેમની પૂજા, અર્ચના તથા સાધના કરવાનો માર્ગ આપો. પરંપરાગત રીતે કુળદેવી મા ઉમિયાની ભક્તિ તથા વ્રત ઉપવાસની પરંપરાઓ પ્રત્યેક પરિવારમાં પ્રસ્થાપિત થાય તે માટે પ્રયાસો કરો. બસ, આપણી એક જ શરત રહે કે તમામ જ્ઞાતિજનો મન-હૃદયથી ભગવાન લક્ષ્મીનારાયણ પ્રત્યે શુદ્ધ ભક્તિભાવથી જોડાય. કોઈ વાડામાં ફસાય નહીં, સનાતન ધર્મના મૂળ પાયા સાથે જોડાઈ રહે. જેથી સનાતન હિન્દુ ધર્મના વિશાળ વટવૃક્ષની છાયા જ્ઞાતિજનો ઉપર કાયમ માટે છવાયેલી રહે."

ઓધવરામજી મહારાજ એ ઉપાય સૂચવી રહ્યા હતા કે જ્ઞાતિ ભવિષ્યમાં ફરીથી એવા ખાડામાં ન પડી જાય, જેમ જ્ઞાતિએ સિકરાના વિશ્રામબાપા નાકરાણીને કૃષ્ણ જન્માષ્ટમીએ ગોકુળિયું મનાવવાનું વચન આપ્યું હતું તેમ, કોઈએ પોતાની શ્રદ્ધાને ફેરવવી જ ન પડે, એવા ઉપાય તરફ તેઓનો નિર્દેશ હતો.

એમણે કહ્યું પણ ખરું કે સનાતન ધર્મની આ એવી શાખા છે, કે જેનો કોઈ માલિક નથી, કે પછી કોઈ સ્થાપક નથી. માંડ માંડ ઈમામશાહ જેવા ગુરુથી જ્ઞાતિને છોડાવી છે, તો પછી ફરીથી જ્ઞાતિને કોઈ અન્ય ગુરુના પંથે નથી ચડાવવી. સૌને સનાતન ધર્મના મૂળમાં જોડવી એ જ એમનું લક્ષ્ય હતું.

તેઓએ ઈચ્છયું હોત તો આખી જ્ઞાતિને પોતાની "હરિહર પરંપરા"માં વાળી શક્યા હોત, પણ એ ખરા અર્થમાં સંત હતા. એમણે સતપંથથી જુદી પડ્યા બાદ ક. ક. પા. સનાતની જ્ઞાતિ પોતાના પગ ઉપર સ્વમાનભેર ઊભી રહે એ માટે તેને આર્થિક શોષણથી મુક્ત કરી. જ્ઞાતિને ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક વ્યવસ્થાઓ વગેરેને નવેસરથી ઊભા કરવા અમૂલ્ય માર્ગદર્શન કર્યું.

ભગવાન લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ તરીકે સ્વીકારવાની સલાહ એમણે એટલા માટે જ આપી, કે સનાતન ધર્મમાં, પરમાત્માનું સગુણ સાકાર સ્વરૂપ ભગવાન લક્ષ્મીનારાયણ છે. એ સ્વરૂપનું કોઈ સ્થાપક નથી, અને એ પરંપરાને ચલાવવા એકાધિકાર રાખતી કોઈ વ્યક્તિ પણ નથી. જ્ઞાતિ નારાયણના મૂળ સ્વરૂપને મા લક્ષ્મી સહિત ઉપાસે તેવું માર્ગદર્શન આપતાં આજે એમને ખૂબ હર્ષ હતો.

રતનશીભાઈનો આત્મા આ બધી જ સૈદ્ધાંતિક વાતો કબૂલ કરી રહ્યો હતો. એમણે હાથ જોડીને કહ્યું: "જી મહારાજ, આપની આ વૈદિક અને સૈદ્ધાંતિક આજ્ઞા અમે શિર પર ચડાવીએ છીએ. અને આપના જ આદેશથી અમે સમાજમાં જુસ્સાભેર એ વાતનું પ્રતિપાદન કરવામાં રાત-દિવસ એક કરીશું, કે મહારાજશ્રીએ આપણને ચીંધેલો માર્ગ છે: લક્ષ્મીનારાયણ દેવ, એ આપણા આરાધ્ય દેવ, અને મા ઉમિયા, એ આપણા કુળદેવી..."

ઓધવરામજી મહારાજે પ્રસન્નતાપૂર્વક 'લક્ષ્મીનારાયણ દેવ'ની જય બોલાવી, અને રતનશીભાઈના મસ્તક પર હાથ મૂક્યો. સ્મિત કરતાં કહ્યું: "હું તમારાથી અળગો નથી. તમારી આ ઝુંબેશમાં હું કાયમ ભેગો છું. જાઓ, ગામોગામ જાઓ, સૌના દિલ પ્રેમથી જીતો. એકતા, સંપ અને પરસ્પર પ્રેમ રાખજો. પ્રચારકાર્ય અટકાવશો નહીં. લોકોને જો સવળા માર્ગે લઈ આવશું, તો એમાંથી જ તમને કામ કરનાર તમારા હાથ, પગ અને હૈયા જેવા માણસો મળતા રહેશે..."

રતનશીભાઈ અને ઓધવરામજી મહારાજના આટલા વાર્તાલાપમાં જાણે સમગ્ર "કચ્છ કડવા પાટીદાર સમાજ"ની નિયતિ લખાઈ ચૂકી હતી. અને સમાજના અધ્યાત્મ ઉત્કર્ષની બુનિયાદ નખાઈ ચૂકી હતી.

# સોપાન 11

## એક ડગલું પીછેહઠ

લક્ષ્મીનારાયણ દેવને આરાધ્યદેવ તરીકે સ્વીકારીને, આદ્યશક્તિ મા ઉમિયાને કુળદેવી તરીકે સ્વીકારીને હવે સનાતન ધર્મની કેડી પર ચાલનારો પાટીદાર સમુદાય ભાવિપેઢી માટે એક અદ્ભુત રાજમાર્ગનું નિર્માણ કરી રહ્યો હતો, અને તેના બીજ નખાયાં આટલી સાર્થક ચર્ચાથી.

ઓધવરામજી મહારાજે હવે પોતાના શિષ્ય દયાળદાસજીને આદેશ આપ્યો કે તમારે રતનશીભાઈની સાથે રહેવું, ગામોગામ એમના પ્રચાર અને પ્રસારકાર્યમાં એટલો સહયોગ આપવો કે કચ્છનાં ગામોગામ કડવા પાટીદાર સમાજમાં નવી જ ક્રાંતિનો જન્મ થાય.

એટલું જ નહીં, દરેક ગામના લક્ષ્મીનારાયણ મંદિરોમાં સવાર-સાંજ આરતીની એ ઘંટડીઓ વાગતી રહે કે જેનાથી અજ્ઞાન અને પૂર્વગ્રહોનો શોર આથમતો જાય, એ મંદિરોમાંથી એવો શંખનાદ ફૂંકાતો રહે, જેનાથી અજ્ઞાનના પડળ ફાટીને ધૂળ ભેગા ધૂળ થાય...

બસ, આ જ કાર્ય હવે મંદિરનિર્માણની પરંપરામાં પરિવર્તિત થતું ગયું. જ્યોતથી જ્યોત પ્રગટતી ગઈ. ઓધવરામજી મહારાજની આજ્ઞા હતી કે લક્ષ્મીનારાયણ મંદિરોની સ્થાપના કરીને સનાતન ધર્મના પ્રવર્તનકાર્યને પૂરી હિંમત, ધીરજ અને પૂરા સમર્પણથી વેગ આપવો. એમણે વિચારી લીધું કે જો લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના કરવી હોય, તો શા માટે મારા ગામ વિરાણીથી જ તેની શરૂઆત ન કરું?

તેમણે એક રાત્રે ગામના મિત્રોની મંડળી વચ્ચે બધી રીતે વિચારીને ધીરેથી આ પ્રસ્તાવ મૂક્યો કે ભાઈઓ, શું આપણા ગામમાં જ આપણે લક્ષ્મીનારાયણ મંદિર ન બનાવી શકાય?

કોઈએ કહ્યું પણ ખરું કે શા માટે ન બનાવાય? પણ મુદ્દાની વાત એ છે કે બનાવવું ક્યાં?

રતનશીભાઈની આંખો અંધારામાં પણ ચમકી ઊઠી. તેમણે દૃઢતાથી રજૂઆત કરી કે ગામમાં ઇમામશાનું જમાતખાનું ચાલુ જ છે. ખાનાપંથીઓ વિરોધ જરૂર કરશે, પણ આપણી દૃઢતા હશે, અને સનાતન ધર્મનું ખમીર બતાવવાનું થાય, તો જમાતખાનાને જ દૂર કરીને ત્યાં જ મૂર્તિસ્થાપન કરી દેવી જોઈએ!

બધા જ મિત્રોએ આ પ્રસ્તાવ પૂરા હર્ષ સાથે વધાવી લીધો. રતનશીભાઈએ મુંબઈ પત્ર લખીને જણાવી દીધું કે "સુંદર લક્ષ્મીનારાયણ દેવની પ્રતિમા (પાનમૂર્તિ) તૈયાર કરાવીને વિરાણી ખાતે મોકલી આપો."

મુંબઈમાં આ પત્ર પહોંચતા થોડા લોકોમાં તર્ક વિતર્ક જરૂર થયા, કે લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના કરવાની કાર્યવાહી આટલા વેગપૂર્વક શરૂ થઈ કેવી રીતે?

સમાજ માટે ઓધવરામજી મહારાજે આપેલો આદેશ "કચ્છ કડવા પાટીદાર સમાજ" માટે અમૃતનો અસલ માર્ગ સાબિત થવાનો હતો. છતાં નારાયણભાઈ અને તેઓના કેટલાક સાથીદારો ઉપરાંત વિરાણી ગામના જ હજુ બાકી રહી ગયેલા ખાનાપંથી એટલે કે સતપંથીઓ દ્વારા રતનશીભાઈ અને તેમના સાથીદારોનો પ્રચંડ વિરોધ શરૂ થયો. સારા કામમાં સો વિઘ્ન ! નિશ્ચિત કરેલી મૂર્તિ પ્રતિષ્ઠાની તારીખ અને સમય વહી ગયો. છેલ્લી ઘડીએ વિરોધ પક્ષ દ્વારા એવો વિવાદ શરૂ કરવામાં આવ્યો કે આખી બાબત કોર્ટ સુધી ખેંચાઈ ગઈ.

રતનશીભાઈએ સમય પારખીને એક ડગલું પીછેહઠ કરી, તે પણ તેઓની વ્યૂહરચનાનો જ એક ભાગ બની રહ્યો. તેમણે વિચારી લીધું કે ભલે મોટી વિરાણીનો ક્રમ પછી આવે, કોઈ ચિંતા નથી. જો સનાતન ધર્મની આલબેલ પોકારવી છે, તો તેને માટે કોઈ સ્થાન પોતાનું-પારકું, નાનું કે મોટું, કે મોડું-વહેલું નથી! સનાતન ધર્મ બધા માટે છે, અને બધે જ તેના સ્થાનકની અનિવાર્યતા છે.

## બોરડીટીંબાની ભૂમિ પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિરનું નિર્માણ

તેમણે તરત જ વિરાણી ગામના પરિવારો બહાર કયાં કયાં ગામોમાં જઈને વસી ગયાં છે, તેનો અભ્યાસ કર્યો. એમને ખ્યાલ આવ્યો કે તત્કાલીન સાબરકાંઠા જિલ્લાના ધનસુરા પાસેનું હાલનું કેશવપુરા તે સમયે બોરડી ટીંબા તરીકે ઓળખાતું.

અહીં રતનશીભાઈના પ્રયાસોથી અને ગામના વડીલોએ રતનશીભાઈના પ્રસ્તાવ પર મહોર મારી દીધી. અને જે પાનમૂર્તિ મુંબઈથી વિરાણી આવનાર હતી, તે બોરડી ટીંબા આવી પહોંચી!

સન 1928નું એ પુનિત વર્ષ હતું. તા.૨૬-૦૮-૧૯૨૮ના રોજ સં. ૧૯૮૪, શ્રાવણ સુદ ૧૧ ના પવિત્ર દિવસે લક્ષ્મીનારાયણ દેવની વૈદિક વિધિપૂર્વક, ધામધૂમથી અતિ ઉત્સાહ તેમજ ભક્તિભાવથી મૂર્તિપ્રતિષ્ઠા થઈ...

આમ, નાનું-સુંદર પણ સનાતન ધર્મની રીતે અને સિદ્ધાંત મુજબ ઉપાસના કરવા માટેનું સુંદર લક્ષ્મીનારાયણ મંદિર બોરડી ટીંબા જેવા નાના ગામમાં સ્થપાઈ ગયું. આ સ્થળ એટલે ઓધવરામજી મહારાજના દિશાનિર્દેશ મુજબનું, તેમના સંકલ્પમાંથી સાકાર થયેલું, અને રતનશીભાઈ તથા અન્ય સનાતન ધર્મના ક્રાંતિવીરોના પરિશ્રમથી સાકાર થયેલું પ્રથમ મંદિર!!!

બોરડીટીંબાની એ ધન્ય ભૂમિ હતી, જ્યાં સન ૧૯૨૮ માં સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિરનો ઓધવરામજી મહારાજનો સંકલ્પ સાકાર થયો જ હતો. રતનશીભાઈ સહિત સ્થાનિક કડવા પાટીદાર જ્ઞાતિના અગ્રણીઓએ તેના નિર્માણમાં તથા પાનમૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં અનન્ય સમર્પણ કર્યું હતું.

હજુ બીજાં અનેક ગામ રાહ જોતા હતાં, પરંતુ રતનશીભાઈના મનમાં એ વિચાર વારંવાર ચાલતો રહેતો, કે જ્યાં સુધી આપણા ગામ વિરાણીમાં સ્થાપના ન કરાય ત્યાં સુધી બીજા ગામોમાં જઈને કહેવું પણ કેવી રીતે? પહેલાં એકડો જાતે ઘૂંટીશ. અને પછી ગામોગામ તે એકડો ઘુંટાવવાની મુહીમ શરૂ કરીશ.

જો કે આ જેટલી સરળતાથી લખાયું છે, તેટલું એ કાર્ય સરળ હતું જ નહીં. એક તરફ નારાયણભાઈ લીંબાણીને એટલું ખોટું લાગ્યું હતું કે એક યા અનેક રીતે તેમણે રતનશીભાઈના વિરોધી તરીકે પગલાં ભરવાનું શરૂ કરી દીધું હતું.

વળી પોતાના જ ગામ વિરાણી મોટીના ખાનાપંથીઓને, વિરોધીઓને પ્રેમ, પરિશ્રમ અને સમજાવટ દ્વારા સંમત કરતાં કરતાં પૂરાં બે વર્ષ વીતી ગયાં. ગામના કડવા પાટીદારો સનાતની પરંપરા માટે સંમત થયા, એ જ રતનશીભાઈને મન સૌથી મોટો ધર્મવિજય હતો. તેમને કોઈ સાથે પૂર્વગ્રહ, ઉપેક્ષા કે નફરત વાવવી પોસાય તેમ હતું જ નહીં. આ સત્યને તેમણે ઓધવરામજી મહારાજની કૃપાથી સિદ્ધ કરી લીધું હતું.

## વિરાણી મોટીમાં ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરનું નિર્માણ:

એ શુભ દિવસ હતો તા. 15-08-1930, શ્રાવણ વદ છઠનો, જ્યારે કચ્છમાં ગામ વિરાણી મોટીમાં ભગવાન લક્ષ્મીનારાયણના પ્રથમ મંદિરનું નિર્માણ સંભવ બન્યું. કચ્છ ખાતે નિર્મિત આ મંદિર-નિર્માણ “કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ”ના ઇતિહાસમાં એક સીમાચિહ્ન હતું. ઇતિહાસને નવો વળાંક આપનાર હતું. કારણ કે સતપંથના જમાતખાના અથવા ‘ખાના’ના મુખ્ય ખંડને જ મંદિર બનાવી, તેમાં લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આમ કચ્છ કડવા પાટીદાર સમાજનું પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિર બોરડી ટીંબા ગામે નિર્માણ પામ્યું, પરંતુ કચ્છ ખાતે પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિર વીરાણી મોટી ગામે નિર્માણ પામ્યું છે.

મંદિરનો આકાર ભલે પ્રત્યક્ષ રૂપે દેખાતો ન હતો, પરંતુ તેની પાછળનો સંદેશ સ્પષ્ટ હતો કે જ્ઞાતિમાં મજબૂત પાયો નાખીને બેઠેલા અને માન્યતાના મૂળ સુધી પહોંચેલા ઈસ્લામી જમાતના લોકો તરફની અને તેમની માન્યતા તરફની શ્રદ્ધા હવે જડમૂળથી ઉખડી ચૂકી હતી. આ કાર્ય જરા પણ આસાન ન હતું. પીરાણા સતપંથનો હાડગાળી નાખે એવો મજબૂત શિકંજો હતો, તેવા સમયે તેમના જ ખાનામાં સનાતન ધર્મનું એટલે કે ભગવાન લક્ષ્મીનારાયણનું સ્થાનક ઊભું થઈ જવું, તે તેમના માટે પેટમાં રેડાયેલી આગ સમાન હતું.

ઇમામશા બાવાના ગુણગાન ગાઈને, ભોળવીને, ફોસલાવીને તે લોકોએ જે રીતે ઇમામશા બાવાની પાટ મૂકી હતી, એ હોલમાં લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર થાય, તે તેમને માટે અસહ્ય બાબત હતી. પરંતુ જ્યારે લક્ષ્મીનારાયણ દેવ બિરાજમાન થયા, તે દિવસથી જ સેંકડો ગ્રામજનો અને અન્ય હિન્દુ જ્ઞાતિનાં લોકો પણ દર્શન કરવા આવવા લાગ્યા.

ખાના-મુખી એટલે કે ‘કાકા’ સામે હવે વિકટ પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જો એ મુખીઓ પોતાના ઈસ્લામી પુસ્તકોનું વાંચન કરે, તો બાકીના હિન્દુ જ્ઞાતિજનોને પણ ખબર પડી જાય કે સતપંથ

મુસલમાન મજહબનો જ ભાગ છે. અને જો આવું થાય તો હિન્દુ તરીકેની છદ્મ ઓળખ આપીને બધાની વચ્ચે જીવવું જરા પણ આસાન ન રહે. આથી પરિસ્થિતિ એવી આવી કે કાં તો પોતે છડે ચોક 'મુસલમાન' બનીને ઓળખ છતી કરે, કે પછી સતપંથનો પ્રચાર સદંતર બંધ કરે... આમ સતપંથનો પ્રચાર કરવામાં લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા સાથે જ તેઓ બિલકુલ અસમર્થ થવા લાગ્યા. ધીરે ધીરે તે લોકોની પોલ ખૂલતી ગઈ, અને ગામના સમગ્ર જ્ઞાતિજનોની ઈમામશા બાવા ઉપરની શ્રદ્ધા સતત તૂટવા લાગી.

જો કે આજે તો તે સ્થળે ઇમામશા કે સતપંથનું કોઈ અસ્તિત્વ રહ્યું નથી. ધીરે ધીરે આખા વિરાણી મોટી ગામે સતપંથનો ત્યાગ કર્યો, અને સનાતન ધર્મની પરંપરાઓ સંપૂર્ણ રીતે અપનાવી લેવામાં આવી. તે પછી સમસ્ત ગામજનોએ મળીને તે ખાનાનું સંપૂર્ણ વિસર્જન કરી નાખ્યું.

ગામનો ઇતિહાસ કહે છે કે વિરાણી મોટીમાં આવેલા કડવા પાટીદાર જ્ઞાતિના લોકોએ સતપંથને છાવરવાની કોઈપણ બાબત અપનાવી ન હતી. સૌએ કડક મક્કમતાથી અને સનાતન ધર્મ પ્રત્યેની સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી સતપંથના વિરોધની રણનીતિ અપનાવી. જેમાં ગામના મોટા જ્ઞાતિ સુધારક કરસનદાસ શિવદાસ મુખીની ભૂમિકા અત્યંત મહત્ત્વની હતી.

જે પણ આજે આ પવિત્ર સ્થળ જોવા પહોંચે છે, ત્યાં પહેલી નજરે ભલે તેમને સાધારણ દેરી દેખાતી, પરંતુ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં આ સ્થાનની મુલાકાત લેવામાં આવે, ત્યારે તેમને ખાનામાંથી મંદિર થયેલા આ સ્થાનની આધ્યાત્મિક ભવ્યતાનાં સાચાં દર્શન તો થાય જ છે, પરંતુ સનાતન ધર્મ પ્રત્યે અત્યંત ગૌરવની ભાવના જાગી ઊઠે છે.

રતનશી ખીમજી ખેતાણીના તે સમયે ખેડેલા મહાન સંઘર્ષની ગાથા આજે પણ મોટી વિરાણીના લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા સાથે સનાતન ધર્મની ધજા કચ્છમાં પ્રથમવાર વિરાણીના આકાશમાં ફરફરવા લાગી..

જ્યારે ઓધવરામજી મહારાજે લક્ષ્મીનારાયણ મંદિરોનું સર્જન કરવા માટે આદેશ આપ્યો, તે સમયે તેનાં આવાં સુદીર્ઘ અને શાશ્વત પરિણામો મળશે, તેવી આશા તો ન જ હતી. પરંતુ આખરે તેમણે આપેલી ભક્તિ પરંપરાની જે સફળતા પ્રાપ્ત થઈ, તેનો જબરદસ્ત પ્રભાવ કડવા પાટીદાર જ્ઞાતિને સંપૂર્ણપણે સનાતન ધર્મી બનાવવાની મુહિમ પર પડ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા પછી રતનશીભાઈ અને સાથીઓના અંતઃકરણમાં આત્મવિશ્વાસનો મહાસાગર ઉમડવા લાગ્યો. તેમણે અન્ય કેટલાક સાથીઓ સાથે ખભે કપડાનો થેલો લઈને કડવા પાટીદાર સમાજનાં ઘર

મુજબની યાદી સાથે વિચરણની શરૂઆત કરવા માંડી. જે જે ગામોમાં સતપંથીઓનાં ખાનાં હતાં, ત્યાં જઈ જઈને જ્ઞાતિજનોને સમજાવી સમજાવીને એક પછી એક ખાનાંઓ દૂર કરીને, તે સ્થળે લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોનું પ્રસ્થાપન કરવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું.

અનેક સ્થળે જમાતખાનાઓનાં ગોખલા, સાવ જૂઠના જોરે ઊભી કરાયેલી કબરો કે મજારો બધું જ નેસ્તનાબૂદ કરવા અંગે જાગૃતિની શરૂઆત થઇ. અનેક ગામોમાં સતપંથીઓએ આક્રોશના માર્યા વિરોધની એવી તો આંધી ફૂંકી, કે રતનશીભાઈ અને એમની સાથે સુધારાવાદી ચળવળમાં જોડાનાર દરેક પર પથ્થરોની વર્ષા થઈ. અપમાન અને તિરસ્કારો થયા...પણ આ જ કારણે આખો સમાજ બહુ ઝડપથી મહદઅંશે સનાતની બનવા તરફ ગતિશીલ થવા લાગ્યો. ઈશ્વરીય કાર્યમાં અનેક વિઘ્નો પછી પણ તેનો યશ તો આ સનાતનના ક્રાંતિવીરોના લલાટે જ લખાયો...

જ્યાં ખાનાંઓ દૂર કરવાની સંભાવનાઓ ઓછી દેખાતી, ત્યાં ખાનાની બાજુમાં અથવા ખાનાની બરાબર સામે ભગવાન લક્ષ્મીનારાયણની પાનમૂર્તિ પધરાવીને જ્ઞાતિજનોએ રતનશીભાઈના માર્ગદર્શન હેઠળ મંદિરોનું નિર્માણ શરૂ કરી દીધું. રતનશી ખીમજીનું નેતૃત્વ આ સમયે સૂર્યની જેમ ખીલી ઊઠ્યું હતું.

# સોપાન 12

# સંઘર્ષના શૂરવીરો !

નખત્રાણા, અબડાસા, ભુજ અને અન્ય અનેક તાલુકાઓના અનેક ગામોમાં વિચરણનો અવિરત દોર તેમણે શરૂ કર્યો.

મૂળ સનાતન ધર્મી જ્ઞાતિજનોને વચગાળામાં સતપંથીઓએ જે રીતે ભોળવ્યા હતા, તેમને 'ઘર વાપસી' કરાવવાનું શ્રેય રતનશી ખીમજીના ચરણે એટલા માટે આપવામાં આવે છે, કે તેમણે તે સમયે અત્યંત કઠિન અને જટિલ કાર્યવાહીને યોગ્ય પરિણામ સુધી પહોંચાડી હતી. આજના તબક્કે તો "સતપંથ છોડી દો" એમ કહેવું સરળ છે. પરંતુ તે સમયે ગેઢેરાઓ અને મુખીઓનું જ્ઞાતિ ઉપરનું વર્ચસ્વ સાણસા જેવી પકડવાળું હતું. એટલું જ નહીં, સામાજિક દબાણ પણ એટલું ભયાનક રહેતું કે કેટલાંય ગામોમાં સત્યની સમજૂતી સાંભળવા માટે પણ કોઈ તૈયાર ન થતું. તેને માટે સાધારણ બોલાચાલી નહીં, પરંતુ મારવા કે મારી નાખવા સુધીનાં ષડયંત્રો થતાં. ક્યારેક તો વિરોધીઓએ મારવા માટે લાકડીઓ પણ ઉઠાવી. મૂર્તિપ્રતિષ્ઠાની વાત આવતી, તે સ્થળને અપવિત્ર કરવા શૌચ જઈને કે અભક્ષ્ય પદાર્થો નાખીને બગાડવામાં આવતું, વસ્તુઓની તોડફોડ કરવામાં આવતી. જ્યારે રતનશીભાઈ પોતાના સાથીઓ સાથે પ્રચાર કાર્યમાં ગામોગામ જતા, ત્યારે સતપંથીઓએ છૂટા હાથે પથ્થર મારો કરીને પણ વેર વાળ્યા હતાં. ક્યાંક એમના શરીર પર ઘા લાગ્યા, ને ક્યાંક તો અપમાન સહીને અડીખમ પણ રહેવું પડ્યું.

એક વૃદ્ધ માતાજીએ આ બાબતે એકવાર જાતે કહ્યું હતું કે મથલ પાસે ટોડીયા ગામે સંત ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈ સભા કરતા હતા, ત્યારે વિરોધીઓએ જબરદસ્ત

પથ્થરબાજી કરી. એ તે દી' બહુ મોટો ડખો કર્યો હતો. તેને મેં નજરે જોયેલું. પણ ધન્ય છે કે ઈવડા ઈ અને બધાય સાથીદારો ! સભા છોડીને એ ક્યારેય ભાગ્યા નો'તા.

જ્ઞાતિના વડીલો તો આજે પણ જૂની વાતો યાદ કરતાં કહે છે કે જ્યારે સંત ઓધવરામજી મહારાજ પણ સનાતનધર્મનો પ્રચાર પ્રસાર કરવા ગામમાં પધારતા, ત્યારે સતપંથના અનુયાયી અને આપણી જ જ્ઞાતિના લોકોના બાળકો તેમની ઉપર પથ્થરબાજી કરતા ! ભૂતકાળમાં માનકૂવા અને ટોડીયામાં આવા કિસ્સા સાંભળવા મળે છે કે એવા પથરાવને કારણે ઓધવરામજી મહારાજને પણ માથા પર પથ્થરથી ભારે ઈજા થઈ હતી ! તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા, છતાં તેઓએ પણ રતનશી ખેતાણી જેવા સમર્પિત યુવકોના ઉત્સાહને વધારવા, તથા હજારો જ્ઞાતિજનોને સનાતન ધર્મમાં જોડવા ભારે ધીરજ રાખી. અને સનાતન ધર્મી બની ચૂકેલા જ્ઞાતિજનોનું મનોબળ ટકાવી રાખ્યું. ઓધવરામજી મહારાજશ્રીની આજ્ઞાથી સંત દયાલરામજી મહારાજે પણ રતનશી ખીમજી તથા તેમના સાથીવૃંદ સાથે માત્ર કચ્છ જ નહીં, પરંતુ સાબરકાંઠાના કંપા વિસ્તારોમાં જાતે જઈને ગામોગામ ભગવાન લક્ષ્મીનારાયણનો પ્રચાર-પ્રસાર કર્યો અને પોતાના માર્ગદર્શન હેઠળ અનેક ગામો અને ગુજરાતના કંપાઓમાં ભગવાન લક્ષ્મીનારાયણનાં મંદિરોના નિર્માણ કર્યા.

પોતાનો ધીકતો ધંધો નોકરો કે દૂરના સ્વજનોના ભરોસે છોડીને તેઓ મહિનાઓ સુધી સતત કચ્છ અને ગુજરાતમાં ફરતા રહ્યા હતા, અને ભગવાન લક્ષ્મીનારાયણનો પ્રચાર કરતા રહ્યા હતા. લોકોએ કેવળ અપમાન જ નહોતાં કર્યાં, બદનામીઓ અને ખોટા આક્ષેપો પણ કર્યા હતા. જો રાત્રે મુસાફરી કરવાની થાય, તો એક ગામથી બીજે ગામે જતા મારપીટનો પણ ભય રહેતો. તે સમયમાં નાનાં ઘર અને ખુલ્લી ચાલી, આંગણું કે ઓસરીમાં જ સૂવાની વ્યવસ્થા હોય. કયો સતપંથી ક્યારે કોનું બલિદાન લઈ લે, તેની આજે તો કલ્પનાય આવી શકે તેમ નથી. આથી જ રતનશીભાઈના જીવ પર રાત્રિના સમયે એટલો ખતરો રહેતો, કે આખી રાત સુરક્ષા માટે શિવજીબાપા (શિવગણ લાલજી નાકરાણી) સતત જાગતા રહેતા.

રતનશીભાઈની સાથે સ્વયંસેવકોની એક ટીમ સતત સુરક્ષા માટે રહેતી. કારણ કે અણધારી પરિસ્થિતિમાં ક્યાંયથી પણ કોઈપણ પ્રકારનો હુમલો થવાની સંભાવનાઓ રહેતી. આવા સમયે ઓધવરામજી મહારાજને આટલા ભયંકર વિરોધની જાણ થઈ ત્યારે તેમણે રતનશીભાઈ સાથે કેટલાક સક્ષમ યુવકોને સુરક્ષા માટે મોકલવાની શરૂઆત કરી. રતનશીભાઈના અંગરક્ષક તરીકે પડછાયાની જેમ સાથે રહેતા શિવગણ લાલજી પટેલ (નાકરાણી)ને આજે કેવી રીતે ભૂલી શકાય?

જ્ઞાતિને સનાતન ધર્મપથ પર પ્રેરવા માટે, એમણે જે રીતે લોઢાના ચણા ચાવ્યા હતા, અથવા તો ભયંકર સમયનો અને વધુમાં વધુ સંકટોનો સામનો કર્યો હતો, તે અનન્ય હતો. વિધર્મીઓના ગુપ્ત છતાં ભયંકર તોફાનોમાંથી એમણે અને સાથીઓએ આપણી જ્ઞાતિની નાવને બહાર કાઢી, તે માટે જ્ઞાતિજનો તેમનો જેટલો પણ ઉપકાર માને એટલો ઓછો છે..

એકલપંડે આ મહાનકાર્યનો હિમાલય સર કરવો અસંભવ હતો. સંત ઓધવરામજી મહારાજ અને તેમના શિષ્ય દયાળદાસજી મહારાજના આશીર્વાદ જ નહીં, પરંતુ સતત માર્ગદર્શન પણ પ્રાપ્ત થતું રહેવું, તે જ્ઞાતિજનો માટે પરમાત્માની કૃપા સિવાય બીજું કશું જ કહી શકાય નહીં.

મહારાજશ્રીએ શિષ્ય દયાળદાસજી મહારાજને આજ્ઞા આપી હતી કે આ લોકો કચ્છમાં કામ કરે છે, તમે ગુજરાતના કંપાઓમાં જઈને પ્રચાર શરૂ કરો. તેમણે પણ ગુરુનો આદેશ શિર પર ચડાવ્યો, અને શરૂઆતના કચ્છનાં 65 જેટલા ગામો તથા કંપા વગેરેમાં લક્ષ્મીનારાયણ મંદિર રચવાની શરૂઆત કરી દીધી. અને તેમની ઉપાસના-ભક્તિનો ગામોગામ પ્રચાર કર્યો. વિક્રમ સંવત 2000, સને 1944 સુધીમાં અનેક વિરોધોની વચ્ચે 65 ગામોમાં “શ્રી લક્ષ્મીનારાયણ મંદિરો”ની પૂજા,આરતી અને ઉપાસના પદ્ધતિથી પાવન થવા લાગ્યા. ચોતરફ સનાતની સમાજનો જયકાર ગુંજવા લાગ્યો. લક્ષ્મીનારાયણ મંદિરના તેમના અભિયાનના ભાગરૂપે 65 જેટલાં મંદિરોનું નિર્માણ કરવામાં તેમનું યોગદાન અભૂતપૂર્વ હતું. મંદિર નિર્માણ માટે મળેલી જમીનથી માંડી તેના શિખર અને પ્રતિષ્ઠા થઈ જાય, ત્યાં સુધી કાર્ય ઉપર નજર રાખવાની, ખર્ચ વગેરે ઉપર કંટ્રોલ કરવો, અને દાનવીરોને આ મહાઅભિયાનમાં જોડવા વગેરે માટે તેઓ જેવી જરૂર, તે મુજબ સમય ફાળવીને રતનશીભાઈ પોતાના પરિશ્રમ દ્વારા સનાતન ધર્મનો પરચમ લહેરાવતા રહ્યા હતા.

આ દરેક ગામનાં મંદિર દીઠ એક સ્વતંત્ર, અદ્ભુત અને અનન્ય સમર્પણ ગાથા છે. રતનશીભાઈએ 1918થી શરીર ચાલ્યું ત્યાં સુધી “પગ વાળીને બેસવું જ નથી” તેવી ટેક પાળી બતાવી હતી. સંતના આદેશથી શરૂ થયેલી આ ઝુંબેશ સફળતાનું આસમાન સ્પર્શી રહી હતી.

# સોપાન 13

# કર્મના પૂજારી

રતનશીભાઈનું વ્યક્તિત્વ જ એવું હતું કે તેઓ નાના-મોટા દરેકની સાથે હળી-ભળી શકતા. ગામડાના અભણ ખેડૂઓની સાથે બેસીને તેમને પણ સનાતન ધર્મની અસ્મિતાની વાત ગળે ઉતારી શકતા, તો સાથે સાથે કચ્છ ભુજના મહારાજ, ખેંગારજી રાવ જેવા રાજવી સાથે તેમના મૈત્રીપૂર્ણ સંબંધ હતા.

બ્રિટિશ કલેક્ટર સાથે રાજનૈતિક સંબંધો પણ એ જ સ્તરે જાળવી શકતા, તો વેલજી આણંદજી જેવી મોટી વ્યાપારી પેઢી સાથેના તેમના સંબંધો હર હંમેશ તાજા રહેતા, પરંતુ આ કોઈપણ સંબંધોનો ઉપયોગ તેમણે અંગત કામ માટે ક્યારેય કર્યો નહીં. માત્ર અને માત્ર લક્ષ્મીનારાયણ દેવનાં મંદિરો હોય, સમાજની ઉન્નતિના કે શિક્ષણ અંગેનાં કાર્યો હોય, તે સમયે તેમણે પૂરી સૈદ્ધાંતિક સ્પષ્ટતા સાથે સમાજના આ વરિષ્ઠ મહાનુભાવો સાથેના સંબંધોનો સહયોગ લીધો હતો.આમ જોતાં, સફળતાનો પરચમ ધાર્યા કરતાં તો ઘણા ઊંચે ગગન લહેરાઈ રહ્યો હતો.

પરંતુ હવે જ ધર્મજાગૃતિના કાર્ય માટે સુવ્યવસ્થિત સંગઠનની આવશ્યકતા ઊભી થઈ હતી. રતનશીભાઈના નેતૃત્વમાં હવે મહદ્ અંશે અનેક ગામના લોકોને ભરોસો બેઠો હતો. આથી જ આ બેલડીએ સુધારાવાદી વિચારધારાવાળા યુવાનો-વડીલોને સંગઠિત કરવા માટે બહુ ઝડપથી “કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ” નામની કેન્દ્રીય સંસ્થાની સ્થાપના કરી. જો કે તે અંગે કાયદાકીય રજીસ્ટ્રેશન કે સંસ્થાનું બંધારણ વગેરે વિધિ ઔપચારિકતા સંપૂર્ણત: બાકી જ હતી. પરંતુ આ સંગઠનના પ્રયાસથી કચ્છનાં ગામોગામ જાગૃતિનું કાર્ય ગતિશીલ બનતું ગયું.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ બે-બે મહાન સંતોના સતત પ્રયાસને કારણે સનાતન ધર્મી તો બની જ, પરંતુ તેમની છત્રછાયામાં રતનશીભાઈ અને તેમના સાથીઓએ પણ ઘર વાપસીના અભિયાનમાં અનેરું યોગદાન આપ્યું. રતનશીભાઈ કામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા. તેઓ વાસ્તવમાં કર્મના પૂજારી હતા.

આ મંદિરોનાં નિર્માણ આપણે ધારીએ છીએ તેટલા સરળ ન હતાં, પછી કચ્છ અને અન્ય કંપાઓમાં સંત ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ રતનશીભાઈ તથા સાથી યુવકોના અપાર પરિશ્રમથી મંદિરોના નિર્માણનું કાર્ય ગતિશીલ થઈ રહ્યું હતું.

## નખત્રાણામાં લક્ષ્મીનારાયણ મંદિરનું નિર્માણ

મોટી વિરાણીમાં સ્થપાયેલા 'લક્ષ્મીનારાયણ મંદિર' પછી નખત્રાણા ખાતે નવાવાસમાં બીજા મંદિરનું નિર્માણ થયા વચ્ચે સાત વર્ષનો વિશાળ સમયગાળો વહી ચૂક્યો હતો. નખત્રાણામાં જ્યારે લક્ષ્મીનારાયણ મંદિરનું નિર્માણ આકાર લેવા લાગ્યું, ત્યારે સમાજના સનાતની સુધારક મંડળનો ઉત્સાહ આસમાન પર હતો.

સને ૧૯૩૭માં યોજાયેલા આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવમાં આખી જ્ઞાતિ નખત્રાણા આવી પહોંચી હતી.

તે સમયે નારાયણભાઈ તથા તેમના સમર્થકો રતનશીભાઈનું નીચું દેખાડવા કાવતરાંઓ ઘડી રહ્યા હતા, જ્યારે જ્ઞાતિના હજારો લોકો વચ્ચે રતનશીભાઈએ સ્પષ્ટ રીતે, વિનમ્રતાપૂર્વક છતાં પૂર્ણ દૃઢતાથી ખુલાસો કર્યો કે શા માટે મારા અને નારાયણભાઈના વિચારો અલગ પડ્યા? અને શા માટે મારે અલગ નીતિ અનુસરીને સનાતન સમાજની સેવા કરવા માટેની તૈયારી કરવી પડી! આ ઉપરાંત સનાતનીઓ સાથે ખાવા-પીવાનો વ્યવહાર કેવા સંજોગોમાં રાખવો જોઈએ તથા કઈ શરતોથી રાખવો જોઈએ તે અંગે પણ રતનશીભાઈએ ખૂબ વિસ્તારપૂર્વક અને સ્પષ્ટતાથી છણાવટ કરી.

# સોપાન 14

# પૂર્વજોએ કરેલી ભૂલો દૂર કરીએ !

વાસ્તવમાં રતનશીભાઈ એક પ્રભાવક અને જબરદસ્ત વક્તા હતા. પોતાની પ્રવાહી વાણીમાં જ્યારે તેઓ પીરાણાના સતપંથીઓ, કાકાઓ, સૈયદો તથા તેમના એજન્ટ તરીકે કામ કરનાર જ્ઞાતિના ગેઢેરાઓ દ્વારા પટેલો પર જે કાંઈ સામાજિક અત્યાચારો થતા, તેની બીનાઓ લોકો સમક્ષ જાહેરમાં મૂકતા, ત્યારે જનમેદની મંત્રમુગ્ધ થઈને સાંભળતી રહેતી. સૌના હૃદય આર્દ્ર બની જતાં. ક્યારેક તો આંખોમાંથી આંસુની ધારા ચાલવા લાગતી.

"સતપંથ શા માટે હિન્દુ ધર્મ નથી, અને મુસલમાન મજહબ છે" તે વાતને દૃષ્ટાંતો, દલીલો અને ઉદાહરણો આપીને સમજાવવાની એમની અદ્ભુત શૈલીને કારણે અનેક જ્ઞાતિજનોએ સનાતન ધર્મ સ્વીકારીને સતપંથને છોડ્યો હતો. પ્રતિષ્ઠાના દિવસે રતનશીભાઈએ પોતાના પ્રવચનમાં મુખ્ય રૂપે નીચે મુજબના મુદ્દાઓ જણાવ્યા:

“આપ સૌ જ્ઞાતિબંધુઓએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાનમૂર્તિ પધરાવવાના સુંદર કામનો આરંભ કર્યો છે, જે અમર ઇતિહાસ સુવર્ણ અક્ષરે કોતરાશે, તેવી મારી મજબૂત માન્યતા છે. તમારા અત્યારના પુરુષાર્થનો બદલો પરમાત્મા વ્યાજ સહિત વાળી આપે તેમ ઈચ્છું છું, અને આપણા મહાન ધાર્મિક કાર્ય માટે નખત્રાણાવાળા સર્વે વડીલો, બંધુઓ, માતાઓ અને બહેનોને ખાસ ધન્યવાદ આપું છું.”

વળી તેઓએ જણાવ્યું કે "આપણા પૂર્વજોએ કરેલી ભૂલ કેટલેક અંશે દૂર કરવા માટે અમે ફળીભૂત થયા છીએ, તેનું કારણ વડીલોની મીઠી નજર અને સહાનુભૂતિ છે. મારું માનવું છે કે ધાર્મિક અને સામાજિક પ્રગતિ કરવી હોય તો વિનય, વિવેક, સંપ અને સ્નેહથી કાર્ય કરીશું, તે કાર્ય વિતંડાવાદ, વિખવાદ કે અપમાનિત શબ્દો કે અભાવથી નહીં થઈ શકે.

"તમે જાણી શકો છો કે બીજી જ્ઞાતિનો કોઈ ભાઈ આપણામાંના સતપંથીને પૂછે કે તમે કોને માનો છો? અને તમારો ધર્મ શું છે? ત્યારે ખરી હકીકત જાહેર કરી શકતા નથી, અને પૂછનાર ભાઈને આડું-અવળું સમજાવી જલદીથી ત્યાંથી ગચ્છન્તિ થઈ જાય છે, અને સત્ય હકીકત કહેતા શરમાય છે.

"જેથી આપણે ચોક્કસ માની લેવાનું કે એ પીરાણાનો સતપંથ આપણી જ્ઞાતિને જરા પણ શોભતો નથી. તે પંથ આપણને શરમ, તેમજ કલંકરૂપ છે, તેમ કહેવું જરા પણ ખોટું નથી. તે પંથ આપણી જ્ઞાતિમાંથી નાબૂદ કરવા અત્રે આપણે એકત્ર થયા છીએ, તેનો પ્રત્યક્ષ પુરાવો એટલે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું આ શિખરબદ્ધ મંદિર.

"આવા મંદિરો જ્ઞાતિમાં ગામડે ગામડે બની જાય, તેવી સ્તુત્ય ભાવના દરેકમાં હોવી જોઈએ. તેમ જ તેવો જ પ્રચાર, સંપ અને સલાહ કરવાની આવશ્યકતા છે.

"શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નએ ભ્રાતૃભાવનાને ઐતિહાસિક પ્રમાણ આપ્યું, તેવી રીતે આપણે પણ કુસંપ તજીને, નીતિયુક્ત જીવન અને વિવેક વિધિથી વર્તન કરીશું, ત્યારે આપણી જ્ઞાતિ ઉપર ચોંટેલું પીરાણાપંથ રૂપી કાળું કલંક ભૂંસી શકીશું. અને તે કલંકમાંથી મુક્ત થવાનો યશ પરમેશ્વરે આપ નખત્રાણા વાળા ભાઈઓને આપ્યો છે.

"જેમ પ્રથમ ખાનામાં પીરાણાનાં શાસ્ત્રો વંચાતાં, તેમ રાત્રિના સમયમાં આપણા મંદિરોમાં આપણા ગ્રંથોનું ધાર્મિક વાંચન રાખવું જોઈએ. આ સંબંધમાં એક ઉદાહરણ આપીશ. જ્યારે રામચંદ્રજી પિતાના વચનને માન્ય કરી વનવાસ જવા તૈયાર થયા, ત્યારે સીતાજીએ પ્રાર્થના કરીને કહ્યું કે હું પણ આપની સાથે આવીને મારી ફરજ બજાવી શકું. ત્યારે રામચંદ્રજીએ કહ્યું કે દેવી, વનમાં જવું બહુ વિકટ છે. તમે અહીં રહી મારા માતા-પિતાની સેવા કરજો. ત્યારે સીતાજી ગદ્ગદ કંઠે પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે આપ કેમ ભૂલો છો, કે લગ્ન સમયે દેવ, બ્રાહ્મણ અગ્નિની સાક્ષીએ માતા-પિતાની સામે સપ્તપદીથી અરસપરસ સાત પ્રતિજ્ઞાઓ લઈને વચન આપ્યું છે, કે ગમે તેવા સુખ-દુઃખમાં દંપતી સાથે રહીને વ્યવહાર ચલાવીશું. જેમ દેહની છાયા દેહથી જુદી ન હોય, તેમ સતી સ્ત્રી પતિથી જુદી ન રહી શકે. પત્ની પતિની અર્ધાંગની છે, એટલું જ નહીં, જેમ આપ આપના માતા-પિતાના

વચન પૂર્ણ કરવા બંધાયેલ છો, તેમ મારા માતા-પિતાએ પણ લગ્ન સમયે ફરજ નાખી છે, કે પુત્રી! ગમે તેવા સુખ-દુઃખમાં સ્વામીની સાથે રહી આપણા કુળની ઉજ્જવળ કીર્તિ દીપાવજે. હું પણ વનમાં સાથે ચાલી આપની સેવા કરી જીવન સફળ બનાવીશ..."

વિસ્તારપૂર્વક આ વાત જણાવી રતનશીભાઈએ કહ્યું હતું કે "મને કહેતા ખેદ થાય છે કે જે સાધ્વી બહેનોએ પતિના કાર્યને ઉમંગથી વધાવીને સાથ આપવો જોઈએ, તેને બદલે જે ભાઈ હિન્દુ સનાતન ધર્મ અંગીકાર કરે છે, તેવા પવિત્ર કાર્યમાં કેટલીક બહેનો સહમત ન થતાં કેટલાક બીજાઓના ભરમાવ્યાથી ઘરમાં કલેશ કરે છે, અને માવિત્રોના ઘરે ચાલી જાય છે, તે આપણને જરા પણ શોભતું નથી. કદાચ એકબીજાના વિચારો પોતપોતાને અનુકૂળ ન આવે તો પણ કલેશ ન કરતાં શાંતિ અને ધીરજથી સમજાવી કામ લેવું જોઈએ."

રતનશીભાઈની વાણીમાં સ્પષ્ટ દેખાય છે કે આ જ ધારાપ્રવાહથી તેઓએ ગામોગામ સનાતન ધર્મનો ઉત્સાહ વધાર્યો હતો, તથા પીરાણા પંથની અસ્મિતાને તોડી સનાતન ધર્મ સાથે જોડી હતી. સમગ્ર જ્ઞાતિ સમક્ષ અપાયેલું અને નોંધમાં આવેલું આ એક જ પ્રવચન હોવા છતાં તેઓની શબ્દાવલી, દૃષ્ટાંતો આપવાની કુનેહ, તથા વર્તમાન સંદર્ભને મૂલવીને સમસ્યાઓનો ઉકેલ આપવાનું કૌશલ્ય સાચે જ અનન્ય હતું. સનાતનની સમાજના પ્રથમ પ્રમુખ તરીકે તેઓએ પોતાના નેતૃત્વને સાચા અર્થમાં પ્રમાણિત કરી બતાવ્યું હતું.

# સોપાન 15

# કેન્દ્રીય સમાજની કાર્યશૈલી

એ સમયે હશે આશરે 1938નો. કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજનું સંગઠન શરૂ થયું રતનશી ખીમજી ખેતાણી અને નથુ નાનજી કેસરાણીની આગેવાનીમાં. જ્ઞાતિના સનાતનીઓ માટે આ માતૃસમાજ અથવા કેન્દ્રીય સમાજની રચના કરવામાં આવી હતી, તે સમયે 60 ગામોના સનાતન જ્ઞાતિબંધુઓ એકત્ર થયા, અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના સ્થાપક પ્રમુખ તરીકે રતનશી ખીમજી ખેતાણીએ અને સ્થાપક મહામંત્રી તરીકે નથુ નાનજી કેસરાણીએ સુકાન સંભાળી લીધું હતું.

આશ્ચર્ય તો એ હતું કે છેક સંવત 1832 (સને 1775-76)માં ઠરાવ કરીને સૈયદ તથા કાકાઓના સહકારથી વહીવંચાઓને કોઈપણ પ્રકારનું લખાણ ન કરવા અથવા જ્ઞાતિજનો સુધી ન પહોંચાડવા માટે પ્રતિબંધ મૂક્યો હતો. તે પ્રતિબંધ રતનશીભાઈ ખેતાણી તથા તત્કાલીન કેન્દ્રીય સમાજના અગ્રણીઓ દ્વારા તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવ્યો. અને તે વહીવંચાની પુન: નિમણૂંક કરવામાં આવી. વહીવંચાઓ જ્ઞાતિના ઘરે-ઘરે પહોંચવા લાગ્યા, અને તેમની વંશાવલી લખવાનું કાર્ય ઝડપભેર શરૂ થયું. જે કાર્યવાહી આજ સુધી ચાલતી રહી છે.

રતનશીભાઈ તથા નથુભાઈ કેસરાણી વગેરેના સહયોગમાં હવે એક, બે નહીં, અનેક યુવકો યુવકમંડળોની સ્થાપના માટે થનગની રહ્યા હતા.

**નખત્રાણામાં** લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની સ્થાપના પછી તે કાર્ય સંત ઓધવરામજી મહારાજ અને તેમના શિષ્ય દયાલરામજી મહારાજની નિશ્રામાં ઝડપભેર સંપન્ન કરવામાં આવતું. આવા અનેક કાર્યક્રમની સતત હારમાળા સતત ચાલુ રહી, તેથી જે ગેઢેરાઓ સામાજિક અને પારિવારિક પ્રશ્નોના ઉકેલ લાવવાના નિમિત્તે અન્યાય, અત્યાચાર કે સતપંથનો પ્રચાર કરતા, તેમની કમર તૂટવા લાગી. યુવકમંડળ તેમજ કેન્દ્રીય સમાજના અસ્તિત્વને કારણે કોઈપણ પરિવારને અન્યાય કરતા પહેલાં તે 100 વાર વિચાર કરતા થઈ ગયા. કારણ કે તમામ યુવક મંડળો કેન્દ્રીય સમાજ સાથે જોડાયા હતાં.

જ્યાં લોકતાંત્રિક પદ્ધતિથી અનેકવિધ પ્રશ્નો અને સમસ્યાઓના સમાધાન થવા લાગ્યા હતા. આમ એક સમયે સતપંથની સત્તાઓ જેમના હાથમાં હતી, તે ગેઢેરાઓ પ્રભાવહીન થતા ગયા, તેથી જ સતપંથ પીરાણાની સત્તા પણ નેસ્તનાબૂદ થવાની અણી ઉપર આવીને ઊભી રહી.

સનાતન ધર્મમાં વાપસી કરવાના આ સમયગાળામાં કેન્દ્રીય સમાજની સ્થાપના એ આ મહાઅભિયાનનો મુખ્ય પડાવ સાબિત થયો. જે ગામોમાં કડવા પાટીદાર જ્ઞાતિના લોકો છૂટાછવાયા રહેતા, અથવા તેમની સંખ્યા લઘુમતીમાં રહેતી, ત્યાં પણ ગેઢેરાઓ વગેરે દ્વારા અત્યાચારો ન થાય, તે માટે જ જાણે આ ખાસ સનાતની સંગઠન ઊભું થયું હોય, તેવી સૌને પ્રતીતિ થતી હતી.

રતનશીભાઈના આ પ્રયાસે સનાતનીઓએ પોતાની અલગ જ્ઞાતિના અસ્તિત્વનું ગૌરવ અનુભવવાનું શરૂ કર્યું. આ જ કારણસર સનાતનીઓ હંમેશાં ગેઢેરાઓ અને સતપંથીઓથી અલગ રહીને પોતાના સમાજના હિત અંગેના નિર્ણયો સ્વતંત્ર રીતે લેવા લાગ્યા. સતપંથના કોઈપણ નીતિ-નિયમો કે આદેશના પાલનની તેમને જરૂર ન રહી. અંતે પીરાણા સતપંથીઓએ સ્વત: સ્વીકારી લીધું કે હવે પછી સનાતની જ્ઞાતિ ઉપર અમારું કોઈ પણ વર્ચસ્વ ચાલી શકે તેમ નથી. કારણ કે તેઓએ હવે પોતાની જ્ઞાતિ અલગ સિદ્ધાંત અને અલગ માન્યતાઓ સાથે પગભર ઊભી કરી લીધી છે.

કેન્દ્રીય સમાજના અગ્રણીઓએ રતનશીભાઈ તથા નથુ નાનજી કેસરાણીના નેતૃત્વ હેઠળ અનેક લક્ષ્મીનારાયણ મંદિરોના નિર્માણનું કાર્ય સુપેરે આગળ ધપાવ્યું, અને આમ સનાતન ધર્મપ્રચારના કાર્યને જબરદસ્ત ગતિ પ્રાપ્ત થઈ. આ અભિયાનના મુખ્ય સેના નાયકો હતા ભીમજી કેસરા લીંબાણી (કોટડા જડોદર), પરબત લખુ પોકાર (મથલ), રાજારામ શામજી ધોળુ (માનકુવા), ખીમજી નાગજી લીંબાણી (મથલ), શિવદાસ કાનજી નાકરાણી (વિરાણી મોટી), કરસનદાસ ઉકેડા (દેશલપર), માવજી ધનજી જબુવાણી, નારાયણ શિવજી નાકરાણી (મોટી વિરાણી) આ તમામ યુવકો માટે ઇતિહાસના અનેક અલગ પૃષ્ઠો રિઝર્વ રાખવા પડે, તેવું અનન્ય તેઓનું યોગદાન છે...

સને 1937, 38 અને 39ની સાલ સુધીનો સમય રતનશીભાઈ તથા સુધારક મંડળ માટે સરળ ન હતો. કારણ કે નારાયણભાઈ અને તેમના સહયોગીઓ રતનશીભાઈ સાથે નફરતની ભાવનાથી અનેક પ્રકારનો દુષ્પ્રચાર પણ કરતા રહેતા. અત્યાર સુધીમાં કચ્છના ઘણા ખરા કડવા પાટીદારોના ગામોમાં કાં તો 'લક્ષ્મીનારાયણ મંદિર' નિર્માણની અને શિક્ષાધામોના સર્જનની પ્રવૃત્તિ શરૂ થઈ હતી, કાં તો જમાતખાનામાં જનારાઓની સંખ્યામાં ઘટાડો આવ્યો હતો.

ઓધવરામજી મહારાજ જેવાની સંતકૃપા સાથે રતનશીભાઈની સનાતન ધર્મની સાચી અસ્મિતાને કારણે આ ફલશ્રુતિ પ્રાપ્ત થઈ રહી હતી. બીજી તરફ છેલ્લાં બે વર્ષથી પક્ષઘાતને કારણે ખૂબ પીડા ભોગવતા નારાયણભાઈનું સને 1942માં અવસાન થયું...

રતનશીભાઈ પણ ખૂબ દુ:ખી થયા. પરંતુ એમણે સનાતન સમાજની સેવામાં મન વાળી લીધું હતું.

# સોપાન 16

# સમાજ શિલ્પીનું સર્વસ્વ સમર્પણ ...

હા, તે વાતને એક વર્ષ વીત્યું હશે, સન 1943માં સ્વ. નારાયણભાઈના એક ચાહકે એક પુસ્તક પ્રકાશિત કર્યું 'કર્તવ્ય પંથે'. દેખીતી રીતે તો તેમાં નારાયણભાઈના જીવન અને કાર્યની નોંધ હતી. પરંતુ તેનો ગુપ્ત ઉદ્દેશ્ય એ હતો કે રતનશીભાઈ અને તેમના કાર્યનો ગૌરવભંગ કરવો. તેમનું બને તેટલી હદે નીચું દેખાડવું.

રતનશીભાઈ દ્વારા શરૂ થયેલા 'લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ'ના સફળ અભિયાનની નિંદા માટે જ જાણે આ પુસ્તક લખ્યું હોય, તેવું દરેક તટસ્થ વ્યક્તિને પણ સમજાઈ રહ્યું હતું.

પરંતુ એક તરફ લક્ષ્મીનારાયણ દેવ અને મા ઉમિયાના આશીર્વાદ હતા, ઓધવરામજી મહારાજ જેવા સંતવર્યનું પ્રત્યક્ષ અને પરોક્ષ માર્ગદર્શન હતું, તથા સુધારક વિચારધારા વાળા સમાજના સેંકડો યુવાનોનો તન-મનથી ટેકો હતો,આથી જ એમણે ક્યારેય આ અદ્ભુત અભિયાન માટે પાછી પાની ન કરી. ગામોગામ સ્વખર્ચે પ્રચાર, ટ્રાવેલિંગ, પત્રવ્યવહાર, દાન-સંયોજન વગેરેમાં એમના દિનરાત વીતી રહ્યા હતા.

તેઓ એટલી હદે સનાતન ધર્મને સમર્પિત હતા, કે મુંબઈનો બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તરીકેનો, હાર્ડવેર અને લાકડાના મોટા વેપારી તરીકેનો પોતે જ વિકસાવેલો વિશાળ ધંધો પોતાના જમાઈ દેવજી સાંખલા, ખીમજી કચરા અને ભાણેજ વાલજીભાઈના હાથમાં સોંપી દીધો હતો.

માત્ર ઈશ્વર પર ભરોસો અને આ ત્રણ કુટુંબીઓ ઉપર આંધળો વિશ્વાસ રાખીને તેમણે તન, મન અને ધન સનાતન ધર્મની સેવામાં સમર્પિત કરી દીધું હતું. આસપાસનાં ગામોમાં વિચરણ કરીને આવે, ત્યારે તેમના મન પર એ જ વિચાર ચાલતો રહેતો કે ફલાણા ગામમાં પૈસાની અગવડ છે, ફલાણા ગામમાં માલ લાવવા કે કડિયા-મજૂરોને માટે પૈસાની વ્યવસ્થા કરવી અઘરી છે... જ્યારે તેમને લાગતું કે કોઈ જગ્યાએથી ફંડ મળી શકે તેમ નથી, ત્યારે તેઓ સમાજના એ કામ પૂર્ણ કરવા માટે મુંબઈ પોતાના ધંધાના થડા પર પત્ર લખતા. જ્યાં ખીમજી કચરા પૈસાનો વ્યવહાર સંભાળતા.

રતનશીભાઈ લખતા: "ભાઈ ખીમજીને માલુમ થાય કે અહીં બિલકુલ પૈસા નથી. તું રૂપિયા મનીઓર્ડર કરજે."

ખીમજીભાઈ પણ ધંધામાંથી ખેંચી-તાણીને માંડ માંડ થોડા પૈસા મોકલે, ત્યાં તો રતનશીભાઈનો બીજો પત્ર આવી ગયો હોય કે "ભાઈ ખીમજી, તમે મોકલેલા પૈસા મળેલ છે, પણ તેમાં મંદિરનું કામ પૂરું થાય તેમ નથી. તો થોડા બીજા પૈસાની વ્યવસ્થા કરીને મોકલજે..."

ખીમજીભાઈ આ સમર્પણને અંદરથી બિરદાવતા, પણ બહારથી થાકી જતા. છેવટે તેમણે રતનશીભાઈને લખી દીધું કે હવે ધંધામાંથી એક પૈસો પણ કાઢીને મોકલી શકાય તેવી કોઈ ગુંજાઈશ નથી. હવે તો મિલકતો પડી છે, તે વેચવી હોય તો કહેજો!! તે વેચીને સમાજને ધર્મમાં લાવવા સેવા કરી શકાશે...

રતનશીભાઈ પણ ખીમજીભાઈનો ઈશારો સમજી ચૂક્યા હતા. ધંધામાંથી આવતી આવકને જો ફરીથી ધંધાના વિકાસ માટે તેમાં જ નાખવામાં ન આવે, તો વ્યવહાર અને વ્યવસાયનું ચક્ર તૂટી પડે તેમ હતું. તેઓ ખીમજીભાઈનો પત્ર મળતા જ મુંબઈ પહોંચી ગયા...

જમાઈ દેવજીભાઈ ખીમજીભાઈને સાથે રાખીને ઘાટકોપરથી માટુંગા પહોંચ્યા, ત્યારે બે મોટાં મકાનો રતનશીભાઈએ ખરીદી રાખ્યા હતાં, ખાલસા કોલેજની બાજુમાં આવેલા 'પટેલ મેન્શન' જેવા મોટા મકાનના માલિક રતનશી ખેતાણી પોતે હતા! આવું જ એક માટુંગાના મુખ્ય માર્ગ ઉપરનું ખૂણાનું વિશાળ મકાન રતનશીભાઈની વ્યવહાર-કુશળતાની સાક્ષી પૂરતું અડીખમ ઊભું હતું.

માત્ર 15 જ દિવસના સમયગાળામાં જ આ બંને વિશાળ મકાનો થોડા સસ્તામાં વેચીને તેમણે એ પૈસા સમાજની ઝોળીમાં સમર્પિત કરી દીધા. હજુ પૈસાની ખોટ વર્તાતી હતી. તેઓએ છેવટે એ નિર્ણય પણ લઈ લીધો કે ચાર આને વારમાં લીધેલી અને એરવેઝ હોટલની બાજુમાં આવેલી પાટીદાર વાડીની નજીક વિશાળ પટ્ટે ફેલાયેલી જમીનનો વિશાળ પ્લોટ બિલકુલ કોરો છે, ચાલ, તે પણ વેચી નાખું...!!

રતનશીભાઈના મન-હૃદયમાં ઘુઘવતો સમર્પણનો મહાસાગર આજે જાણે બધું જ લૂંટાવી દેવા તત્પર બન્યો હતો. આજે રતનશીભાઈ જાણે પોતાનું સર્વસ્વ સમાજને ચરણે લુંટાવી દેવા તત્પર બન્યા હતા. એમણે એ જમીનનો સોદો તાત્કાલિક કરી દીધો... રતનશીભાઈને આ બધી વાતમાં કોઈ રસ ન હતો. તેમણે એ જમીનનો તાત્કાલિક સોદો કરી લીધો, અને લક્ષ્મીનારાયણ દેવનાં મંદિરો માટે પોતાની વિશાળ અને કિંમતી મિલકતોને આરાધ્ય દેવ લક્ષ્મીનારાયણના ચરણોમાં વહાવી દીધી!!

જે જે ગામોમાં મંદિર નિર્માણનું કાર્ય કરવામાં આવતું, ત્યાં ત્યાં વિઘ્ન સંતોષીઓએ સનાતન ધર્મની પ્રચાર પ્રસારની ચળવળને નબળી પાડવા માટે અનેક કોર્ટ કેસ અને ખોટી પોલીસ-ફરિયાદો પણ કરી હતી. વારે વારે થતી આવી ઘટનાઓ કે કિસ્સાઓની જાણે કોઈ નવાઈ જ ન હતી. આવા કેસ થાય તેનાથી નાસીપાસ થઈને રતનશીભાઈ અને તેમની સનાતની ટીમ ક્યારે પરાજયનું મોં જોયું ન હતું.

જો કે રસલીયા ખાતે સનાતની જ્ઞાતિબંધુઓના દીકરાઓના કે દીકરીઓના સગપણ તોડવા માટે સતપંથીઓએ જબરદસ્ત પ્રયાસો કર્યા હતા. આ ઉપરાંત ખેડોઈ, દેશલપર, કંઠી, નખત્રાણા, લખપત તથા ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ જાગૃત જ્ઞાતિજનોની સંખ્યા વધી રહી હતી, પરંતુ તે જ સમયે દેશનું વિભાજન થયું, અને કરાંચીમાં વસતા જ્ઞાતિજનો ભારતમાં આવી ગયા. આવા વિપરીત સમયે પણ સંતશ્રીઓના માર્ગદર્શન સાથે અનેક પડકારો અને ઝંઝાવાતો સામે રતનશીભાઈ અને સાથીઓએ અત્યંત સફળ પ્રયત્નો કરીને જ્ઞાતિનું ગૌરવ મધ્યાહ્નમાં તપતા સૂર્ય જેવું તેજસ્વી બનાવી દીધું હતું.

સનાતનનાં એ અભિયાનને સફળ બનાવવા માટે રતનશીભાઈ અને તેમની સાથે જોડાયેલા યુવકોએ અનેક પ્રકારનાં શારીરિક, આર્થિક બલિદાનો આપ્યાં છે. પાણીની જેમ પોતાના અંગત પૈસા વહાવ્યા છે. આજનો માપદંડ ગણો, તો તે સમયે હજારો-લાખોની પોતાની અંગત મિલકત વેચીને પણ તેઓએ જ્ઞાતિની સુધારણા માટે લક્ષ્મીનારાયણ મંદિરોનું નિર્માણ થાય, તેને માટે આર્થિક સમર્પણની ચરમ સીમા સિદ્ધ કરી છે.

જે ગામોમાં તેઓના અને સાથીઓના પ્રચંડ પુરુષાર્થ અને સમર્પણથી લક્ષ્મીનારાયણ મંદિરો બન્યાં, તે સાથે જ સતપંથના 'જમાતખાના'નું ઉત્થાપન કરી વિસર્જન કરી દેવામાં આવ્યું. રતનશીભાઈ તથા તેમના સહયોગી સાથીદારોના અવિરત પ્રયાસોનાં પરિણામ ઇસવીસન 1970 પછી સ્પષ્ટ રૂપે દેખાતા ગયાં, અને એક અંદાજ મુજબ આજે ૯૫% પાટીદાર જ્ઞાતિજનો શ્રી લક્ષ્મીનારાયણ દેવને આરાધ્ય અને મા ઉમિયાને કુળદેવી તરીકે સ્વીકારતા થયા. આ એમના અનન્ય પ્રયાસ અને અનોખા વ્યક્તિત્વની ફલશ્રુતિ હતી.

# સોપાન 17

## વાંઢાયમાં ઉમિયા માતાજી મંદિરની પ્રતિષ્ઠા

સંત ઓધવરામજી મહારાજ, રતનશીભાઈ અને કેન્દ્રીય સમાજનું તે સમયે એક વિશેષ લક્ષ્ય હતું, લાલરામ મહારાજનું સાહિત્ય વિષયક સ્વપ્ન પૂર્ણ કરવાનું. તેઓએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માટે એક ઉત્તમ માર્ગદર્શક ગ્રંથની રચના થાય તેવો શુભ સંકલ્પ કર્યો હતો. આથી જ પોતાના ગુરુનો મનોરથ પૂર્ણ કરવા સંત ઓધવરામજી મહારાજએ "ઈશ્વર વિહારી વિલાસ ગ્રંથ"ની રચના કરી. જે તા. 22 નવેમ્બર, 1942ના રોજ પ્રકાશિત કરવામાં આવ્યો.

જેના એક પ્રકરણમાં કડવા પાટીદાર ભાઈઓએ પાળવા યોગ્ય નિયમો વિગતવાર દર્શાવ્યા છે. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે મુસ્લિમ પરંપરાના આચરણ અને રીતિ-રિવાજોમાંથી જ્ઞાતિને મુક્ત કરવા માટે જ આ નિયમો આપવામાં આવ્યા છે. જેમાં પાવળ ન પીવું, મંડપ-ચોરી બાંધીને જ લગ્ન કરવાં, મૃત્યુ બાદ જ્ઞાતિના કોઈપણ વ્યક્તિના શરીરનો અગ્નિસંસ્કાર જ કરવો... વગેરે 23 નિયમો વિગતવાર જણાવવામાં આવ્યા છે.

જેના અંતિમ નિયમોમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સતપંથીઓ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર રાખવો નહીં તથા સનાતન ધર્મના 16 સંસ્કાર મુજબ સમયે સમયે વ્યક્તિએ તેનું પાલન કરતા રહેવું.

આ પછી તા. 16 ડિસેમ્બર 1943ના દિવસે માગશર વદ પાંચમ, વિક્રમ સંવત 2000ના રોજ 'બોરડીટીંબા વિજય મંડળ કડવા પાટીદાર સનાતની સંમેલન અને બંધારણ' નો અહેવાલ રજૂ થયો.

રતનશીભાઈ અને નથુભાઈ સંત દયાળજીમહારાજના માર્ગદર્શન અને સહયોગથી સાબરકાંઠા જિલ્લાના કંપા વિસ્તારોમાં દિવસો સુધી ભગીરથ વિચરણ કરીને પુરુષાર્થ કરી રહ્યા હતા. બોરડીટીંબા, મોતીસરી કંપા, રામપુરા કંપા વગેરે ગામોમાં લક્ષ્મીનારાયણ મંદિરોના પ્રચાર-પ્રસાર અને નિર્માણ અંગે તેઓ સક્રિય પ્રયાસો કરી રહ્યા હતા. તા. 26 નવેમ્બર, 1943ના રોજ જ્ઞાતિ સુધારક અગ્રણીઓ દ્વારા બોરડીટીંબામાં જ્ઞાતિના તમામ પરિવારો માટે જાહેરસભાનું આયોજન ગોઠવવામાં આવ્યું. જેમાં જ્ઞાતિના ધારા ધોરણ તથા રીતિ રિવાજો નિશ્ચિત કરવામાં આવ્યા. તે પછીના જ મહિને તા. 15 થી 18 ડિસેમ્બર,1943માં જ્ઞાતિજનોના તમામ અગ્રણીઓની એક વિશિષ્ટ સભા બોલાવવામાં આવી. જેમાં સર્વાનુમતે એક માસ પહેલા ઘડવામાં આવેલા રીતિ રિવાજોને સંમતિ આપવામાં આવી.

તે દિવસે સંત ઓધવરામજી મહારાજની ભલામણના આધારે સતપંથીઓ સાથે ખાવા-પીવાનો વ્યવહાર બંધ કરવાનો ઠરાવ પણ નિશ્ચિત કરવામાં આવ્યો.

જ્યારે મોતીસરી કંપાના હરિભાઈ કરમશી ભાવાણીએ જ્ઞાતિના રિવાજો વગેરેના ઠરાવોને સર્વ સંમતિથી પસાર થતા જોયા, ત્યારે તેઓ ગદગદિત બની ગયા. પ્રફુલ્લિત હૃદયે તેમણે ઓધવરામજી મહારાજના શિષ્ય સંત શ્રી દયાલદાસજી મહારાજની ઉપસ્થિતિમાં પોતાનો નિશ્ચય ત્યાં જ જાહેર કર્યો કે જો જ્ઞાતિજનો માટેના ઠરાવો સર્વાનુમતે નિર્વિઘ્ને પસાર થઈ જાય, તો આપણે સંત શ્રી ઓધવરામજી મહારાજની કર્મભૂમિ, ઉદ્ધવ આશ્રમ, વાંઢાય ખાતે કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર નિર્માણ કરીએ તો એક શાશ્વત તીર્થ ધામની કચ્છની ધરતીને ભેટ મળે.. અને તેમાં એક હજાર એક રૂપિયા આપીને મારે કુળદેવીની સેવાનો લાભ પ્રાપ્ત કરવો. અને મોતીસરી વાળા હરિભાઈ કરમશી ભાવાણીનો આ પ્રસ્તાવ સૌએ હર્ષભેર વધાવી લીધો. ઓધવરામજી મહારાજે પણ આ અંગે સંમતિ આપી, આમ અનાયાસે વાંઢાય ખાતે ઉમિયા માતાજીના મંદિરના શ્રી ગણેશ થયા. સંત ઓધવરામજી મહારાજની આજ્ઞાથી જ ઈશ્વરનગર, વાંઢાયના આશ્રમની અંદર જ માતાજીનું સુંદર મંદિર બાંધવાનું આયોજન નક્કી કરવામાં આવ્યું.

હરિભાઈએ પોતે જ પોતા તરફથી રૂપિયા 1,001ના દાનથી સમર્પણની સરવાણી વહેતી કરી તેથી બીજી સેવાઓ પણ આવવાની શરુ થઇ. વસંતપંચમીના શુભ દિવસે સનાતની સમાજના મુખ્ય આગેવાનો રતનશીભાઈ, રાજારામભાઈ (માનકૂવા), કરસનભાઈ ઉકેડા (દેશલપર), વસ્તાભાઈ (માનકૂવા), જીવરાજ હીરજી ઉકાણી (માનકૂવા) વગેરેએ ઓધવરામજી મહારાજના સાંનિધ્યમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

મંદિરનિર્માણની આ પ્રવૃત્તિમાં અનેક ગામોના પાટીદાર ભાઈઓએ આર્થિક સમર્પણની અલખ જગાવી. ભલે આ પ્રતિષ્ઠા કચ્છ ખાતે થઈ હતી, પરંતુ તેમાં સાબરકાંઠા જિલ્લાના કંપા વિસ્તારોમાં રહેતા જ્ઞાતિજનોનું આર્થિક યોગદાન અનન્ય હતું. બે વર્ષના સમયગાળામાં આ મંદિરનું નિર્માણ સંપન્ન થયું, વિક્રમ સંવત 2000ના રામનવમીના શુભ દિવસે વાંઢાય ખાતે ઉમિયા માતાજીની શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રતિષ્ઠા પંડિત શ્રી ગોવિંદજી મહારાજ (ગઢશીશા) અને પંડિત શ્રી કાશીરામજી મહારાજ (આસંબિયા) દ્વારા સંપન્ન થઈ.

મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સનાતની સમાજની સભાના પ્રમુખસ્થાનેથી રતનશીભાઈએ 601 કોરી મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે તથા 401 કોરી ધ્વજારોહણ નિમિત્તે અર્પણ કરીને અમર સમર્પણની મિસાલ સ્થાપી. મૂર્તિપ્રતિષ્ઠાની માંગલિક ક્રિયા માટે જ્ઞાતિને સમર્પિત અને સનાતન ધર્મના જીવંત જ્યોતિર્ધર રતનશી ખીમજી ખેતાણી તથા તેઓના ધર્મપત્ની મેઘબાઈને નિમંત્રિત કરી આ બંને મહત્ત્વની ક્રિયાઓ આ પુનિત દંપતીના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવી.

આજે ઊંઝાથી ઉમિયા માતાજીની જ્યોત લાવીને સંતોની પાવન ભૂમિ વાંઢાય ખાતે સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને એક નેજા હેઠળ લાવવાના ઉદ્દેશ્યથી, સનાતન સમાજના કડવા પાટીદારોએ ઉમિયા માતા મંદિરનું નિર્માણ થઈ ચૂક્યું હતું.

# સોપાન 18

## હે સનાતનીઓ !
## હવે તમે સિંહ થાઓ !

હવે જ્યારે સમાજનું સંગઠન બીજા ચરણ સુધી પહોંચવા લાગ્યું, ત્યારે સમાજ માટે એક વ્યવસ્થિત બંધારણની આવશ્યકતા ઊભી થઈ. આથી નિષ્ણાતોના સહયોગ વડે તથા જ્ઞાતિજનોની પરંપરાઓ તેમ જ સનાતનધર્મની વિલક્ષણતાઓને ખ્યાલમાં રાખીને તા. 15 નવેમ્બર, 1945ના રોજ વ્યવસ્થિત બંધારણ ઘડાઈને અમલમાં મૂકવાનો આરંભ થયો.

વિક્રમ સંવત 2001, આસો વદ ચૌદશ, તા. 14-09-1945ના રોજ વાંઢાય મુકામે વિશાલ સંખ્યામાં હજારો સનાતની ભાઈઓ એકત્ર થયા. એ સમયનું વાતાવરણ માતાજીના આશીર્વાદથી માત્ર ઉત્સવનું જ નહીં, જાણે ક્રાંતિકારીઓની સેના જેવું જોમવંતું બની ગયું હતું.

દરેકની નજર રતનશીભાઈના હવે પછી આવનાર આદેશ પર અટકી હતી. સનાતની સમુદાયની સામાન્ય સભામાં સમાજના પ્રમુખ તરીકે રતનશીભાઈ, ઉપપ્રમુખ તરીકે ગંગદાસભાઈ વિશ્રામ ઉગેડીવાળા, મંત્રી તરીકે નથુભાઈ નાનજી કેસરાણી અને ખજાનચી તરીકે ભીમજી કેસરા લીંબાણી વગેરે મહાનુભાવો અને સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં દૃઢતાપૂર્વક અનેક ઠરાવો પસાર કરવામાં આવ્યા. જેમાં-

-પીરાણા પંથ દ્વારા ચાલતી લગ્ન પ્રથાને તિલાંજલિ,

-બ્રાહ્મણો દ્વારા અગ્નિની સાક્ષીએ લગ્નવિધિ,

-મરણ બાદ અગ્નિસંસ્કાર કરીને અંત્યેષ્ઠી કરવી, તે ઠરાવ જાહેર કરાયા.

આ ઉપરાંત લગ્ન સંબંધી, છૂટાછેડા સંબંધી, પુનર્લગ્ન સંબંધી, આણાં સંબંધી, પુત્રીના જન્મ સમયે અપાતા વીઆતર સંબંધી, શ્રાદ્ધ-ધર્માદા-ઉજમણી-વગેરે સંબંધી ઠરાવો પણ જાહેર કરાયા.

અહીં એ વાત પણ પૂરી દૃઢતા સાથે મૂકવામાં આવી કે આજ સુધી કડવા પાટીદારો પીરાણાપંથ સ્વીકારીને કચ્છમાં આવ્યા હોવા છતાં શ્રાવણી સાતમ-આઠમ અને કૃષ્ણ જન્મોત્સવની પરંપરા જાળવી રાખી હતી, તો આપણે સનાતન ધર્મને અનુસરનાર સાચા ધર્મનિષ્ઠ સૈનિકો છીએ. આથી કૃષ્ણ જન્મોત્સવની પરંપરાને ક્યારેય શિથિલ નહીં થવા દઈએ, પણ વધુને વધુ ધામધૂમપૂર્વક એ ચાલુ રાખીશું.

આ પુનિત દિવસે ઓધવરામજી મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું હતું કે-

"આજે મોટામાં મોટો આશીર્વાદ વીર સુધારકોને હોઈ શકે. કારણ કે યુવક મંડળના યુવાનો આ જ્ઞાતિની સેવા કરવા તૈયાર ન હોત, તો મંદિર એક બાજુએ રહે, અને ખાનામાં જાવસા કુટાત. (અર્થાત્ મોહરમમાં તાજીયા કાઢતી વખતે "યા હુસેન યા હુસેન" બોલતાં છાતી પીટવી). સ્વાર્થી લોકોએ તમને અડધા ખાડામાં નાખી દીધા હતા. પરંતુ 20-20 વર્ષની મહેનતનું ફળ આજે તમે જોઈ શકો છો.

"રતનશીભાઈ આવતીકાલે સભા દરમિયાન 15 નિયમોનું વાંચન સંભળાવશે. સનાતન ધર્મનો ધ્યેય સંગઠન માટે છે. આજે સનાતન ધર્મનું સંગઠન થયું છે, તે જોઈને આનંદ થાય છે.

"માતાઓની સારામાં સારી હાજરી છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ છે. જગતમાં મહાપુરુષો માતાઓના સંસ્કારોથી જ થયા હતા. તમારાં જેવાં અંકુરો હશે, તેવા પુત્રમાં થશે. તમારા બચ્ચાને શિવાજી, રાણા પ્રતાપ આદિ જેવા શૂરવીર નીતિમય બનાવવાની જરૂર છે.

"બીજી વાતની ચેતવણી માતાઓને આપું છું કે તમારી પુત્રીને નિંદવા યુક્ત વાણી કહેવાની કુટેવને મૂકી દેજો. દીકરા કે દીકરીને મીઠો ઠપકો આપવો, પરંતુ શાપ આપવા જેવા સ્વરૂપમાં કહેશો નહીં.

"મને અનુભવ છે કે તમારામાંના પીરાણા પંથને માનનાર કેટલાક ભાઈઓ સવારે ઊઠીને કે રાત્રે સૂતી વખતે 'અલ્લાહ' કહે છે, ભલે તે ઈશ્વરનું નામ છે. પણ આપણને શોભે નહીં. બાપનું નામ હોય તે જ બોલવું જોઈએ. રામ, કૃષ્ણ, લક્ષ્મીનારાયણ, પરમેશ્વર, ઈશ્વર વગેરે અનેક નામ છે. તેમાંનાં નામ

લેજો. મુસલમાન હિન્દુઓના દેવસ્થાને નાળિયેર લઈને ક્યારેય આવતા નથી. તેમ તમો પણ મુસલમાનના પંથને મૂકી દેજો.

"પ્રસન્નતાની વાત કહું છું કે રતનશીભાઈ, રાજારામભાઈ તેમ જ કરાંચીથી આવેલ શિવજીભાઈએ જે શ્રમ લીધો છે, તે કોમ માટે બહુ જ સારું કર્યું છે. બ્રાહ્મણોમાં ઘણી જ્ઞાતિઓમાં 'ચોકો વાળીને ખાવું પીવું નહીં' તેવું કર્યું છે, તે પ્રમાણે રતનશીભાઈએ પણ દસ વર્ષ સુધી અને શિવજીભાઈએ પણ કેટલાંક વર્ષો સુધી ચોકો વાળ્યો હતો. (એટલે કે સનાતની ન હોય તેવા પરિવાર કે જ્ઞાતિબન્ધુઓના ઘરનું પાણી પણ ન પીવું, તેના ઘરનું ક્યારેય ખાવું નહીં, અને જ્ઞાતિસમારંભોમાં કદાચ ભેગા જમવાનો વખત આવી જાય, તો તેમનાથી દૂર બેસીને જમવું, એ રીતિને "ચોકો પાળ્યો" કહેવાતું.) જેથી જ્ઞાતિ ભાઈઓનું કહેવાનું થયું કે તમે કહેશો તે પ્રમાણે કરીશું, પણ અમારી સાથે ખાશો-પીશો નહીં, તો તમે તમારે રસ્તે અને અમે અમારે રસ્તે!

"માટે ચોકો માંડી વાળો. ભાઈઓ, જ્ઞાતિની સાથે સંગઠન કરો, ત્યારે જ તમારું પ્રાયશ્ચિત થયું કહેવાય. તમારી જ્ઞાતિનો આહાર સાત્વિક છે, ખરી કમાણીનો છે, જેથી તમારી જ્ઞાતિનો રોટલો ખાતા મને ઠીક લાગે છે. મુંબઈ દોઢ મહિનો હતો, ત્યાં પેટમાં દુ:ખતું અને અહીંયા આવ્યો તે બધું મટી ગયું. જ્ઞાતિ સાથે ખાવાની ના પાડનાર માણસ નથી, એવી મારી માન્યતા છે.

"જે ઝેરીલા વાતાવરણમાં તમારી જ્ઞાતિ સંડોવાઈ, તેમાંથી બહાર નીકળે તેમ ઇચ્છું છું. જે ગામોમાં મંદિર નથી, તે ગામમાં મંદિર સ્થાપવાનાં છે. ખાનાં છે, તેને ઘડીભર મંદિર માની લઈએ, તો પણ તમે સિંહ છો અને બકરીના બચ્ચા જેવા બની ગયા છો, તો તે મટીને ખરા સિંહના સ્વરૂપમાં આવી જાઓ. એટલે ખાનાં છે, ત્યાં મંદિર બની જશે.

"બ્રહ્માના પાઠ તેમજ જ્યોત માનવાનો દાવો કરો છો, તે બધા બ્રહ્માને માને છે, પરંતુ તમારી બોલી-ચાલીથી તો 'ખાના'ને બદલે તમે 'જગ્યા' કહો છો તે ખાનું મટીને 'જગ્યા' બની, તેમ 'જગ્યા' મિટાવી મંદિર કહો, મંદિર બનાવી દો અને તે પ્રમાણે આચરણ કરો. "ખાના" શબ્દમાં મુસલમાની પ્રયોગ સમાયેલો છે. મુસલમાનીને બદલે હિન્દુઓનાં ચિહ્નો ધારણ કરો. "જગ્યા"માં બ્રહ્માની ગાદી છે, (પાટ) ત્યાં શિખર કે દેરી થાય તેમાં નુકસાન શું છે? નુકસાન કે હાનિ નથી,તો મંદિર કરવું જ જોઈએ, મંદિર હોય ત્યાં દરેક કોમ આવી શકે...

"કરોડો હિન્દુઓ જે તિથિઓને માને છે, તે માનવી. અને શુક્રવાર કે શુક્રવારી બીજને પાળવી નહીં. શબરીએ ભગવાનની સેવા કરી હતી, તેમ તમે પણ ભગવાનની સેવા-પૂજા કરો."

આ પ્રવચનમાં તેમણે માતાઓને રજસ્વલા ધર્મ પાળી પવિત્ર જીવન જીવવા, તથા તમામ પાટીદારોને ગાય કે બળદ પાળવા માટે પણ હૃદયપૂર્વક અપીલ કરી તથા કુવ્યસનોનો ત્યાગ કરવા માટે પણ આગ્રહ કર્યો. અને કહ્યું કે-

"તમારા બાપ-દાદા બીડી કે ચા જેવી વસ્તુથી અળગા રહેતા હતા. અત્યારે હોમ-હવનને ઠેકાણે જ્યાં જુઓ ત્યાં બીડીઓના ધુમાડાના ગોટેગોટા ઊડતા નજરે ચડે છે. સજ્જનો! તે જોઈને મને બહુ દુઃખ થાય છે. તેનાથી શરીરને નુકસાન પહોંચે છે, સાથે પૈસાની પણ બરબાદી થાય છે, આવું તમારા બાપ-દાદા કરતા નહોતા. તમે સુધારાના નામે કુધારો ઘાલીને બાપદાદાના ઉત્તમ ગુણો છોડીને, બરબાદીના રસ્તે જઈ રહ્યા છો. તેનો દરેક ભાઈ ખ્યાલ કરીને ચા અને બીડી નહીં પીવાનો નિશ્ચય કરી પ્રતિજ્ઞા કરો. લગ્નમાં પણ સનાતન ધર્મ પ્રમાણે ચોરી-ફેરાની પ્રથા દાખલ થઈ છે, તે બહુ જ ઉત્તમ છે. દેખાદેખી વધારે ખર્ચ કરવા નહીં. તેનાથી આર્થિક સ્થિતિ સારી રહેશે નહીં. માટે જિંદગીની જરૂરિયાતો ઓછી કરજો.

"મરણ સમયે દાટવાને બદલે અગ્નિસંસ્કાર કરવાનો રિવાજ કર્યો છે, તે પ્રશંસનીય છે. પરંતુ તેવા વખતે લાકડાં ન મળવાથી તમારા માંહેલા કેટલાક ભાઈઓ શંકા ધરાવે છે, તે બાબતમાં તમને સૂચના કરું છું કે લાકડાં મળી શકશે, તે વિશે તમારે જરાય ચિંતા કરવી નહીં, ગામોગામ તમારે લાકડાંનો જથ્થો રાખવો. અને હમણાં રતનશીભાઈએ જણાવ્યું કે કાકા (એટલે કે સૈયદના પ્રતિનિધિ) જે ખાનામાં બેસીને ખાનાનું સંચાલન કરે છે, પીરાણાના એજન્ટ છે, તેના થકી પીરાણાપંથનો નિભાવ થઈ શકે છે, તે વાત કરી છે. પરંતુ કાકાએ પણ તમારી નાતમાં ધાર્મિક દૃષ્ટિએ મુખીઓને હેડ ક્લાર્ક નિમ્યા છે. જે મોઢું બાંધીને ખાનામાં અડધી રાતે પૂજા કરે છે. તથા કાકા આવે ત્યારે ગામના કેટલાક મોઢે ચડેલા આગેવાનોને ખિસ્સામાં રૂપિયા કે કોરીઓ નાખે છે, અને તેઓના ભેગું ઠેકઠેકાણે સારું ખાવાનું મળે, એટલે કાકાના થઈ જાય છે, અને ગામોમાંથી ધર્મના નામે હજારો કોરીઓ વ્યવસ્થિત રીતે ઉઘરાવવામાં આવે, પછી ભલે ગરીબ હોય કે તવંગર હોય, પણ બધાને એક લાકડીએ ઊઠ-બેસ કરાવે છે.

"બિચારાના ઘરમાં ન હોય તો કોઈકને ત્યાંથી લઈને પણ કોરીઓ (પૈસા) આપવી પડે. એવા મુખી અને પટેલોને કહું છું કે જ્ઞાતિભાઈઓ પાસેથી ધર્મના નામે ધતિંગ ચલાવી હજારો, બલકે લાખો કોરીઓ ઉઘરાવીને નીચોવી નાખવાની નીચપ્રથા પોતાના પાપી પેટ ભરવા ખાતર વહેંચી રહ્યા છો, એ જ તમને વિનાશના માર્ગે દોરી જવાનું કૃત્ય છે. આવું જ્ઞાતિદ્રોહી કૃત્ય ન કરતાં, પેટ ભરાતા ન હોય તો એવા પેટને ફાડી નાખવા. જેથી એવા જુલમી કરવેરામાંથી જ્ઞાતિ જલ્દી મુક્ત થાય."

વળી તેમણે રતનશીભાઈને યાદ કરીને કહ્યું કે-

"રતનશીભાઈના કહેવા પ્રમાણે લગભગ ત્રીજો ભાગ તો પીરાણા-સતપંથથી મુક્ત થયો છે, અને સુધારકોની વ્યવસ્થિત કાર્યવાહીથી બાકી રહેલાઓ પણ મુક્ત થઈ જશે, તેવું અત્યારના વાતાવરણથી જણાઈ આવે છે. હું કહીશ કે સુધારકો એટલા વહેલા સમજ્યા છે, અને નાતની આપખુદી સત્તાને તોડવામાં કટિબદ્ધ થયા છે, તો તેમને સનાતનીઓ જ એકલા નહીં, પણ હાલમાં "પીરાણા પંથને જેઓ નથી માનતા, તેમજ પીરાણાના લાગા નથી આપતા ને સુધારા તરફ માનની નજરે જુએ છે, અને મંદિરોના ઉત્સવમાં ભાગ લે છે. તો એ બધા પણ સુધારકો જ છે! અને તેવા સદ્ભાવી સુધારક ભાઈઓ તો ત્રીજા ભાગ કરતાં પણ વિશેષ છે. તે બધા એક સંપથી સુધારાનું કામ ઉપાડી લે, તો હું ધારું છું કે પીરાણાપંથ તમારી જ્ઞાતિમાંથી નજીકના ભવિષ્યમાં દૂર થઈ જશે.

"આ રતનશીભાઈ, રાજારામ ભાઈ વગેરે પ્રખર નેતા છે. તેઓનું માન જાળવવાની તમે ફરજ સમજતા હશો. પરંતુ સુધારકો તો પોતાની ફરજ સમજી જ્ઞાતિ સેવાનું કામ કરતા જાય છે. તેઓ તો જ્ઞાતિના સેવક છે. આનંદના ઉદ્ગારો તો આપણે ભોગવીએ છીએ. તેઓ તો નાત આગળ નમવું જોઈએ તેમ નમે છે, આપ સર્વે વડીલો, તેમજ યુવાનોએ તેઓને જ્ઞાતિસુધારાના કામમાં પૂરતો સાથ આપવો જોઈએ. તમારા પ્રાણ એ કામ માટે હોવા જોઈએ, તેથી વિશેષ સેવા બીજી કોઈપણ હોઈ શકે નહીં. ભાષણો થાય ત્યારે તાળીઓ વગાડીએ અને પછી નિયમ-ધર્મ પાળતા હશો તો પાળીશું! પણ રતનશીભાઈ વગેરે ભાઈઓ ગામમાંથી સભા કરી વિદાય થાય, અને તમે આ નિયમો પાળવાનું મૂકી દો, એવું કરતા નહીં.

"જે જે ધારા-ધોરણ કે ઠરાવો ઘડાયા, તે તમારે પાળવાની સૌની ફરજ છે, અને તે પ્રમાણે વર્તશો, ત્યારે જ સેંકડો રૂપિયા ખર્ચી પરદેશથી આવેલા ભાઈઓ, અને હજારો કોરીઓ ખર્ચી બંધાવેલ મંદિર વસૂલ થયા ગણાશે."

તેમણે જ્ઞાતિજનો પર ભરોસો મૂકતાં જણાવ્યું કે "તમે ધારો તો એક કલાકમાં સંસ્થા ઊભી કરી શકો તેમ છો. તમારામાં સંગઠન થશે, અને તેમ બની શકશે. છેલ્લા દસ વર્ષથી તમારી જ્ઞાતિ ખૂબ જાગૃતિમાં આવી છે.

"કાળી ટીલી કાઢી નાખજો. સનાતન ધર્મી બનજો. મુસલમાનોમાં સંગઠન છે, તેમ સાવધાની પણ છે. તેવી જ રીતે આપણે આપણા હિન્દુ સનાતન ધર્મમાં સંગઠિત અને સાવધાન રહેવું. પોતાનું સંગઠન કરીને હિન્દુ સનાતન ધર્મનું અભિમાન જરૂર રાખજો..."

હૃદયથી બોલાતી આ સંતવાણીનો શીતળ સ્પર્શ આખી જ્ઞાતિને એ રીતે થઈ રહ્યો હતો કે સહુ મંત્રમુગ્ધ હતા અને અંતઃકરણથી બોલાતી વાણીને અનુસરવા માટે પ્રતિબદ્ધ હતા.

વાહન વ્યવહારના ટાંચાં સાધનો હોવા છતાં લખપતથી માંડી કંઠી પટના ગામડાઓનો પ્રવાસ ખેડીને ઠેર ઠેર સભાઓ ભરીને રતનશીભાઈ અને નથુભાઈએ પાટીદાર સમાજમાં જબરદસ્ત સનાતનની ધર્મભાવનાનો જુવાળ ઉભો કર્યો હતો. અનેકવાર ઓધવરામજી મહારાજ અને દયાળરામજી મહારાજ પણ તેમને સહયોગ આપવા સાથે જોડાતા. જે જે ગામોમાં લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના થઈ શકે તેમ ન હતી, તે ગામના પાટીદાર ભાઈઓને રતનશીભાઈ ઘરે જઈને સંકલ્પ કરાવી પ્રતિષ્ઠા મહોત્સવમાં અચૂક હાજરી આપવા સંકલ્પબદ્ધ કર્યા હતા.

આ દિવસ જ એટલો પ્રભાવશાળી હતો કે તે દિવસે ઉપસ્થિત મેદનીમાંથી અનેક લોકોએ સતપંથનો ત્યાગ કરી સનાતન ધર્મ અપનાવ્યો હતો. એટલું જ નહીં, સમગ્ર જ્ઞાતિજનો શિક્ષિત બને, અને નવી પેઢી આધુનિક શિક્ષણ સાથે વધુ તેજસ્વી બને, તે માટે શાળાઓના નિર્માણ માટે પણ આહ્વાન કરવામાં આવ્યું.

મુખ્ય વક્તા તરીકે સંત ઓધવરામજી મહારાજની સાથે સંત દયાલરામજી મહારાજ, હરિભાઈ કરમશી, રતનશી ખીમજી, પરબત લખુ તથા નથુ નાનજી વગેરે સુધારકોએ પોતાના અસરકારક વિચારોથી જ્ઞાતિજનોને ઉમદા ભવિષ્યનું માર્ગદર્શન કર્યું. આ મંદિર પ્રસિદ્ધ થતાં જ કડવા પાટીદારો જે 'મુમના' તરીકે ઓળખ ધરાવતા, તે સંપૂર્ણપણે ધરાશાયી થઈ. હવે તે જ્ઞાતિજનો કચ્છના 'કડવા પાટીદાર' તરીકે ઓળખાતા થયા. સાથે જ ધાર્મિક અને સામાજિક રીતે ઊંઝા સ્થિત ઉમિયા માતાજીના મુખ્ય મંદિર સાથે તેમનું જોડાણ સર્વ રીતે સ્વીકૃત બની ગયું.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ચોથી જનરલ સભાના પ્રમુખ સ્થાનેથી રતનશી ભાઈએ પોતાના પ્રવચનમાં ભાવવિભોર સ્વરે જણાવ્યું હતું કે આપણી જ્ઞાતિમાં સનાતન પ્રકાશને કારણે પાખંડીપંથોનો અંધકાર વધારે ટકી શકે તેમ નથી માટે બંધુઓ આપણી જ્ઞાતિની ઉન્નતી ચાહતા હો તો સુધારાની પવિત્રવેદીમાં ઝંપલાવો અને વૈદિક સનાતન ધર્મનો પ્રચાર કરવા તન મન અને ધનથી કટિબદ્ધ થાઓ આપણી સનાતન સંસ્કૃતિને પવિત્ર રાખવા માટે અસંખ્ય વીરોએ સદીઓથી બલિદાનો આપ્યાં જ છે વીર ક્ષત્રિય એ જુહાર કર્યા છે ગુરુ ગોવિંદસિંહના કુમળાં બાળકો સદેહે દિવાલમાં જડાઈ ગયા છે પણ તેઓએ સ્વધર્મ છોડ્યો નથી માટે આપ સૌ જ્ઞાતિના નવયુવકોને મારી હાકલ છે કે બંધુઓ આપણે પણ હવે કેસરિયા કરીને આસુરી અંધકારનો નાશ કરવા માટે કટિબદ્ધ થઈએ.

રતનશીભાઈ અને નથુભાઈ નાનજીના યુવાન સહયોગીઓ અને સનાતન ધર્મના પ્રચારક ભાઈઓ તરીકે નારાયણ રામજી પાંચાણી (નખત્રાણા),નારાયણ ભાણજી ડોસાણી (કોટડા), પરબત લખુભાઇ પટેલ (મથલ), શિવજીભાઈ મેઘજી પટેલ (ખેડોઈ), શિવજીભાઈ શામજીભાઈ પોકાર (ખેડોઈ કોટડા), હીરજીભાઈ લાલજીભાઈ (માનકૂવા), હરજી લધા રામાણી (લુડવા), વિશ્રામભાઈ હીરજી (ગઢશીસા), લાલજીભાઈ કરસન (દેસલપર), લધાભાઈ પચાણ (કોટડા જ.), રામજીભાઈ લાલજી પટેલ (ગઢશીશા), દેવજીભાઈ કચરા રૈયાણી (નખત્રાણા), માધવજીભાઈ ખીમજી પટેલ (ખોંભડી), અરજણભાઈ ગોપાલ પટેલ (દુર્ગાપુર), રત્નાભાઇ કાનજી પટેલ (તલવાણા), વિશ્રામભાઇ મેઘજી પટેલ(કંડાય), વિશ્રામભાઈ લધા પટેલ (રસલિયા), માવજીભાઈ નાનજી પટેલ ઉખેડા શિવજીભાઈ ભાણજી પટેલ (ઉખેડા), દેવશીભાઈ કાનજી ભગત (દેવપર), કાનજીભાઈ હીરજી પટેલ ( રાયણ), લધાભાઈ ભાણજી પટેલ (રામપર), રતનશી નારાયણ પટેલ (ખોંભડી) જેવા અસંખ્ય ઉત્સાહી જ્ઞાતિબંધુઓ કોઈપણ વિરોધ-અવરોધની પરવા વિના સનાતન ધર્મની જાગૃતિ માટે સતત સેવારત રહ્યા હતા.

રૃઢિચુસ્ત આગેવાનોના પ્રચંડ વિરોધ વચ્ચે પણ આ સૌની કાર્યનિષ્ઠા તથા ધર્મનિષ્ઠા અવિચલ રહી હતી...

# સોપાન 19

# ત્રણ ઠરાવો

અહીં "કડવા પાટીદાર સનાતની સમાજ"ની જાણે જનરલ મીટીંગ જેવું વાતાવરણ ઊભું થઈ ગયું હતું. રતનશીભાઈના નેતૃત્વની કળા જાણે અહીં સોળે કળાએ ખીલી હતી.

આ સભામાં અનેક ઠરાવો પસાર કરવામાં આવ્યા. જેમાં ઓધવરામજી મહારાજે જે સૂચન કર્યું હતું તે સૂચન બરાબર રંગ લાવી રહ્યું હતું: જે કોઈ મનથી સનાતની હોય તે દેહશુદ્ધિ કરાવે કે ન કરાવે કોઈ ફરક પડતો નથી. માત્ર તેમની સાથે સન્માનનો વ્યવહાર રાખવો. "અમે જ ઉચ્ચ છીએ અમે સુધરેલા છીએ અમે તમારી સાથે બેસીને ખાવા-પીવાનો વ્યવહાર ન કરી શકીએ." વગેરે વગેરે માનસિકતાને તેઓએ દૂર રાખવા માટે સમજાવ્યું હતું, અને એ જ રાહને રતનશીભાઈ અને સાથીઓએ એવી શુદ્ધતાથી અનુસર્યા કે તેઓના મિત્રતા અને પ્રેમના વ્યવહારને કારણે સેંકડો પરિવારો પીરાણાનો સતપંથ છોડીને ખૂલીને સનાતન ધર્મી બનતા ગયા.

સતપંથીઓ સાથે ખાવા-પીવાનો વ્યવહાર બંધ કરવા બાબતે સૌથી મોટી બાબત એ હતી, કે તે સમયે તેઓ જ્યારે પણ કોઈ સનાતન ધર્મીને ખવડાવે ત્યારે તેમાં તેઓ કંઈકને કંઈક માંસાહારની ભેળસેળવાળા દૂષિત પદાર્થો નાખતા. આજે તો વિજ્ઞાન પણ સાબિત કરે છે કે વિપરીત માનસિકતા સાથે બનાવાયેલું કોઈ પણ ભોજન જ્યારે આહાર તરીકે લેવામાં આવે છે, ત્યારે ખાનારની બુદ્ધિ ભ્રષ્ટ થયા વિના રહેતી નથી.

આમ જો માત્ર ખાવા-પીવામાં શુદ્ધિ ન રાખવામાં આવે, તો અંદર અંદર કુસંપ અને કડવાશ વધી પડે. કદાચ આ જ કારણસર સતપંથીઓની સાથે ખાવા-પીવા અંગેના પ્રતિબંધોને અનુસરવામાં આવતા હતા.

બીજી બાબત હતી, પીરાણાપંથ દ્વારા ચાલતી લગ્નપ્રથાને કાયમી તિલાંજલી આપવાની. હિન્દુ શાસ્ત્ર વિધિ મુજબ બ્રાહ્મણો દ્વારા અગ્નિની સાક્ષીએ જે લગ્નવિધિ કરાવાતી હતી, તેને જ આ ઠરાવ દ્વારા જીવંત કરવા માટે સર્વ સંમતિ સાધવામાં આવી.

આ જ રીતે ત્રીજી વાત મરણ બાદ દફનાવવાની પ્રક્રિયાને જ દફન કરવાની હતી. સૌની સમક્ષ અગ્નિસંસ્કારની વિધિનો સર્વાનુમતે પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. આ માટે જબરદસ્ત ઉત્સાહનું વાતાવરણ મા ઉમિયાની કૃપાથી રચાયું હતું. સેંકડો પાટીદાર ખેડૂતોએ ઉચ્ચ સ્વરે પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કર્યો. ભારતભરમાં આજે જે “કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ”નું અસ્તિત્વ ગુંજી રહ્યું છે, તેના મૂળમાં તેના આદ્ય સ્થાપક અને પ્રમુખ રતનશી ખીમજી ખેતાણી હતા.

# સોપાન 20

## સ્વયંસેવકદળના શ્રી ગણેશ...

પૂજ્ય ઓધવરામજી મહારાજ તથા શ્રી રતનશીભાઈનો આભાર માનતાં કાનજીભાઈ અબજી નાથાણી તથા રાજારામભાઈએ સહુને ટકોર કરી કે આજે આપણને જે માર્ગદર્શન મળ્યું છે, તેને આવનારા સમયમાં આપણે જરૂર અનુસરીશું.

રાજારામભાઈએ તો સહુને ત્યાં સુધી જણાવ્યું કે "રતનશીભાઈ વગેરે સુધારક ભાઈઓ આપણી જ્ઞાતિના જ છે, અને જે પણ કંઈ કરી રહ્યા છે, તે માત્ર આપણા પરમ પવિત્ર હિન્દુ સનાતન ધર્મમય ભાવથી આપણી જ્ઞાતિને પીરાણા પંથના પ્રપંચમાંથી બચાવી જ્ઞાતિના ગૌરવને વધારવા સારું પરિશ્રમ કરી રહેલા છે. તો પછી તેનો વિરોધ કરવો, તે આપણી કેટલી ભૂલ કહેવાય!"

તેમણે યુવકોને વોલીન્ટિયર અર્થાત્ 'સ્વયંસેવક' બનીને જ્ઞાતિની સેવામાં ભાગ લેવા ભલામણ કરી, અને જણાવ્યું હતું કે તમામ સ્વયંસેવકોને ઓળખ માટે ચિહ્ન આપવામાં આવશે, અને તે અંગે કેવી રીતે ફરજ બજાવવી, તે અંગે રતનશીભાઈ માર્ગદર્શન આપશે.

આ પછી રતનશીભાઈએ કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના યુવાનોને પ્રેરક સંદેશ આપતાં કહ્યું કે "મને મુરબ્બી શ્રી રાજારામભાઈએ સ્વયંસેવકની ફરજ આપ સૌને જણાવવા કહ્યું છે, તે બાબતે કહેવાનું કે સ્વયંસેવક જરા પણ બદલાની આશા રાખ્યા વિના, જ્ઞાતિ ઉપયોગી કાર્યોમાં ભાગ લે. શાંતિ, ધીરજ તેમજ સહનશીલતાથી વ્યવસ્થિત પદ્ધતિથી સેવા કરે, તેમની કામગીરીમાં તન અને મનથી કામ કરવું જોઈએ. કારણ કે ઈશ્વરે આપણને આવો અલભ્ય સેવાનો અવસર આપ્યો છે. તો

સ્વયંસેવક તરીકે કામ કરવા માંગતા હોઈએ તો જ્યાં સુધી સેવાકાર્ય ચાલે, ત્યાં સુધી તમારા અંગત ગમે તેવાં કામ હોય, તો પણ તેની દરકાર નહીં કરવાની તમારી ફરજ છે.

"સ્વયંસેવકના ચિહ્ન તરીકે ચાંદ-પટ્ટા ધારણ કરીને સમારંભ કે સભાની વ્યવસ્થામાં પૂરતો કાબુ શાંતિથી જાળવવો જોઈએ. તેમજ સમારંભની કોઈપણ સામગ્રી ગેરવલ્લે ન થાય તે જોવાની તમારી ફરજ છે.

"આવનાર તમામ જ્ઞાતિભાઈઓને પણ અંગત તકલીફ ન થાય, તે બાબતે પણ ખાસ ધ્યાન આપવું. એ બધા કાર્યોની દોરવણી કરનાર તરીકે તમારામાંથી કેપ્ટનની ચૂંટણી કરવામાં આવશે, અને નિયુક્ત કરેલા કેપ્ટનની આજ્ઞા મુજબ દરેક સ્વયંસેવકે વર્તવાનું છે. આ ફરજો જાણ્યા પછી જેમની ઇચ્છા હોય તે ભાઈઓ પોતાના નામ વોલિન્ટિયર તરીકે નોંધાવે."

રતનશીભાઈના આ ટૂંકા સંબોધનમાં તેમની સંગઠનશક્તિ તથા દૂરંદેશી કાર્ય પદ્ધતિનો સ્પષ્ટ ખ્યાલ આવ્યા વિના રહેતો નથી.

તેઓ સાચે જ એક જમીની કાર્યકર્તા હતા. નાનામાં નાના કાર્યકર્તા સાથે તેમનું આત્મીય જોડાણ એટલું અસરકારક હતું કે સાથીઓની તકલીફ કે મુશ્કેલીઓને પોતાની સમજતા. તેની સચોટ જાણકારી રાખતા, અને સમયે સમયે તેમને તે મુશ્કેલીઓમાંથી તમામ પ્રકારની સહાય કરીને નિશ્ચિંત કરતા. નેતૃત્વની તેઓની આ વિલક્ષણતા સાચે જ અનન્ય હતી. જ્ઞાતિવિકાસના કાર્યોમાં યુવાનોને નાની-નાની સેવામાં જોડીને આવનારી પેઢી માટેના તેના સૂત્રધારો અને જ્ઞાતિના નેતાઓ તૈયાર કરવા માટેની તેઓની આર્ષદૃષ્ટિએ 'કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ'ને સાચા અર્થમાં સંગઠનની નવી ઊંચાઈ તો આપી જ, પરંતુ પરસ્પર આત્મીયતા અને સહયોગથી હર્યોભર્યો જ્ઞાતિસમૂહ આપીને જ્ઞાતિને અમર યોગદાન આપ્યું છે.

# સોપાન 21

# નવી પેઢી માટે શિક્ષણ વિકાસની ગંગોત્રી

પરંતુ સને 1947માં રતનશીભાઈએ સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે પ્રમુખ તરીકેની જવાબદારી ભીમજી કેસરા લીંબાણીને આપી. તે સમયે કોટડા જડોદરમાં ભીમજી કેસરાના ઘરે જ કેન્દ્રીય સમાજનું કાર્યાલય આવી ગયું હોય તે વાત નકારી શકાય તેમ નથી. પરંતુ તે પછી પણ એટલા જ જોશ અને ઉત્સાહથી રતનશીભાઈએ સમાજની સેવાઓમાં પોતાનું યોગદાન શરૂ જ રાખ્યું હતું.

## વિરાણીમાં સરકારી પ્રાથમિક શાળા

વતનના ગામ વિરાણીમાં સરકારી પ્રાથમિક શાળા શરૂ કરાવવા માટે પણ તેમનો પુરુષાર્થ નોંધનીય હતો. માત્ર ગામના જ નહીં પરંતુ જિલ્લાના અગ્રેસરો, નેતાઓ કે અધિકારીઓ સાથેના તેમના સંબંધો સાચે જ આત્મીય હતા. પરંતુ અંગત સ્વાર્થ માટે તેનો તેમણે ક્યારેય ઉપયોગ કર્યો નહીં. માત્ર અને માત્ર સમાજ અને ગામના ઉદ્ધાર માટેનાં કાર્યો અંગે જ તેઓ પોતાના એ સંબંધોનો ઉપયોગ કરતા રહ્યા હતા.

વિરાણીના ગ્રામજનોની ઇચ્છા હતી કે ગામમાં એક સુંદર વિદ્યાલય શરૂ થાય. આથી જ વર્ષો પહેલાં આશરે 1940ના દાયકામાં તેઓએ કચ્છની નખત્રાણા કચેરીમાં 7200 કોરી અરજીના ભાગરૂપે ભરી આવ્યા હતા. પરંતુ તે સમયની રાજકીય અને અન્ય પરિસ્થિતિઓને કારણે વિરાણીમાં શાળા ભવન બની શકયું નહીં. માત્ર જૂની નાનકડી શાળામાં પ્રાથમિક કેળવણી આપવામાં આવતી.

ગામના લોકો તો ગામમાં અંગ્રેજી વર્ગ ચાલુ કરવાની પણ ઇચ્છા ધરાવતા. આ માટે નારાયણભાઈ શિવજી નાકરાણીએ 6500 રૂપિયા ભરીને ગામમાં શાળા ભવન લાવવાની કવાયત શરૂ કરી. છેક 1945માં વિરાણીનાં બાળકોને અંગ્રેજી ધોરણ ત્રણ સુધી ભણવા માટેની વ્યવસ્થા થઈ! પરંતુ શાળાનાં પોતાનાં મકાનનો જ અભાવ! હવે કરવું શું? એવામાં દેશના સંજોગો પલટાયા, અને 1947માં આઝાદી મળી. ગામવાસીઓની ઈચ્છાઓ હવે પ્રબળ બની, કે ભારત સરકારની યોજનાઓ હેઠળ આપણા ગામમાં પણ લાભ પ્રાપ્ત થશે...

ગામના ધનિકો, શિક્ષિત યુવાનો, અને વેપારીઓ શાળાભવન માટે પૂરી લાગણીથી મહેનત કરી રહ્યા હતા. આ શુભ કાર્યનો આરંભ નારાયણભાઈ શિવજીભાઈ નાકરાણી અને મનજીભાઈ નારાયણભાઈ લુહારે કર્યો હતો. તેમના ઉત્સાહ અને પ્રયત્નોને કારણે અન્ય ગામલોકો પણ ઉત્સાહપૂર્વક જોડાવા લાગ્યા. રાજ્યના પ્રોજેક્ટ ઓફિસર જેઠીજી સાહેબના પ્રયત્નો અને સહકાર પણ આ અંગે પ્રાપ્ત થયો. અને કલેક્ટર સાહેબે મકાનના બાંધકામ માટે નિઃશુલ્ક જમીન ફાળવી આપી...

પરંતુ બાંધકામ માટે નાણાંની સમસ્યા તો યથાવત્ જ હતી. જો કે જમીન સંપાદિત થઈ હોવાને કારણે, ગામ લોકોમાં વિદ્યાદાન માટેનું એક વાતાવરણ એવું બની ગયું, કે સૌએ ઉત્સાહપૂર્વક વિદ્યાલયના બાંધકામ માટે માત્ર ધનબળ નહીં, શ્રમબળ પણ આપવાની શરૂઆત કરી. અને આમ ચાર વર્ષના સમયગાળામાં શાળાના મકાનનું કાર્ય પૂર્ણ થયું.

તા. 6 સપ્ટેમ્બર 1953નો શાળાના ઉદ્ઘાટનનો એ દિવસ વિરાણી ગામના ઇતિહાસમાં અમૂલ્ય બની ગયો...

આખું ગામ અને ખાસ કરીને બાળકો આનંદવિભોર હતાં. સમારંભના પ્રારંભે જ સ્વાગત પ્રમુખ રતનશીભાઈએ મહેમાનો અને ગ્રામજનોનો હર્ષભર્યો સત્કાર કરતાં જણાવ્યું કે “વિરાણી ગામ આજે સંતોષ અને ગૌરવ અનુભવે છે. કારણ કે તેણે પોતાના આંગણે પોતાના બાળકો માટે શાળાનું સ્વતંત્ર મકાન બંધાવ્યું. આ કામ ગામના એકે એક માણસનું પોતાનું હતું, અને સૌએ સાથે મળીને તે કર્યું છે, આથી આમાં કોણ કોનો ઉપકાર માને ? છતાં જ્યારે જ્યારે જરૂર પડી છે, ત્યારે ત્યારે જે જે ગામવાસીઓ અને રાજ્ય કર્મચારીઓએ અમને સલાહ અને સહકાર દ્વારા જે પ્રોત્સાહન આપ્યું છે, તે ભુલાય તેમ નથી.”

“જેઠીજી સાહેબે વખતો વખત પોતાનો સમય અને શક્તિનો ભોગ આપ્યો છે, અને અમને કામમાં સહાયતા કરી છે. ઘાટગે સાહેબની મમતા પણ ઓછી નથી. અગાઉથી નક્કી કરેલા કાર્યક્રમને

થંભાવીને વિરાણીના ઉત્સાહ અને શ્રમની કદર કરી, આજે આ પ્રસંગે ખાસ તેઓએ હાજરી આપી છે. માટે સૌના વતી આ તકે હું તેમનો પણ આભાર માનું છું. વળી આજના સમારંભના માનનીય પ્રમુખ શ્રી ભવાનજીભાઈએ પણ મારી વિનંતી હર્ષભેર સ્વીકાર કરી, અને પોતાની દિલ્હીની મુસાફરી બંધ રાખી, આજના સમારંભનું પ્રમુખ સ્થાન લેવા કબૂલ કર્યું, તે આપણા માટે ગૌરવની વાત છે. તેમનો આભાર ભુલાય તેમ નથી."

"શ્રી શિવદાસભાઈ કાનજીએ પોતાના ધંધાનાં કેટલાંક ખાસ કામોને અળગાં મૂકીને મારી સાથે નાગપુર જેટલે દૂર વસતા વિરાણીના ભાઈઓની રૂબરૂ જઈને મુલાકાત કરી. નાણાંકીય સહાયતા માટે જે મહેનત કરી છે, તેમનો ઉપકાર માનવાની પણ તક લઉં છું..."

આ પછી સ્વાગત પ્રમુખશ્રી રતનશીભાઈએ જેમણે જેમણે નાણાંકીય સહાય કરી હતી તેમનાં નામોની યાદી હર્ષ અને ઉત્સાહ સાથે રજૂ કરી. સમારંભના પ્રમુખશ્રી ભવાનજીભાઈએ પણ સંગઠન અને સેવાભાવની પ્રત્યક્ષ પ્રશંસા કરી, સૌને અભિનંદન આપ્યા.

કચ્છના સલાહકાર પ્રેમજી ભવાનજીએ આ સુંદર શાળા ભવનના ઉદ્ઘાટન પ્રસંગે આખા વિરાણી ગામને ધન્યવાદ આપ્યા, તથા આસપાસનાં અન્ય ગામોને પણ વિરાણીના પગલે પગલે ચાલવા ભલામણ કરી. તે પછી નખત્રાણા તાલુકા કોંગ્રેસ પ્રમુખ તુલસીદાસ ઠક્કર, જુગતરામ રાવળ, મનસુખભાઈ ગઢવી, શિવદાસભાઈ કાનજી વગેરેએ પણ પ્રસંગોચિત સંબોધનો કર્યાં.

ગામજનોના પુરુષાર્થથી ઉદ્ઘાટિત થયેલા આ શાળા ભવનની સાથે સાથે જ દવાખાનું, પુસ્તકાલય, કન્યાશાળા વગેરે મકાનોનો પણ સરકાર દ્વારા તે જ હેતુ માટે ઉપયોગ થાય, તેવી ભલામણ કરવામાં આવી.

સાથે સાથે રતનશીભાઈ, મનજીભાઈ નારાયણજી લુહાર વગેરેએ પ્રજાજનોને એ પણ વિનંતી કરી કે "સંઘબળ અને ઉત્સાહથી આવાં મહાન કાર્યો સરળ બની જાય છે, તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. એ જ રીતે કાર્ય સવેળા અને સરળતાપૂર્વક પણ થઈ શકે છે. આ કાર્ય પછી પણ હજુ આપણી સામે ખૂબ કામ પડ્યાં છે. વિરાણીને આપણે આદર્શ ગામ બનાવવા માંગીએ છીએ. શાળાનું મકાન તે તેની શુભ શરૂઆત છે. દવાખાનું, પુસ્તકાલય, સ્વચ્છ અને પાકા રસ્તાઓ, આ બધું જ વિરાણી ગામમાં હોવું જોઈએ. દવાખાનું અને પુસ્તકાલયનાં મકાન તો તૈયાર છે, તેમાં આપણે સાધનો પણ વસાવવાનાં થશે."

"વિરાણી-નખત્રાણાના રસ્તાનું કામ પણ થોડા વખતમાં શરૂ કરવાનું છે. મોટરના સ્ટેન્ડ માટે પણ આયોજન નક્કી થયું છે. આ બધું જ કરવા માટે આપણે જ પુરુષાર્થ કરવો પડશે. આપણે એ જોઈ લીધું છે કે આપણી પાસે કામ કરવાની ધગશ વાળા માણસો છે, અને તેમનું નેતૃત્વ સંભાળી લે તેવા અનુભવીઓ પણ છે. આપણે આ બધા જ કામ શાળાનું ભવન જેમ પૂર્ણ કર્યું, તેટલા જ ઉત્સાહથી પૂર્ણ કરીશું. અને ત્યારે વિરાણી ગામને આદર્શ બનાવવાનું આપણું સ્વપ્ન પણ સફળ થશે, આ વાત ભૂલશો નહીં."

રતનશીભાઈના દરેક શબ્દોમાં દૂરંદેશિતા હતી, નેતૃત્વનો રણકાર હતો, પ્રામાણિકતાનું ગૌરવ હતું, અને ગ્રામજનોની સુખ સુવિધા માટેની ચિંતા હતી. અને આથી જ તેમણે ગ્રામજનોને પોતાના જ વિકાસ માટેની જવાબદારી પોતાના ખભે ઉપાડી લેવા માટે આહ્વાન કર્યું હતું..

પછીના સમયમાં વાંઢાય ખાતે જ્ઞાતિના બાળકો માટે સંત ઓધવરામજી મહારાજે નાના પાયા પર વિશિષ્ટ બોર્ડિંગની સ્થાપના કરી જેના નિર્માણમાં રતનશીભાઈનું યોગદાન અનન્ય હતું.

ત્યારબાદ તા. 15 એપ્રિલ 1954ના હીરાપુર કંપામાં એક જ્ઞાતિ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રતનશી ખીમજી, શિવદાસ કાનજી, નથુ નાનજી જેવા જ્ઞાતિસુધારકોએ સૌને સતત સનાતનને વફાદાર રહેવાની પ્રેરણાઓ આપી.

આ અધિવેશન દરમિયાન બે મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા કે ૧. ગુજરાતમાં કોઈ મુખ્ય સ્થાન પર પાટીદાર સમાજની બોર્ડિંગ હોસ્ટેલ બનાવવી તથા ૨. કચ્છમાં સમસ્ત જ્ઞાતિનું વિશાળ અધિવેશનનું આયોજન કરવું.

'કચ્છ કડવા પાટીદાર સનાતનની સમાજ' ઉપર સંત ઓધવરામજી મહારાજની અતિ અપાર કૃપા એ હતી કે તેમણે આ અધિવેશન દરમિયાન અચાનક એક પગે ઊભા રહીને કહ્યું હતું કે બોર્ડિંગમાં વિદ્યાર્થીઓના શિક્ષણ અને વિકાસ માટે જ્યાં સુધી સમાજમાંથી રૂપિયા 60,000 જેટલા ભેગા નહીં થાય, ત્યાં સુધી હું બેસીશ જ નહીં! અને લોકોએ તરત જ યથાશક્તિ યોગદાન આપ્યું. અંતે રૂ. ૬૦૧૭૫ની રકમનું યોગદાન ઉપસ્થિત જનમેદનીમાંથી ઉત્સાહ પૂર્વક પ્રાપ્ત થયું....

એક સાથે અનેક ક્ષેત્રોમાં સમાજ સેવાનાં કાર્યોને સતત કરતા રહેવાનું એમનું જોશ, માત્ર ઈશ્વરીય વરદાનનો જાણે આવિર્ભાવ હતો. જ્ઞાતિજનો માટે આ સંસ્થાનો નવી પેઢીના શિક્ષણ વિકાસની ગંગોત્રી સમાન સાબિત થયાં.

# સોપાન 22

# સનાતન સુધારક મંડળની સફળતાના સિદ્ધાંતો

રતનશીભાઈ અને સમગ્ર જ્ઞાતિ સુધારકમંડળનાં યુવકો અંતઃકરણપૂર્વક માનતા કે સનાતન ધર્મના આપણા અભિયાનમાં સંતના આશીર્વાદ તથા તેમના માર્ગદર્શનનું જે યોગદાન છે, તે ઋણ ઉતારી શકાય તેવું નથી. જો કે આશીર્વાદ તેના ઉપર જ ફળે છે, જે પુરુષાર્થ સાથે સફળતાના બુનિયાદી સિદ્ધાંતોને અપનાવે! એ દૃષ્ટિએ જોતાં સનાતન ધર્મમાં ઘર વાપસીની સફળતા કયા સિદ્ધાંતોના આધારે મળી તે મુખ્ય મુદ્દાઓને સ્પર્શવું પણ એટલું જ અનિવાર્ય છે..

### સકારાત્મક કાર્યશૈલી

જે જે લોકો સતપંથની માન્યતા ધરાવતા, તેવા લોકોએ હરહંમેશ રતનશી ખીમજી તથા તેમના સાથી યુવકવૃંદને બદનામ કરવામાં કે નકારાત્મક પ્રચાર ફેલાવવામાં કશું બાકી રાખ્યું ન હતું. પરંતુ રતનશીભાઈનો એકમાત્ર સિદ્ધાંત એ હતો, કે કોઈપણ નકારાત્મકતાનો જવાબ માત્ર સકારાત્મક જ્ઞાતિસેવાના કાર્યથી જ હોવો જોઈએ. આથી જ તેમણે કોઈ પણ વિવાદિત બયાન કે બદનક્ષીને પોતાના માથે લીધા વિના માત્ર અભિયાનની સફળતાને જ પોતાનું ધ્યેય માન્યું હતું, અને તેમના સાથી યુવકોને પણ તેઓ હરહંમેશ આ જ બાબત જણાવતા રહેતા.

### સખત પરિશ્રમ

જ્ઞાતિ સુધારણાનું કામ આજે દેખાય છે, તેટલું તે સમયે સહેલું ન હતું. ક્યાંય પણ સનાતન ધર્મની વાત કરવા જવાનું થાય, ત્યારે માન-અપમાન સહન કરવાની વાત તો હતી જ, પરંતુ આર્થિક

યોગદાન પણ મેળવવું અઘરું થઈ પડતું. આ માટે એક પછી એક ગામોમાં જ્ઞાતિજનોના ઘરે ઘરે વ્યક્તિગત રીતે ફરવાનું, ટ્રાન્સપોર્ટના કોઈ સાધન નહીં, છતાંય પોતાના ખર્ચે મુંબઈથી કચ્છ સુધી અને કચ્છથી સાબરકાંઠાના કંપાઓ સુધી દોડતા રહેવાનું કાર્ય જરા પણ સરળ ન હતું. તેમાં રતનશીભાઈનો પરિશ્રમ આખી જ્ઞાતિની આંખે ચઢી રહ્યો હતો. તેમના સાથી યુવાનોના ઉત્સાહ અને સખત મહેનતને જોતાં આ અભિયાન 100% સફળ થશે, તેવો વિશ્વાસ સેંકડો પરિવારોને આવી રહ્યો હતો.

## અભિયાનની સફળતા માટેનું સાતત્ય

નારાયણભાઈ રામજી સાથે વૈચારિક મતભેદો લોકોને આંખો સામે દેખાઈ રહ્યા હતા, અને ક્યાંક નારાયણભાઈ રામજી દ્વારા ચલાવવામાં આવેલી મુહિમ પણ શિથિલ થઈ જતી દેખાઈ રહી હતી. સૌને ડર હતો કે આ કારણે દેહશુદ્ધિ કરાવી લેનાર લોકો પણ સતપંથમાં પાછા વળશે! કારણ કે તેમની પાસે તે સિવાય બીજો કોઈ માર્ગ નથી. તેવા સમયે સંત ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈની જોડીએ જે કમાલ કરી, તેને કારણે ભગવાન લક્ષ્મીનારાયણ અને મા ઉમિયાને ઇષ્ટદેવ તથા કુળદેવી તરીકે સ્થાપીને સુધારણાની ક્રાંતિ મશાલ પ્રજ્વલિત થઇ. તેને સતત પ્રકાશિત રાખવામાં સમગ્ર યુવાવૃંદનું ધૈર્યપૂર્ણ યોગદાન એવું હતું, કે આજે પણ સમગ્ર જ્ઞાતિજનો તેમના ઋણનો સવંદન સ્વીકાર કરે છે.

## યુવાવૃંદની એકતા

ટીમવર્ક વિના જ્ઞાતિ-સુધારણાનું મહાન કાર્ય અસંભવ હતું. શરૂઆત તો સંત ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈએ એકલાએ જ કરી હતી, પરંતુ ધીરે ધીરે તેમના હેતુની સ્પષ્ટતા, તેમનાં કાર્યોમાંથી પ્રગટતી પ્રામાણિકતા, નિ:સ્વાર્થભાવ, જ્ઞાતિના વિકાસ માટે ઘસાઈ જવાની ઉન્નત ભાવનાઓ વગેરે જોતાં એક પછી એક ગામમાં યુવાનોની ટીમ ઊભી થતી ગઈ. જેમાં દરેક પ્રકારના વ્યક્તિત્વના યુવકો સામેલ હતા. નથુ નાનજી, રાજારામ શામજી, પરબત લખુ, ખીમજી માસ્તર, ભીમજી કેસરા, શિવદાસ કાનજી, માવજી ધનજી વગેરે યુવકો પાસે માત્ર પરિશ્રમ કરવાની જ સૂઝ ન હતી. તેઓ બુદ્ધિશાળી, સારા વક્તા, આર્થિક રીતે મજબૂત અને માનસિક રીતે સક્ષમ તેમજ સંતુલિત હતા. આવા વ્યક્તિત્વોના સામૂહિક પ્રયાસોએ જ્ઞાતિજનોને સનાતન ધર્મના પથ પર ગતિશીલ કરી દીધા.

## જટિલ શરતોની તિલાંજલિ

રતનશીભાઈ તથા સુધારક ટીમ અવશ્ય એવું માનતી કે જ્ઞાતિજનો ખૂબ જ ઓછું ભણેલા છે. વળી અનેક પ્રકારની પરંપરાઓને કારણે કાકાઓ કે સૈયદોના પ્રભાવમાં આવેલા છે. તેમને ગુંચવણ ભરેલી જીવનપદ્ધતિ આપવામાં આવશે, તો તેઓ ભાવનાત્મક રીતે જ્ઞાતિ સુધારણાના અભિયાનમાં ટેકો આપી શકશે નહીં.

આથી જ રતનશીભાઈએ સંત ઓધવરામજી મહારાજના આદેશ અનુસાર બહુ સરળ શરતો રાખી હતી કે સતપંથીમાંથી જો સનાતન ધર્મને અપનાવો હોય, તો તેમાં કોઈ ક્રિયા કે વિધિઓ કરવાની જરૂર નથી. માત્ર સતપંથ તથા તેની સંપૂર્ણ જીવનશૈલીને કાયમ માટે અને મજબૂતીથી તિલાંજલિ આપો, અને હૃદયની પવિત્ર નિષ્ઠાથી, તેમજ સાચા હૃદયથી સનાતનને સ્વીકારો. તેમના આ અભિગમે ખૂબ ઝડપથી અને સરળતાથી લોકોને સનાતન તરફ વાળવા માટે સહજ બનાવ્યા.

## વ્યવહારુ ધાર્મિક પદ્ધતિઓ

જ્યારે જ્ઞાતિજનોએ જોયું કે આપણા ઇષ્ટદેવ તરીકે લક્ષ્મીનારાયણ ભગવાન અને ઉમિયાજીને કુળદેવી તરીકે પ્રસ્થાપિત છે, અને તેમની સેવા, પૂજા, અર્ચના, આરતી વગેરેનું અનુપાલન ખૂબ જ સરળ છે. ત્યારે જ્ઞાતિજનો પણ સહજ રીતે તૈયાર થવા લાગ્યા. રતનશીભાઈ અને યુવાનો હંમેશાં જ્ઞાતિજનોને સમજાવતા, કે તમને સંસ્કૃતના કઠિન શ્લોકો નહીં આવડે, તો પણ ચાલશે અને આવડે તો પણ વાંધો નથી. યજ્ઞ કે કર્મકાંડ કરવા હોય તો જરૂર તે માટે અવકાશ છે. અને જો તેમ ન થઈ શકે, તો સવાર-સાંજ ઘરમાં ઇષ્ટદેવ અને કુળદેવીની પ્રતિમા સામે દીવાબત્તી કે આરતી-ભજન પણ થઈ શકે. આમ સૌને એ વાતની પ્રતીતિ આવતી ગઈ, કે પરમાત્મા સુધી પહોંચવાની યાત્રા માટે સંત ઓધવરામજી મહારાજે આપેલી લક્ષ્મીનારાયણ પરંપરામાં જે બાબતની જરૂર હતી, તે બધું જ આવી જાય છે. આમ વિધર્મના પંથ પર ચડી ગયેલી જ્ઞાતિ ધીરે ધીરે સનાતન ધર્મના રાહ પર આવી રહી હતી, અને તેમની આધ્યાત્મિક, માનસિક, સામાજિક અને ધાર્મિક બધી જ જરૂરતોની પૂર્તિ આ પૂજા પદ્ધતિમાં પ્રાપ્ત થઈ શકતી હતી. આમ જે જે જ્ઞાતિજનો જોડાતા ગયા તેમને પોતીકું વાતાવરણ મળતું ગયું.

## મિથ્યા અભિમાનથી દૂર રહેવું

જ્યારે પણ રતનશીભાઈ સાથી યુવાનોને સંબોધતા ત્યારે કહેતા કે ‘મિથ્યા અભિમાનથી દૂર રહેજો. ક્યારેય પણ “અમે સુધરેલા છીએ, અમે કહીએ તે જ બરાબર, અમે તમારાથી ઉચ્ચ છીએ, તમે

અમારાથી નીચલા સ્તરના માણસો છો..” આવો ભાવ તમારા હૃદયમાં ક્ષણમાત્ર પણ જાગવો ન જોઈએ. તમારા વાણી અને વર્તનમાં ક્યારેય આવું મિથ્યા અભિમાન છલકાશે, તો જ્ઞાતિજનો ઉપર તેની અવશ્ય ખરાબ અસર ઊભી થશે.” રતનશીભાઈના આ આદેશનું તમામ સાથીઓ દ્વારા ઉત્સાહપૂર્વક પાલન કરવામાં આવતું. જેથી જ્ઞાતિજનોમાં ક્યાંય પણ દ્વેષભર્યું વાતાવરણ ન બન્યું. અને લોકો સુધારક ટીમને આદરભાવથી જોતા થયા

## મક્કમતા

સુધારક ટીમ દ્વારા જરૂરિયાત મુજબ તેમજ સંજોગો અને પરિસ્થિતિ અનુસાર કેટલાક નિયમોમાં બાંધછોડ કરીને તેને સરળ બનાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતુ જે પણ નિયમો નિશ્ચિત કરાયા, તેમાં સહુ મક્કમતાપૂર્વક વળગી રહે તે બાબતે સૌએ જ્ઞાતિજનોને ખૂબ જ દૃઢતા કરાવવાની શરૂઆત કરી. માત્ર સતપંથીઓ સાથે જ કોઈપણ પ્રકારના વ્યવહાર કે ખાવા-પીવા અંગે પણ વ્યવહાર ન રાખવા માટેની મક્કમતા રાખવા માટે આદેશ આપવામાં આવ્યો હતો.

## જાહેર સમારંભો, પરિષદો અને અધિવેશનો

મોટા પ્રમાણમાં જ્ઞાતિજનોને એક સાથે સનાતન ધર્મમાં જોડવા અને સતપંથમાંથી સંપૂર્ણપણે દૂર કરવા માટે આવા સમારંભો અત્યંત અસરકારક સાબિત થયા. કારણ કે તેમાં ગામોગામ સભાઓ થતી, જાહેરમાં ચર્ચાઓ કરવામાં આવતી, નિર્ણયો પણ જાહેરમાં જ લેવામાં આવતા, તમામ ઉપસ્થિત વડીલોના સૂચનો સ્વીકારવામાં આવતા અને તેને ઝડપથી અમલમાં મૂકવા માટે પણ સહુ કટિબદ્ધ રહેતા. આમ નિર્ણય પ્રક્રિયામાં સમગ્ર જ્ઞાતિજનોના મોટાભાગના લોકોને જોડવામાં આવ્યા, તેથી લોકતાંત્રિક રીતે થતા જાહેર સમારંભોએ મોટી સંખ્યામાં લોકોને જોડવામાં ખૂબ જ મોટી સફળતા અપાવી.

## આર્થિક પીઠબળ

પૈસા વિના કોઈપણ અભિયાન સફળ થતું નથી. રતનશીભાઈ ભલે સમૃદ્ધ અને ધનાઢ્ય હતા, પરંતુ તેમનું મન પણ અત્યંત ઉદાર હતું. છૂટે હાથે દાન આપતા તેમને અનેક લોકોએ જોયા છે. તેઓને આશ્ચર્ય થતું કે મુંબઈમાં પોતાનો ધીકતો ધંધો માત્ર નોકરો કે અન્ય દૂરના સ્વજનોના ભરોસે મૂકીને તેમણે જ્ઞાતિની સેવાને પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું હતું. તેઓનો નિવાસ મુંબઈમાં ઓછો અને કચ્છમાં વધારે રહેતો. કચ્છમાં ગામોગામ મંદિરોના નિર્માણ થતાં, તેમાં આર્થિક જરૂરિયાતો ઊભી થતી, તે સમયે તેમણે પહેલાં તો મુંબઈથી પોતાના ભાગના પૈસા મગાવવાના શરૂ કર્યા હતા. પરંતુ તે

પણ પર્યાપ્ત ન થતાં ઘાટકોપર સ્થિત પાટીદાર વાડી પાસે આવેલો એક વિશાળ પ્લોટ, માટુંગાનો બે મકાનો અને એ ઉપરાંત પણ એક અન્ય સ્થાવર મિલકત વેચીને જ્ઞાતિ માટે કુરબાની આપી હતી. જો તે મિલકત આજે તેમના પરિવાર પાસે હોત, તો તે મિલકતોની કિંમત કરોડોમાં હોત! આવા જ બીજા એક દાનવીર ભામાશા હતા ભીમજી કેસરા. કલકત્તા તેમના વ્યવસાયનું સ્થળ હતું, તેમના આર્થિક યોગદાનની નોંધ પણ જ્ઞાતિજનોએ અવશ્ય લેવી ઘટે. આવા મોટા તથા અનેક નાના લોકોના આર્થિક યોગદાનને કારણે સનાતન ધર્મનું અભિયાન સફળતાના પરચમ લહેરાવી રહ્યું હતું.

## સનાતન બાબતે અવિચલ શ્રદ્ધા

સમગ્ર જ્ઞાતિ-સુધારક ટીમ દ્વારા સતપંથનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સનાતન ધર્મના અનેકવિધ વિશિષ્ટ પાસાંઓ પણ તેમને આત્મસાત્ થયાં હતાં. બંનેનું સંતુલિત અધ્યયન કરતાં તેમને સતપંથમાં જે જે વિકારો અને છળપ્રપંચ દેખાયા, તેની સામે સનાતન ધર્મને અપનાવ્યા પછી પરિવારમાં જે પ્રકારની શાંતિ તથા સુસંવાદિતા રચાઈ, તેના તેઓ પ્રત્યક્ષ અનુભવી તો હતા જ, પરંતુ બધા જ પરિવારોમાં સનાતન બાબતે રેડાયેલી અવિચલ શ્રદ્ધાને કારણે જે શાંતિ અને સંવાદિતા આવી હતી તેના તેઓ પ્રત્યક્ષ સાક્ષી પણ હતા.

આ અવિચલ શ્રદ્ધાને કારણે જ સતપંથ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું, કે 'જ્ઞાતિજનોને પાછા સતપંથી બનાવવા' પરંતુ તેઓ આ બાબતે સફળ ન થઈ શક્યા, તે જ દર્શાવે છે કે રતનશીભાઈ તથા તેમના સાથી સદસ્યોએ રેડેલી શ્રદ્ધાની અસર કેટલી પ્રભાવક રહી હશે..

## અત્યાચારો સામે નીડર વલણ

એકવાર સનાતનના માર્ગ પર અગ્રેસર થયા પછી સામે આવતા કોઈપણ પડકારો કે અત્યાચારો ગૌણ બની જાય છે. રતનશીભાઈ અને સાથીઓએ ચલાવેલી આ મુહિમ એટલા માટે જ સફળ રહી હતી, કે પીરાણા સતપંથીઓ દ્વારા ગમે તેટલા અત્યાચારો કરવામાં આવ્યા, તે સમયે તેનો નીડરતાપૂર્વક સામનો કરવામાં કોઈએ પાછું વળીને ન જોયું. સતપંથીઓની માનસિકતા જ એવી હતી કે જો કોઈ સતપંથ છોડી સનાતનમાં જાય તો તે જ્યાં સુધી પરત ન આવે, ત્યાં સુધી તેઓ અત્યાચારો શરૂ રાખતા. પરંતુ સુધારક યુવક મંડળ પણ એટલું જ સક્ષમ હતું. જો કદાચ કોઈ જ્ઞાતિજન અપવાદરૂપે પણ સતપંથમાં ચાલ્યો ગયો હોય, તો જ્યાં સુધી તે સનાતનધર્મી ન બને, ત્યાં સુધી તેઓ શાંતિનો શ્વાસ લેતા નહીં.

વડીલો તો કહે જ છે પરંતુ જૂના દસ્તાવેજોમાં પણ આ બાબત નોંધવામાં આવી છે કે સનાતનધર્મી જ્ઞાતિજનો લક્ષ્મીનારાયણ મંદિરો બાંધતા, તો તેને રોકવા માટે હેરાનગતિ કરતા. મંદિરના ખોદાયેલા પાયાના ખાડા પૂરી નાખવામાં આવતા. બંધાયેલું બાંધકામ તોડી નાખવામાં આવતું. પશુઓના હાડકાં કે માંસ જેવા દૂષિત પદાર્થો નાખી ભૂમિને મલિન બનાવવાના પ્રયત્નો થતા. થયેલા સગપણ તોડી નાખવામાં આવતાં. ગામના કૂવા કે તળાવમાંથી પાણી ભરવા દેતા નહીં. મરણ સમયે મૃતદેહ ઉપાડવા માટે સગપણ ધરાવતા પરિવારજનોને સહાય માટે આવવા દેવાતા નહીં. એકલો સનાતની કેવી રીતે આવા પ્રસંગને ઉકેલી શકે?

સનાતન ધર્મીને વાડીમાં મજૂરી કામ માટે રાખતા નહીં, અને જ્ઞાતિ બહાર કરી દેવામાં આવતા. જે ચૂલા ઉપર રસોઈ કરવામાં આવતી, તે ચૂલો પ્રગટાવવા કોલસાનો દેવતા આપવામાં આવતો નહીં, ગામના મોચીઓ, વાળંદો, સુથારો વગેરે ઈતર જ્ઞાતિને પણ ફરમાન કરવામાં આવતું કે સનાતનીઓને કોઈએ સહયોગ આપવો નહીં. આર્થિક રીતે નબળા પરિવાર હોય, તો તેમને દૂધ કે છાસ પણ આપતા નહીં. લગ્ન, મરણ જેવા પ્રસંગ સમયે સમાજના સહિયારા વાસણ ગાદલાં ગોદડાં જેવી વસ્તુઓ ન આપવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો! સતપંથી પરિવારના બાળકોને સનાતની પરિવારના બાળકો સાથે રમવા દેવામાં આવતા નહીં, ઊલટું સનાતનીને સ્પર્શ કરવાની પણ તે બાળકોને મનાઈ ફરમાવવામાં આવી હતી! જ્યારે પણ સનાતનીઓ દ્વારા મેળાવડા કે જાહેર કાર્યક્રમો થાય, ત્યારે તેમાં આવીને રસોઈ કેવી રીતે બગડે તેના પેંતરા કરવામાં આવતા. ખાવામાં વધારે મીઠું નાખી દેવું, ભાતમાં રેતી નાખી દેવી, પાણીનો સપ્લાય બંધ કરવો, વીજળી ગુલ કરી દેવી... વગેરે પરેશાની હરહંમેશ કરવામાં આવતી. આથી જ સનાતની સ્વયંસેવકોની ખાસ સુરક્ષા-ટુકડી રાખવામાં આવતી, જે નજર - નિગરાની રાખતી કે તેનાથી કાર્યક્રમમાં કે ભોજનમાં કોઈ વિઘ્ન ન આવી જાય...

આવા તો અનેક પ્રકારના અત્યાચારો રહેતા. જેમણે જેમણે તે અત્યાચારો ભોગવ્યા છે, અને તે છતાં સનાતન ધર્મની નિશ્રામાં પોતાનું સમર્પિત આયખું વિતાવ્યું છે, તેવા રતનશીભાઈ તથા અન્ય જ્ઞાતિ-સુધારક મંડળના અનેક યુવકોનું ઋણ જેટલું મસ્તક પર ચઢાવીએ તેટલું ઓછું છે.

જો કે કેટલાક કાર્ય હંમેશા પ્રકૃતિને આધીન હોય છે.

શિક્ષણક્ષેત્રમાં જ્ઞાતિજનો પ્રગતિ કરે, તે માટે કચ્છ ખાતે જે છાત્રાલયનું આયોજન કરવામાં આવ્યું હતું, તેને કોઈ કારણસર અમલમાં લાવી શકાયું નહીં.

વળી એક ગેરસમજ એ પણ ઊભી થઈ હતી, કે "જેમણે દેહશુદ્ધિ ન કરાવી હોય, તેવા સનાતનીઓ સાથે ખાવા-પીવાની છૂટ છે" આ વિધાનનો અવળો અર્થ કાઢીને કેટલાક લોકોએ એવું પણ માની લીધું, કે સતપંથીઓ સાથે પણ ખાવા પીવાના વ્યવહારોમાં છૂટ છે! જેને કારણે સનાતન ધર્મી અભિયાનમાં થોડી રુકાવટ આવી હતી.

સાથે જ જ્યાં જ્યાં ધાર્મિક કેન્દ્રો બન્યાં. ત્યાં સતપંથીઓના અત્યાચારોથી સનાતનીઓની રક્ષા કરવા અંગે પણ આર્થિક, કાયદાકીય કે સરકારી સહયોગ મેળવવા માટે કોઈ કાયમી વ્યવસ્થા ઊભી કરી શકાઈ ન હતી.

આ ઉપરાંત ગામોગામ સનાતનીઓને સંગઠિત કરવા યુવક મંડળો અને સમાજનું સંગઠન ઊભું થયું, પરંતુ તે સંગઠનોમાં પણ સતપંથીઓ કોઈકને કોઈક કારણસર અધિકૃત પદ પર રાખવામાં આવ્યા, જે આગળ જતા વિઘ્નરૂપ બન્યા, અને સનાતનની સમાજને તે જ કારણસર અનેક પરેશાનીઓનો સામનો કરવો પડ્યો.

વળી રતનશીભાઈ જેવા આગેવાનોએ પોતાના ઉદાર સહયોગથી આર્થિક યોગદાન ઘણું આપ્યું, અને અપાવ્યું. પરંતુ પ્રતિવર્ષ જ્ઞાતિજનો નિયમિત રીતે પોતાની અંગત જવાબદારીનો ખ્યાલ રાખીને, યથાશક્તિ સમર્પણ કરતા રહે તેવી કોઈ પરંપરા ઊભી કરવામાં ન આવી. તેને કારણે પણ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો...

ક્યાંક એવું પણ થયું, કે પીરાણા સતપંથની દમનકારી નીતિઓ અને અત્યાચારી કાયદાઓને કારણે જે પ્રજા સ્વતંત્રતા માટે તડપતી હતી, તે જ્ઞાતિને સનાતન સમાજમાં ખુલ્લી છૂટ મળી. પરંતુ તે છૂટ અથવા આઝાદીને લોકોએ વધુ પડતી છૂટ માની લીધી અને સનાતન ધર્મના રીતી રિવાજો, ક્રિયા-કર્મ, શાસ્ત્ર અધ્યયન, ઘરમાં પાળવામાં આવતા આચાર વ્યવહારો વગેરે માટે તેવા પરિવારોમાં ઉદાસીનતા રહેવા લાગી, અને ધર્મના મૂલ્યની પકડ મહદ અંશે શિથિલ થઈ.

આ બધું હોવા છતાં સાર રૂપે એટલું જરૂર કહી શકાય, કે રતનશી ખીમજીનો હાથ પકડીને સંત ઓધવરામજી મહારાજ દ્વારા જે માર્ગદર્શન, પ્રભાવ અને ભાવિ યોજનાઓ માટેનું અકલ્પનીય કાર્ય થયું, તે જ્ઞાતિજનો માટે ન ભૂતો ન ભવિષ્યતિ હતું.

# સોપાન 23

# પ્રબળ પુરુષાર્થનાં પરિણામો

જો સાર રૂપે કહીએ તો રતનશીભાઈ અને જ્ઞાતિ-સુધારક ટીમ દ્વારા નીચેનાં કાર્યો સફળતાનાં શિખરો સુધી પહોંચી ચૂક્યાં હતાં.

૧. ભગવાન લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ તરીકે સ્થાપિને હિંદુ ધર્મના મૂળ સાથે જ્ઞાતિને જોડી અને સંગઠિત કરવા માટે સનાતની કેન્દ્રીય સમાજની વ્યવસ્થા ઊભી કરી.

૨. સમાજ અને યુવક મંડળોની વ્યવસ્થા સર્જીને ગેઢેરાઓના જુલમી શાસન અને અધિકારો ઉપર અંકુશ લાવ્યા. જેના કારણે પીરાણા સતપંથની સત્તા નિર્મૂળ થઈ.

૩. ઉમિયા માતાજી, વાંઢાયનું મંદિર નિર્માણ કરાવીને જ્ઞાતિને ઊંઝાના કડવા પાટીદારો સાથે કાયમી સંકલિત કર્યા, અને ક્ષત્રિય કુળની ઓળખ સાથે અન્ય હિન્દુ જ્ઞાતિ પણ તેને સહેલાઈથી સ્વીકારવા લાગી.

૪. શિક્ષણ ક્ષેત્રમાં બોર્ડિંગ/ હોસ્ટેલની શરૂઆત વાંઢાય અને ધનસુરા ખાતે આરંભ કરાવી.

૫. દશોંદ અને લાગાઓ જેવા ફરજિયાત ધાર્મિક કરથી જે જ્ઞાતિ પાયમાલ થઈ હતી, તેને આર્થિક શોષણથી મુક્ત કરાવીને જ્ઞાતિની આર્થિક ઉન્નતિનો માર્ગ મોકળો કર્યો.

૬. જ્ઞાતિમાં અનેક હિન્દુ રીત રિવાજો શરૂ કરાવીને લોકોને એક તાંતણે બાંધ્યા. સમાજ વ્યવસ્થા અને પરિવાર વ્યવસ્થાને મજબૂત કરી. સતપંથી રીતિ-રિવાજોને કારણે જ્ઞાતિ તૂટીને અસ્તવ્યસ્ત ન બને, કે વિધર્મમાં ભટકી ન જાય, તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું. આમ જ્ઞાતિજનોમાં જ્ઞાતિ ગૌરવ નું પ્રસ્થાપન કર્યું.

૭. સનાતન ધર્મમાં આવી ગયા પછી તે પરિવર્તન ટકી રહે, તેવી વ્યવસ્થા ગોઠવી. ઉપરોક્ત સુધારાઓ એટલી મજબૂતીથી થયા કે ભલે રતનશીભાઈના "ઘર વાપસી અભિયાન" દરમિયાન બધા લોકોએ સતપંથનો ત્યાગ ન કર્યો, પરંતુ જે પ્રકારે સનાતનધર્મમાં જ્ઞાતિજનોનો પ્રવાહ શરૂ થયો તે એટલો જબરદસ્ત રહ્યો, કે જે લોકો બાકી રહી ગયા છે, તેમને પણ આ માર્ગ સ્વીકાર્યા વિના છૂટકો નહીં રહે.

૮. શિક્ષણ અંગે પ્રગતિ કરવા માટે જ્ઞાતિમાં એવું વાતાવરણ નિર્માણ થયું કે જ્ઞાતિના તમામ બાળકો ઉત્તમ અને ઉચ્ચ શિક્ષણ ગ્રહણ કરે. તેના વગર પ્રગતિ નથી.

૯. આ ઉપરાંત સનાતન ધર્મના આ અભિયાનને કારણે સામાજિક વ્યવહારો ઉપર ખૂબ જ પ્રભાવક અસર થઈ. સતપંથના શાસ્ત્રો અને રીતિ રિવાજોને દૂર કરવામાં આવ્યા, તેથી જ્ઞાતિજનોના તમામ સામાજિક વ્યવહારો હિન્દુ રીત મુજબ જ ઉજવાવા લાગ્યા, અને સૌને તેનું ગૌરવ પણ અનુભવાયું. સાથે અન્ય હિન્દુ સમાજ પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિજનોને હિન્દુ તરીકે જોતા અને સ્વીકારતા થયા.

૧૦. લોકતાંત્રિક પદ્ધતિથી 'કચ્છ કડવા પાટીદાર સનાતનની કેન્દ્રીય સમાજ'ની વ્યવસ્થા દાખલ થઈ, તેથી સતપંથી ગેઢેરાઓની કમર તૂટી અને જ્ઞાતિજનોમાં સ્વતંત્રતાનો આનંદ ફેલાવા લાગ્યો. જેમ જેમ ગેઢેરાઓની સત્તા શિથિલ થતી ગઈ, તેમ તેમ સમાજના આંતરિક કાયદાઓ અને વ્યવસ્થાઓ કેન્દ્રીય સમાજના મજબૂત અને સક્ષમ હાથોમાં આવતા ગયા. જેને કારણે કોઈ વ્યક્તિ પોતાના અંગત સ્વાર્થ માટે સત્તાનો દુરુપયોગ કરી શકતો નહીં.

૧૧. જ્ઞાતિ સુધારકોના હાથમાં જે નેતૃત્વ હતું, તે પણ ધીરે ધીરે સમાજ વ્યવસ્થાના ભાગરૂપે લોકતાંત્રિક પદ્ધતિથી પસંદગીના લોકોના હાથમાં આવતું ગયું, જેઓ જ્ઞાતિના ઉત્કર્ષ માટે હર હંમેશ પ્રયત્નશીલ રહેતા હોય!

૧૨. દશોંદ અને લાગાઓના પૈસા એકત્ર કરીને દર વર્ષે ગેઢેરાઓ કે કાકાઓ પીરાણા મોકલી આપતા, આમ સનાતન સમાજનું આર્થિક શોષણ કરવામાં આવતું, તે સનાતન ધર્મ થવાના કારણે બંધ થયું. અને લોકો પોતાની મરજી મુજબ આર્થિક દાન એકત્ર કરી પોતાના મંડળ કે ગામ કે જ્ઞાતિજનોની ઉન્નતિ માટે ઉપયોગમાં લેતા થયા.

પરિણામ આવ્યું કે સંવત 1832ના ઠરાવના માધ્યમથી જ્ઞાતિ- ઉદ્ધારક તરીકે જાતે જ પ્રસ્થાપિત થઈ ગયેલા પીરાણાના ગાદીપતિ કાકા અને સૈયદોને સનાતનની સમાજમાંથી સંપૂર્ણ રીતે બહિષ્કૃત કરવામાં આવ્યા. આ ઉપરાંત સમાજના અનેકવિધ સમાચારો એકબીજા સુધી પહોંચે, તે માટે પત્રકારત્વ ક્ષેત્રે પણ કેટલુંક કાર્ય કરવામાં આવ્યું. જોકે તે અંગે હજુ પણ ઘણું મોટું કાર્ય સંભવિત છે.

# સોપાન 24

## શિરછત્ર ગયું...

સખત પરિશ્રમના અંતે રતનશીભાઈનું શરીર જવાબ દેવા લાગ્યું હતું. છેલ્લાં અનેક વર્ષોથી સતત 1956 સુધી થયેલી દોડધામ પછી તેમના કાર્યને જાણે બ્રેક લાગવા માંડી. સમગ્ર શરીર સંધિવાને કારણે જાણે અક્કડ અને જરઠ બની ગયું હતું. જાતે ચાલવામાં પણ તેમને તકલીફ ઊભી થવા લાગી હતી. તેમને લાગતું કે હજુ શરીર સારું થાય તો દોડી-દોડીને ગામોગામ જઈ લક્ષ્મીનારાયણ દેવનાં મંદિરોનું નિર્માણ ચાલુ કરવું. ખાનાપંથીઓના 'ખાનાં' મંદિરોમાં પરિવર્તિત કરવાં, પરંતુ કચ્છમાં સારી સારવાર મેળવવી તે સમયે શક્ય ન હતું. આથી જ સ્વજન-પરિવારના આગ્રહથી તેમણે ફરી મુંબઈ આવીને રહેવાનું નક્કી કરી લીધું.

કોઈ સ્નેહીજન દ્વારા તેમને સમાચાર મળ્યા કે નિત્યાનંદ બાબાના આશ્રમ વજ્રેશ્વરીમાં સૂર્યકુંડ અને ચંદ્રકુંડ આવેલા છે જે ગરમ પાણીના કુંડ છે. ત્યાં જઈને સંતની આજ્ઞા મુજબ કુંડના પાણીથી સારવાર લો, તો સંધિવા ઊભો નહીં રહે. રતનશીભાઈએ તરત ત્યાં જવાનો નિર્ણય કર્યો.

ગરમ પાણી દ્વારા મળેલી સારવારથી ફાયદો તો જરૂર થયો. હવે જાતે જ મેડી ચડી શકે કે ઊતરી શકે તેટલી હદે તો શરીર વળતું થઈ ગયું હતું. જો કે ત્યાં રહ્યા, પણ પત્ર વ્યવહાર દ્વારા તેઓ કચ્છમાં કામ કરી રહેલા સાથીદારોને પુષ્ટિ, પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહેતા.

તેઓ વજ્રેશ્વરીમાં સારવાર હેઠળ હતા, તે દરમિયાન એક દિવસની વાત છે. ખુરશીમાં ગાદી મૂકીને નિરાંતે ટેકો દઈને આંખો મીંચી કશુંક વિચારી રહ્યા હતા, ત્યાં ખખડધજ બુટનો અવાજ તેમના કાને પડ્યો. આંખો ખોલી તેમણે કહ્યું: "એ કોણ? આવો..."

"દાદા," ટપાલીએ એક પત્ર તેમના હાથમાં મૂક્યો: "લો તમારો કાગળ...તમે જ રતનશી ખેતાણીને?"

"હા, હા.." પત્ર હાથમાં લેતા રતનશીભાઈના હાથ જરા ધ્રુજી રહ્યા હતા. આંખે ચશમાં માંડીને તેમણે એ પત્ર ખોલ્યો. જોયું તો સ્વયં ઓધવરામજી મહારાજના શિષ્ય દયાળદાસજી મહારાજનો પ્રાસાદિક પત્ર! તેમણે એ પત્ર મસ્તક પર ચડાવ્યો, અને વાંચવાની શરૂઆત કરી, જેમાં લખ્યું હતું...

"ઓધવરામજી મહારાજની આજ્ઞાથી સાધુ દયાળદાસજીના પ્રણામ વાંચશો.

"બીજું જણાવવાનું કે મહારાજશ્રી લખાવે છે કે રતનશીને માલુમ થાય કે મારો સમય નજીક આવી ચૂક્યો છે. મારી વિદાય થોડા સમયમાં જ નક્કી છે, અને મારી તમને પણ ભલામણ છે કે તમે પણ તૈયારી કરી લો. આપણે સાથે જ જવાનું છે..."

ગુરુના આ શબ્દોએ તેમને અંદર સુધી હચમચાવી નાખ્યા. તેમણે અહીં વજ્રેશ્વરીમાં જ પરિવારજનો અને અંગત મિત્રોને બોલાવી દયાળદાસજી દ્વારા લખેલ ઓધવરામજી મહારાજનો પત્ર સૌના હાથમાં મૂક્યો. વાંચીને સૌ કોઈ ચિંતાતુર બની ગયા. ધીરેથી રતનશીભાઈએ મિત્રો અને પરિવારને કહ્યું: "ગુરુનો આદેશ છે. વળી સંતના બોલ કદી ખોટા પડે નહીં. મારે પણ હવે જવાની તૈયારી કરવાની છે, પણ તમને પરિવારજનોને કે મિત્રોને બીજું શું કહું? હજી મારે છોકરાં નાનાં છે, તેને સંભાળી લેજો. હું તો હવે થોડા દિવસનો મહેમાન છું. પણ સંતના બોલ છે, તો વિલ બનાવી લેવાની ઇચ્છા થાય છે..."

મિત્રોએ તેમને સાંત્વન આપ્યું, અને કહ્યું: "એ દિવસને હજુ તો ઘણી વાર છે, અને વિલની વાત કરો છો, તે બધું અમે તૈયારી કરીને પાછા વજ્રેશ્વરી આવી જઈએ, નહીંતર પછી તમે મુંબઈ ચાલો."

રતનશીભાઈએ વિચારી લીધું કે આપણે જ મુંબઈ જવું યોગ્ય છે.

તેઓએ અહીં આવીને વિલ વગેરેની ગતિવિધિ શરૂ કરી, પણ કચ્છના આશ્રમમાં એક બીજી જ ઘટના આકાર લઇ રહી હતી...

અહીં બિરાજમાન ઓધવરામજી મહારાજને અચાનક વિચાર આવી ગયો, કે આ તો મેં ખોટું કર્યું! હજી તો રતનશીની ઉંમર પણ નાની, ને વળી સમાજમાં પણ તેની જરૂર છે, અને તેનાં છોકરાં પણ ક્યાં મોટા થયાં છે?

તેમણે તરત દયાળદાસજી મહારાજને બોલાવ્યા: "દયાળદાસ, કાગળ પેન લઈ લે."

"કોઈને પત્ર લખવો છે?

"હા રતનશીને, મુંબઈ.."

"પણ બાપુ, હજુ હમણાં જ તો તેમને લખ્યો છે."

ઓધવરામજી મહારાજે કહ્યું: "જે લખ્યું છે, તેમાં ફેરફાર કરવાનો છે. માટે જલદી લખ, ને આજેને આજે રવાના કરી દેજે.."

"જી મહારાજ." દયાળદાસજીએ કહ્યું, "બોલો." અને ઓધવરામજી મહારાજે ફરી લખાવ્યું કે "પ્રિય ભાઈ રતનશીને માલુમ થાય કે મેં તમને સાથે લઈ જવાની વાત કરી હતી, પણ તે અંગે ફિકર કરશો નહીં. જ્યાં સુધી તમારાં સંતાનો મોટાં નહીં થાય, ત્યાં સુધી તમારો વાળ વાંકો થશે નહીં. મારું તો જવાનું નિશ્ચિત છે. તેમાં ફેર નથી. પણ તમારે હજી ઘણી વાર છે.."

રતનશીભાઈની આંખો ભીની થઈ. જો કે આ પત્ર આવ્યો ત્યારે પરિવારની વ્યવસ્થા તો વિચારી લીધી હતી. સાથે સાથે જ સમાજની સેવા કરવા માટે હજી થોડો સમય છે, તેમ વિચારી તેમનું મન નિરાંત અનુભવવા લાગ્યું. બીજી તરફ એક વલોપાત પણ હતો, અને તે હતો, ઓધવરામજી મહારાજનું શિરછત્ર દૂર થઈ જવાનો!

અને અચાનક સંવત ૨૦૧૩ના પોષ સુદ બારસે, તા. 13-1-1957ના દિવસે બપોરે તેમને હૃદયવિદારક સમાચાર મળ્યા કે આજે ઓધવરામજી મહારાજ હવે સદેહે આપણી વચ્ચે નથી...અંતઃકરણથી તૂટી ગયેલા રતનશીભાઈની આંખોમાંથી જાણે આંસુનો દરિયો રેલાવા લાગ્યો.

તેઓ આંખોમાં આંસુ અને હૃદયમાં દર્દ સાથે જાતે જ વિચારી રહ્યા હતા કે

જો આ સંત ન મળ્યા હોત,

જો તેમની હિંમત, તેમનું માર્ગદર્શન ન હોત,

જો તેમણે આપેલો સૈદ્ધાંતિક માર્ગ, અને સંઘર્ષ દરમિયાન આપેલો સહયોગ ન હોત...

તો રતનશી ખીમજી ખેતાણીની શી મજાલ હતી કે આટલા વિરાટ કાર્ય માટે પોતે નિમિત્ત બની જાય!! તેમણે ઓધવરામજી મહારાજના ચરણોમાં દિવસો સુધી અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપ્યે રાખી હતી...

# સોપાન 25

# એ રતનની ચમકથી આજેય અજવાળાં ફેલાય છે....

થોડા સમય બાદ ફરી એક વાર રતનશીભાઈનાં શરીરમાં સંધિવાનું અસહ્ય દર્દ શરુ થયું. હવે ઉંમરને કારણે પણ તેઓનું શરીર સક્ષમ રહ્યું ન હતું. સંધિવાની અનહદ પીડાને કારણે તેમના આવનજાવન તો શું, પરંતુ સર્વ પ્રકારે તેઓના હલનચલન ઉપર પણ રૂકાવટ આવી ગઈ હતી. ઘર બહાર દૂર સુધી જવાનું અશક્ય બનતું જતું હતું. તેઓ ઘાટકોપરમાં આવેલી પોતાની દુકાનમાં જ એક પલંગ પર બેસી રહેતા. તેમને મળનાર મુલાકાતીઓનો તાંતો સતત ચાલુને ચાલુ રહેતો. તેમનું માર્ગદર્શન મેળવીને, તેમની ખુમારીભરી વાતો સાંભળીને અનેક લોકોએ સતપંથને અલવિદા કરી હતી.

એમની વિશેષતા જ એ હતી કે જો કોઈ સતપંથ પીરાણાને વળગી રહ્યા હોય તો પણ તેમની સાથે કોઈ દ્વેષ કે અલગાવ ન રાખવો પરંતુ સનાતની જનોની ખુમારી અને મક્કમતા ટકી રહે તેવી ધારદાર શૈલીથી સનાતન ધર્મ તરફ સમજણ કેળવતા જવું.

આમ જોવા જઈએ તો સંત ઓધવરામજી મહારાજની છત્રછાયા ગયા પછી અને સ્વાસ્થ્યની સાનુકૂળતા ન હોવાને કારણે જ્ઞાતિ-સુધારણાના તેઓના કાર્યમાં ગતિ થોડી ધીમી પડી હતી, પરંતુ તેમણે રોપેલાં સનાતન વૈદિક ધર્મની અસ્મિતાનાં બીજ એટલા ઊંડાં હતાં કે તેમણે તૈયાર કરેલ યુવાનેતાઓએ આ ચળવળને ધીરે ધીરે વિશેષ ગતિ આપી. ગાદી પર આવેલા સંત દયાળદાસજી મહારાજનો એટલો પ્રભાવ ન રહ્યો પરંતુ આવાં તમામ પરિબળો હોવા છતાં ધર્મ જાગૃતિનું કાર્ય અવિરત ચાલતું રહ્યું....

તેઓની દુકાન અને બેઠક પણ સનાતન ધર્મના ઉત્કર્ષ માટેનું કેન્દ્રબિંદુ બની રહી હતી. 'બી.એમ.વાય. 9030' એમની નાનકડી 'બેબી હિન્દુસ્તાન'ગાડીનો નંબર. જ્યારે ક્યાંક દૂર જવાનું થાય, ત્યારે આ ગાડીનો તેઓ સહર્ષ ઉપયોગ કરતા.

દૂરથી જ આ ગાડી આવતી જોઈને સનાતન ધર્મી પાટીદારો ઉમળકાભેર તેમને વધાવવા દુકાન કે ઓફિસ છોડીને રસ્તા પર આવી જતા. ત્યાં પણ લથડતી તબિયતે તેઓની સનાતન ધર્મ પ્રચારની મીટીંગો અને પ્રેરણાઓ ચાલુ હતી. સંધિવાની સખત બીમારીને કારણે પથારીવશ થઈ ગયા, છતાં દરરોજ દુકાને આવતા, વ્હીલચેર પર બેસી સવારથી સાંજ સુધી ત્યાં પણ ધ્યાન આપતા.

રતનશીભાઈનું નેતૃત્વ માત્ર તેમના વકૃત્વના કારણે નહીં, પરંતુ તેમના પ્રામાણિક અને નિ:સ્વાર્થ વ્યવહારના કારણે સર્વમાન્ય બની ચૂક્યું હતું, આથી જ તો તેઓ કચ્છ કડવા પાટીદાર સમાજની જવાબદારીની સાથે સાથે જ **"ઘાટકોપર વેપારી મંડળ"ના** સ્થાપક પ્રમુખ તરીકે પણ લોકમાન્ય બન્યા હતા.

માત્ર સમાજ સેવાના ભાગરૂપે તેમણે **"ઘાટકોપર સ્મશાન ગૃહ"ના ટ્રસ્ટી** તરીકે પણ જવાબદારી નિભાવી. જ્યારે પોતે દુકાને હાજર હોય અને કોઈ મૃતકના આપ્તજન ગરીબીને કારણે અગ્નિસંસ્કારનો ખર્ચ ઉઠાવી શકે તેમ ન હોય, તે સહજ ભાવથી રતનશીભાઈ પાસે દોડી આવતા. તેમની વાત ધીરજપૂર્વક સાંભળીને રતનશીભાઈ નાતજાત જોયા વિના તેમની જરૂરત પારખીને તાત્કાલિક નિ:શુલ્ક લાકડાં આપવા માટેની ચિઠ્ઠી પળવારમાં લખી આપતા. અને તે જરૂરતમંદોનું કામ તરત થઈ પણ જતું...

આશ્ચર્યની વાત તો એ હતી કે કચ્છના મોટાભાગના કડવા પાટીદારોનાં ગામોગામ સનાતન ધર્મનો શંખનાદ ફૂંકનાર આ ધર્મના મહારથીએ ધંધો, મકાન, પ્રોપર્ટી, દુકાન કે અન્ય વ્યવહારિક બાબતોને જરા પણ ગૌણ કર્યા વગર, પરિવાર માટે એક મજબૂત બુનિયાદ નાખી દીધી.

આમ અધ્યાત્મ માર્ગે ચાલીને અને હજારોને તે માર્ગ પર ચલાવીને તેમણે મોક્ષમાર્ગ માટે "કચ્છ કડવા પાટીદાર સમાજ"ને સત્યના માર્ગે પ્રશસ્ત કરી દીધો. તો બીજી તરફ પોતાના પરિવારને પણ આગામી સમયમાં કોઈ વ્યવહારિક સંઘર્ષ ન કરવા પડે, તેને માટેની વ્યવસ્થા પણ કરી દીધી.

છેક સને 1956ના અંતે મળેલા ઓધવરામજી મહારાજના આશીર્વાદ પછી તેઓ સન 1970 સુધી સમાજની સેવામાં નિમગ્ન રહ્યા.

## સોપાન 25 એ રતનની ચમકથી આજેય અજવાળાં ફેલાય છે....

તા. 28-9-1970ના રોજ આ સનાતની સિંહે જ્યારે ધરતી પર અંતિમ શ્વાસ લીધો, ત્યારે આખા કડવા પાટીદાર સમાજ પરથી જાણે એક સ્થિર અને શીતળ છત્ર જેવો છાયો વિદાય થઈ ગયાનું દુઃખ એકે એક વ્યક્તિના રુદનમાં પડઘાતું હતું.

નાની એવી જિંદગીમાં વિરાટ કામ કરી જવાનો અવસર તો અનેકને સાંપડે છે, પરંતુ તે અવસરને પારખીને, તે અવસરને ઝીલીને અને તે જ અવસરને સમાજહિત માટે મંગલમય રાજમાર્ગ બનાવી દેવાનું વિરલ વ્યક્તિત્વ પરમાત્મા કોઈક જ મહારથીને સમર્પિત કરે છે.

સંત ઓધવરામજી મહારાજના માર્ગદર્શનથી તેમણે જ્ઞાતિજનોમાં ‘ઘર વાપસી’નો જે શંખનાદ ફૂંક્યો, તે મહાઅભિયાન પ્રતિપળ મજબૂત થતું ગયું. અંદાજે 95% જ્ઞાતિજનોએ ધીરે ધીરે સતપંથની ચુંગાલમાંથી નીકળીને વૈદિક સનાતન ધર્મને અંગીકાર કર્યો હોય, તો તેનો યશ રતનશીભાઈ ખેતાણીને ચરણે જ અર્પણ કરી શકાય. રતનશીભાઈ એ સાચા અર્થમાં એક મહારથી હતા, સમય કરતાં દૂરનું જોનાર મહાન આર્ષદૃષ્ટા હતા. અને “કડવા પાટીદાર સમાજ”નું રતન હતા. એ રતનની ચમકનાં અજવાળાં આજેય સમાજના ખૂણે ખૂણે ફેલાયેલાં જોવા મળી રહ્યાં છે....

સમર્પિત સમાજશિલ્પી એવા આ વિરલ વ્યક્તિત્વના ચરણોમાં કોટી કોટી વંદન...









શ્રી રતનશી ખીમજી ખેતાણી



## વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીનો હાલનો પરિવાર

ડાબેથી જમણે : મિતાલી, ભક્તિ, ભૂષણ, હિંમતભાઈ, ચંદ્રકાંતભાઈ, રેણુકાબેન, રિયા, વિધિ, દમયંતીબેન, હેમલતાબેન, કમલેશભાઈ, જીજ્ઞેશ, જતન, નંદિનીબેન, કનુભાઈ, પહેલ, હેમાંગ, પીયુષ, સિદ્ધિ, નમ્રતા, ચિંતન, પરમ, હેતલ

"સનાતન સમાજના શિલ્પી શ્રી રતનશીબાપાએ ઓધવરામ મહારાજ પાસેથી પ્રેરણા તથા આશીર્વાદ મેળવી સમાજ સુધારણા માટે તત્કાલીન ધાર્મિક માંગ પ્રમાણે ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને સ્વીકારી લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ કાર્યના અનેક અંતરાયોનો સામનો કરીને રતનશીબાપા ખેતાણી આધાર સ્તંભ બન્યા. જ્ઞાતિના ધર્મભ્રષ્ટ ગેઢેરાઓ સામે મોરચો માંડીને પડકારોની પરવાહ કર્યા વિના પોતાના ધ્યેયસિદ્ધિ તરફ આગળ વધતા રહ્યા."





**શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી**
**અને**
**શ્રી પુરુષોત્તમભાઈ રવજીભાઈ ભગત**



"વિરાણી મોટી ગામની ધરતી રસાળ છે, ફળદ્રુપ છે. એની માટીમાં સમાજ સેવાની સોડમ છે. આ ભૂમિએ આપણી સમાજમાં ધાર્મિક ક્ષેત્રે સનાતની જાગૃતિનો શંખનાદ ફૂંકાયો, ત્યારથી સમયાંતરે આજદિન સુધી શ્રેષ્ઠ સમાજસેવકોની હારમાળા કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના ચરણેધરી છે. અમારા નાનકડા ગામને સમગ્ર ભારત ભરના આપણા સામાજિક નકશા પર આ નરવીરોએ ઉજળું અને ઝળહળતું કર્યું છે."

**શ્રી લખમશીભાઈ વિશ્રામભાઈ તેજાણી (દિવાણી)**

"સામાજિક ક્ષેત્રે સંકુચિત અને ધર્મના ક્ષેત્રે સ્વધર્મથી વિમુખ થયેલી દિશાહીન સમાજને સાચી દિશા આપવા અને ધર્મભ્રષ્ટ આગેવાનોની ચુંગાલમાંથી જ્ઞાતિજનોને મુક્ત કરવા અસામાન્ય સંજોગોમાં અનેકવિધ પડકારોનો સામનો કરી સતત ઝઝુમ્યા છે."



**શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી**



"આ પુસ્તક એક ક્રાંતિકારીનું જીવનચરિત્ર પૂરતું નથી, પણ એ સાક્ષ્ય છે ઇતિહાસને આકાર આપનાર વિચારોમાં રહેલી અજબ શક્તિઓ અને વ્યક્તિઓમાં છૂપી ક્ષમતાઓનું. સનાતન ધર્મના નામે ચલાવનાર અધર્મ કે વિધર્મને સામે પડકાર આપવા લોકોને આહવાન કરતું આ પુસ્તક છે."

**CA પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા**